सद्विद्या

શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ

—**** સાર્ધશતાબ્દિ મહોત્સવ વિશેષાંક ****—



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-રાજકોટ.

અનુક્રમણિકા

સાર્ધશતાબ્દિ મહોત્સવની કંકોત્રી

રાધારમણ રસિક વ્રજચંદ સ. બ્રહ્માનંદ સ્વામી ૧

શ્રી રાધારમણદેવની સ્તુતિ

સ. બ્રહ્માનંદ સ્વામી ૨

અહ્યર્થના સ. શા. શ્રી ધર્મજીવનદાસ સ્વામી ૩

સાર્ધ શતાબ્દિ મહોત્સવ મહેન્દ્ર નંદલાલ શેલત ૪

રાધારમણ દેવની સ્થાપના પુ. પ્રેમપ્રકાશદાસજી ૯

જીરણગઢમાં મંદિર પુ. જ્ઞાનસ્વરૂપદાસજી ૧૯

સેવાથી રીઝ્યા શ્રી હરિ સ્વા. રામકૃષ્ણદાસજી ૨૪

શ્રી જીર્ણદુર્ગ મહિમા રાજકવિ માવદાનજીભાઇ ૨૭

ઉદ્ધવમતનું ઉદ્ભવસ્થાન સહતંત્રી ૩૧

અમર અધ્યાત્મવારસો શ્રી હીરાલાલ ઠક્કર ૩૫

સંકલ્પો સિદ્ધ કર્યા સા. પ્રભુચરણદાસજી ૪૧

પુણ્ય ભૂમિનો પ્રતાપ જબરદાન એ. બારોટ ૪૩

ગાંધર્વને ત્યાગી દીક્ષા સા. ઘનશ્યામજીવનદાસ ૪૬

સભામંડપનું નિર્માણ હરિલાલભાઇ જોષી ૪૮

મહોત્સવોની પરંપરા ગિરધરલાલ પટેલ ૫૦

દોઢસો વર્ષનો મહોત્સવ એલ. એન. શુકલ ૫૬

દર્શનીય સ્થળ પાર્ષદ કનુભગત ૫૭

જુનાગઢમાં શ્રીજી પ્રસાદીના સ્થળો અને વસ્તુઓ ૬૦

ત્રિવેણી.... –મહેન્દ્ર નંદલાલ શેલત ૬૪

સત્સંગ પ્રચાર... લક્ષ્મીનારાયણદાસ ત્રીજું પૂઠું

વર્તનમાં પરિવર્તન... મહેન્દ્ર શેલત ચોથું પૂઠું

ફોટાને સૂત્રો

ઉપરની વાચન સામગ્રી સાથે શ્રી રાધારમણદેવ, શ્રી રણછોડ ત્રિકમજી અને સિદ્ધેશ્વર મહાદેવ વગેરેના ફોટા આપ્યા છે ને પાને પાને સ્વામીની વાતોની પ્રેરક પ્રસાદી સૂત્રો રૂપે પીરસાઈ છે.

ચિંતન

મહોત્સવ પ્રસંગે શ્રીજી સમયના સમૈયા સંભારી, જીવનને ઉન્નત બનાવીએ; સત્સંગના સિદ્ધાન્તાનુસાર વર્તવાનો સંકલ્પ સેવીએ !

નિવેદન

પરમકૃપાળુ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપા અને 'સદ્વિદ્યા સદ્ધર્મ રક્ષક' પ. પૂ. સદ્. શા. સ્વામી શ્રી ધર્મજીવનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી જૂનાગઢ શ્રી રાધારમણ દેવના સાર્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે સદ્વિદ્યાનો આ વિશિષ્ટ અંક સત્સંગ સાહિત્ય સેવામાં સાદર પ્રગટ કરીએ છીએ, તેની પાછળ આ મહોત્સવ પ્રસંગે ઉપયોગી માહિતીની સાથે સાથે સહુને સત્સંગની પુષ્ટિ વૃદ્ધની મંગલ પ્રેરણા મળી રહે એજ નિષ્કામ ભાવના સેવેલી છે.

આ અંક વિષે અમે કંઈ નહિ કહીએ. વાંચકો પોતાના અભિપ્રાય જણાવશે તો સાભાર આવકારીશું. ઉતાવળમાં તૈયાર કરેલા આ અંકમાં જે કંઇ ક્ષતિ રહી ગઈ હોય તે વાંચકો ઉદાર દિલે ક્ષમ્ય ગણશે અને સદ્વિદ્યા દ્વારા સત્સંગ સાહિત્યની વધુ સેવા કરવાનું બળ મળે તેવા સહુ શુભાશિષ આપે એજ પ્રાર્થના.

–તંત્રી–સહતંત્રી

સદ્વિદ્યા લવાજમ

દેશમાં વાર્ષિક રૂા. ૫–૦૦ આ જીવન દેશમાં રૂા. ૧૦૧–૦૦ :– શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ ૪ **આ અંકની કિંમત રૂા. ૨–૦૦**

નવા ગ્રાહક થનારને આ વિશિષ્ટ અંક સ્ટોકમાં હશે ત્યાં સુધી મળશે. હવે જુલાઇની પહેલી તારીખે અંક પ્રસિદ્ધ થશે.

તંત્રી : મહેન્દ્ર નંદલાલ શેલત સહતંત્રી : સાધુ લક્ષ્મીનારાયણદાસજી

પ્રકાશક અને માલિક શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાવતી મહેન્દ્ર નંદલાલ શેલત : પ્રીન્ટર–શ્રી સ્વા. ગુરુકુલ મુદ્રણાલય

પ્રકાશક અને મુદ્રણસ્થાન શ્રી સ્વા. ગુરુકુલ, રાજકોટ–૪. પીન કોડ નં. ૩૬૦૦૦૪ તા. ૧–૫–૭૮

। श्री स्वामिनारायणो विजयतेतराम् ।

શ્રીજી મહારાજે સ્વહસ્તે પધરાવેલ શ્રી રાધારમણદેવ

સાર્ધશતાબ્દિ મહોત્સવ જુનાગઢ

નિમંત્રણ પત્રિકા

વાણી મઙ્ગલ રુપિણી ચ હસિતં યસ્યાસ્તિ વૈ મઙ્ગલમ્ । નેત્રે મઙ્ગલ દે ચ દોર્વિલસિતં નૃણાં પરં મઙ્ગલમ્ ॥
વક્ત્રં મઙ્ગલકૃચ્ચ પાદચલિતં યસ્યાખિલં મઙ્ગલમ્ । સોઽયં મઙ્ગલમૂર્તિરાશુ જગતો નિત્યં ક્રિયાન મઙ્ગલમ્ ॥

સોહામણા સોરઠ દેશમાં, ગિરનારની ગોદમાં આવેલા પુરાતન તીર્થસ્થાન જુનાગઢમાં ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણે સંવત ૧૮૮૪માં સ્વહસ્તે શ્રી રાધારમણદેવ તથા રણછોડ ત્રિકમરાય અને સિધ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી,** તેનો દોઢસો વર્ષનો પાટોત્સવ સંવત ૨૦૩૪ના વૈશાખ વદ ૨ ને બુધવાર તા. ૨૪-૫-૭૮ના રોજ ભવ્ય રીતે ઉજવવા માટે સંત-હરિભકતોએ આયોજન કરેલ છે. સાથે સાથે તૈયાર થયેલ નવ્ય ભવ્ય વિશાળ, "અ. મુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી સભામંડપ"નું મંગલ ઉદ્‌ઘાટન રખાયેલ છે. આ પ્રસંગે મહાવિષ્ણુયાગ ષોડશોપચારે વેદોકત વિધિથી દેવનો અભિષેક, સમુહ પુજા અને શિક્ષાપત્રીભાષ્યની પારાયણ થશે.

૧ હોમાત્મક મહાવિષ્ણુયાગના મુખ્ય યજમાન મુંબઈના એક હરિભકત રહેશે.

૨ દેવોનો અભિષેક વસ્ત્રાભુષણ તથા અન્નકોટ મુંબઈ નિવાસી શેઠ શ્રી ચંપકલાલ રાયચંદભાઈ ગોસલીયા તરફથી થશે.

૩ શ્રીજી સ્વરૂપ શિક્ષાપત્રી ભાષ્યની કથા જેતપુરના હરિભકતો તરફથી અ નિ. સ. કો. શ્રી નારાયણવલ્લભદાસજીની સ્મૃત્યર્થે થશે. (હઃ પુ. અક્ષરવલ્લભદાસજી) અને તેના વકતા મહામહોપાધ્યાયાદિ પદવી વિભુષિત વિદ્વતવર્ય સ. શા. શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય રહેશે.

૪ મહાવિષ્ણુયાગના આચાર્યસ્થાને જામનગરના વેદપુરૂષ શાસ્ત્રી શ્રી મહાશંકરભાઈ ત્રિવેદી રહેશે.

૫ આ મહાવિષ્ણુયાગના ઉપયજમાન સ્થાને નીચેના યજમાનો રહેશે.

૧ ઉમરેઠ નિવાસી અ. નિ. પ. ભ. નાથજીભાઈ શુકલના મુખ્ય શિષ્ય નડિયાદ નિવાસી પ. ભ. શ્રી ઈશ્વરલાલભાઇ પંડયા (મોટાભાઈ).

૨ મુંબઈ નિવાસી પ. ભ. શેઠ શ્રી માણેકચંદભાઈ માધવજીભાઇ ગાંધી.

૩ જામનગર નિવાસી પ. ભ. શેઠ શ્રી ભરતભાઈ રતીભાઈ કામદાર

૬ આ યજ્ઞમાં પાટલાઓ નોંધાવેલ સામુહિક યજમાનો આ મહાવિષ્ણુયાગના યજમાનો તરીકે પુજનમાં બેસશે.

૭ આ મંગલ અવસરે વડતાલ નિવાસી પ. પૂ. ધ. ધુ. આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ **શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ** પધારશે.

યજમાન તરીકે ભાગ લેનાર તમામ હરિભકતોએ વૈશાખ સુદ ૧૪ તા. ૨૧-૫-૭૮ના રોજ અવશ્ય આવી જવું. આ મહોત્સવમાં ઘણા ઉત્સાહ સાથે સેવા કરનાર વડતાલ નિવાસી પ. ભ. શ્રી કાનજીભગત તરફથી સચિત્ર શિક્ષાપત્રી પ્રદર્શનનું આયોજન કરાશે.

ઉપરોકત શુભ પ્રસંગે દેવદર્શન, કથાશ્રવણ તથા યજ્ઞનારાયણનાં દર્શને પધારી અલભ્ય લાભ લેવા આપ સહુ ભાવિક ભકતજનોને અમારું ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

-: કાર્યક્રમ :-

શનિવાર	શ્રી શિક્ષાપત્રી ભાષ્યની પારાયણનો પ્રારંભ સાંજના ચાર વાગ્યે.
તા. ૨૦-૫-૭૮	કથા શ્રવણનો સમય સવારે ૮ થી ૧૧ અને સાંજના ૩॥ થી ૬॥
સોમવાર	યજમાનોની દેહ શુદ્ધિનો વિધિ સવારે ૮ વાગ્યે.
તા. ૨૨-૫-૭૮	
મંગળવાર	મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયું સવારના ૮ વાગ્યે. સાંજના ચાર વાગે
તા. ૨૩-૫-૭૮	મહાભિષેક જળયાત્રા રાત્રિએ શાસ્ત્રીય સંગીત તથા પ્રવચન વિ. કાર્યક્રમો.
બુધવાર	સવારના ૪॥ વાગ્યે મંગળા આરતી, ૫-૩૦ અભિષેક દર્શન, ૯ વાગ્યે
તા. ૨૪-૫-૭૮	શણગાર આરતી અને કથા સમાપ્તિ ૧૦ વાગ્યે યજ્ઞ પૂર્ણાહુતિ.

૧ યજ્ઞપુજન વિધિને માટે લોટો-ગ્લાસ, નાનીથાળી, ચમચો, રૂમાલ યજમાનોએ સાથે લાવવા.

૨ ઉત્સવમાં આવનાર દરેક હરિભકતે પોતાની સગવડતા જળવાય એ રીતે એક શેત્રંજી અને લોટો પ્યાલો તથા મજબૂત તાળું સાથે લાવવા.

લિ.

શ્રી સ્વામિનારાયણ મંદિર,
જુનાગઢ.
પીન નં. ૩૬૨૦૦૧
ફોન નં. ૪૪૭

જુનાગઢના સમસ્ત ત્યાગી મંડળ તથા સમસ્ત હરિભકતો વતી જુનાગઢ રાધારમણદેવ સાર્ધશતાબ્દિ મહોત્સવ સમિતિના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

જુનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી હરિકૃષ્ણ મહારાજ શ્રી રાધારમણદેવ

। श्री स्वामिनारायणो विजयतेतराम् ।

सद्विद्या

श्री सद्गुरु शास्त्री धर्मजीवनदासजी संस्थापित अने संचालित
श्री स्वामिनारायण गुरुकुलनुं मुखपत्र

आद्यतंत्री : अ. नि. त्रिभुवनभाइ गौरीशंकर व्यास

मानद् तंत्री : महेन्द्र नंदलाल शेलत ❀ सहतंत्री : स्वामी लक्ष्मीनारायणदास

वर्ष : २७] चैत्र २०३४ मे [अंक : ५

राधारमण रसिक व्रजचंद

राधारमण, रसिक व्रजचंद, राधारमण रसिक व्रजचंद,
मंद हसत मुख बेन मनोहर, कमळनयन केवळ सुखकंद–राधा १

कीनो भाल तिलक केसरको, ढाल बने उरचाल गयंद.
जाके गुन शेषादिक गात. निरखत वदन मीटत भवफंद–राधा २

व्रज प्रगटे व्रजराज विहारी, कंसादिक अघ असुरनिकंद.
करी करी हरख दरशके कारण, अमर सहित आवत चली इंद–राधा ३

गो गोपी गुलतान भये सुनी, गहरे स्वर गावत गोविन्द.
वारमवार राधा वरके पर, बल बल जावत ब्रह्मानंद–राधा ४

શ્રી રાધારમણદેવની સ્તુતિ

દોહા

રહો અંતર રાધારમન, સુંદરવર ઘનશ્યામ
ભવજલ પાર ઉતારહી, નિગમ સાર જેહી નામ

હરિગીત છંદ

જેહિ નામ આધા,ગયંદ સાધા, જલ અગાધા અંતરે
જબ ઝુડ આધા, કરિય હાધા, શરણ લાધા અનુસરે
મિટ ગઈ ઉપાધા, ચેન બાધા, બંધદ્દાધા ધાકરી
જય રમનરાધા મિત્રમાધા હરન બાધા શ્રીહરિ–૧

વસુદેવ દ્વારે દેહધારે, ભારટારે ભોમકે
સુર કાજ સારે, સંતતારે, દ્વેશીમારે હોમકે
સુરપતિ હુંકારે મેઘબારે બ્રજ ઉગારે ગિરિધરી
જય રમનરાધા મિત્રમાધા હરન બાધા શ્રી હરિ

બકલીનપ્રાના સકટભાના, જગતજાના જોર હૈ,
બ્રજ હો તુફ્રાના વ્યોમતાના કંઠહાના દોર રે;
અતિસે મુંઝાના મૃત્યુમાના કરિબિછાના શિલપરી
જય રમનરાધા મિત્રમાધા હરન બાધા શ્રી હરિ

રાધાસુગોરી વય કિશોરી સાંજ ભોરી નિસરી,
તબ આતદ્દોરી અંગખોરી દ્વાનચોરી શિરધરી;
કરિદ્રગ કઠોરી જોરજોરી બાંહ મોરી બલ કરી,
જય રમનરાધા મિત્રમાધા હરન બાધા શ્રી હરિ–૪

મુરલી બજૈયા ગોપ રૈયા લાર ગૈયા બનફીરે,
બલદેવ ભૈયા સંગલૈયા બ્રજકનૈયા બીચરે;
બલિ જાતમૈયા નૃતકરૈયા કહત થૈયા ફરીફરી
જય રમનરાધા મિત્રમાધા હરન બાધા શ્રી હરિ–૫

નટવર તરંગી ચાલચંગી નવરંગી નાથજું,
લટકે કલંગી માનતંગી જીતજંગી હાથજું,
તન તે ત્રિભંગી ગોપસંગી ત્રિય ઉમંગી ધક્ષરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૬

પુતના જયું મારી નથ્યોકારી ધેનુચારી પ્રીતસે
ત્રિયગોપતારી વ્રજવિહારી રમન ન્યારી રીતસે;
દ્વિજ દેવનારી સમજસારી અચલયારી અનુસરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૭

અહિ નથ્યોકાલા જહરબાલા સહિતતાલા નૃત કરે
વિષ તોય ટાલા જીયત બાલા હરિ કૃપાલા નજજરે
ગલ ફુલ માલા સંગવાલા બાતલાલા બંસરી,
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૮

વ્રજ કે વિલાસી પ્રેમપ્યાસી વદન હાંસી મંદ જયું
જુધ કે અધ્યાસી દુષ્ટનાસી જન પ્રકાશી ચંદ જયું
રસ રૂપ રાસી નિત હુલ્લાસી અરણ્યવાસી ત્રિયતરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૯

પ્રેમી ખજીના રંગભીના તિલકદીના ભાલજું
વસુ કોપકીના જાનદીના રાખીલીના ગ્વાલજું
જા કે અધિના લોકતીના પ્રવીના સર્વોપરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૧૦

વ્રજનારવાલી મુકતમાલી નયન લાલી રેખ હૈ
ફની દમ્યોકાલી કરિ બેહાલી ત્રિય ઉતાલી દેખ હૈ;
દહકીન બાલી પીરટાલી ચરિત ભાલી શ્રી વરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૧૧

બનમેં બિલાસા હોહુલાસા રમતરાસા રંગમેં
કુલ દ્વૈતનાસા કરીતમાસા અતિ ઉજાસા અંગમેં
મુનિ બ્રહ્મદાસા રખોપાસા દરશ આશા ઉરખરી
જય રમનરાધા મિત્રમાધા હરનબાધા શ્રી હરિ–૧૨

અભ્યર્થના

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે ગિરિરાજ ગિરનારની છત્રછાયામાં સર્વજીવ પ્રાણીમાત્રના આત્યંતિક કલ્યાણના હેતુથી જૂનાગઢમાં મહા મંદિર રચાવી, **શ્રી રાધારમણદેવ આદિ દેવોની** સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી છે; તેને સંવત ૨૦૩૪ના વૈશાખ વદ ૨ (બીજ)ના મંગળ દિને સાર્ધ શત વર્ષ પૂરાં થતાં જૂનાગઢ મંદિરને આંગણે સાર્ધ-શતાબ્દિ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે તે પુનિત પ્રસંગે **સદ્‌વિદ્યાનો આ વિશેષાંક** સત્સંગ સમક્ષ મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

અગાઉના વર્ષની જેમ જાન્યુઆરી '૭૮માં સદ્‌વિદ્યાનો વિશેષાંક કાઢવાની વિચારણા ચાલી રહી હતી ત્યારે પ. ભ. શ્રી મહેન્દ્રભાઇ શેલત તથા સ્વામી લક્ષ્મીનારાયણદાસજી જૂનાગઢ મંદિરના દોઢસો વર્ષના મહોત્સવ પ્રસંગે તેને અનુરૂપ સદ્‌વિદ્યાનો વિશેષાંક પ્રસિદ્ધ કરવાનો પ્રસ્તાવ લઇને આવ્યા. મને જૂનાગઢ મંદિર માટે અને શ્રી રાધારમણદેવ માટે હૃદયથી સહેજે ખેંચાણ રહે. તેની પ્રસંગોપાત્ સેવા કરવાનોય ભાવ થયા કરે છે. આ પ્રસંગે શ્રીજી કૃપાથી ઉપર મુજબ સવિશેષ સેવારૂપે સાર્ધ શતાબ્દિ વિશેષાંક પ્રસિદ્ધ કરી સત્સંગ સાહિત્ય સેવા કરવાનું નક્કી કર્યું.

અંકની તૈયારી છેલ્લા માસથી જ શરુ કરી છતાં તેમાં જૂનાગઢ મંદિર નિર્માણનો ઇતિહાસ, મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, જૂનાગઢના શ્રીજીના લીલા ચરિત્રો અને દિવ્ય પ્રસંગો તથા પ્રાસંગિક લેખો અને પ્રસાદીના સ્થાનો અને પ્રસાદીની ચીજ વસ્તુઓ વગેરે શક્ય માહિતીથી સભર આ વિશેષાંક જૂનાગઢના આ પ્રસંગે સર્વ ભાવિક જનોને જરૂર ઉપયોગી અને પ્રેરણાદાયી થઈ પડશે એવી આશા છે.

વિશેષમાં જૂનાગઢ મંદિર તરફથી આ મહોત્સવની કંકોત્રી સદ્‌વિદ્યામાં ખાસ છપાવા આવી છે તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

પરમ કૃપાળુ શ્રી રાધારમણ દેવ સહુને સત્સંગના નિયમ પાલનનું અને ભજન ભક્તિનું વિશેષ બળ અર્પે અને સંપ્રદાયનું ગૌરવ વધારવાની પ્રેરણા પ્રાપ્ત થાય એજ આ મંગલ મહોત્સવ પ્રસંગે અભ્યર્થના.

સં. ૨૦૩૪ અખાત્રીજ
તા. ૧૦-૫-૭૮

લિ. **શાસ્ત્રી ધર્મજીવનદાસના**
સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ,

તંત્રી સ્થાનેથી.....

સાર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે

—મહેન્દ્ર નંદલાલ શેલત

હિમાચ્છાદિત નગાધિરાજ હિમાલયના ઉન્નત શિખરો ઉપરથી ઉદ્‌ભવ પામેલો ગંગાનો શીતળ શાંત પ્રવાહ, ખળખળ કરતો અસ્ખલિત રીતે વહેતો રહી, અનેક જનને પાવન કરી પવિત્રતાનાં પુણ્ય વારિ છાંટતોજ રહ્યો છે. પરાત્પર ભગવાન શ્રી સ્વામિનારાયણ છેક અક્ષરધામથી પૃથ્વીલોકમાં પધારી, એવો આત્યંતિક કલ્યાણનો અનેરો પ્રવાહ વહાવી ગયા કે એ વણથંભ્યો વહ્યાજ કરે, અનેક માનવીનાં અંતર શુદ્ધ કરી પરમપ્રાપ્તિના પુનિત પંથે વાળતો રહે.

આત્યંતિક કલ્યાણના પ્રવાહ માટે ભગવાન શ્રી હરિએ કરેલી દીર્ઘદૃષ્ટિ ભરી વ્યવસ્થામાં મંદિર નિર્માણને મૂર્તિ પ્રતિષ્ઠા, શિક્ષાપત્રી આદિ સત્શાસ્ત્રોની રચના ને આચાર્ય સ્થાપના એ મુખ્ય છે ને તેમાંય મંદિર નિર્માણને મૂર્તિપ્રતિષ્ઠા એ પાયાની મુખ્ય બાબત છે. આમ દીર્ઘકાળ પર્યન્ત મોક્ષ માર્ગે વિના વિઘ્ને મુમુક્ષુઓ ગમન કરી શકે તેવી સંતોષપૂર્ણ સુવ્યવસ્થાની વાત કરતાં સ. નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે :-

"કહેવા રાખ્યું નથી કેડે કાંઇરે,
જાવા મોક્ષના મારગ માંઈ રે."

તથા સદ્‌. શતાનંદ મુનિ પણ **રહઃસ્થો ગૂઢસંકલ્પો હરિ મંદિર કારકઃ** એમ તેમના સર્વ-મંગલકારી ૧૦૦૮ નામોમાં ગૂઢ સંકલ્પ કરનાર અને મંદિરો કરાવનાર તરીકે શ્રી હરિને સંબોધે છે.

પોતાની ૪૯ વર્ષની ટૂંકી જીવનલીલામાં અને તેય છેલ્લા આઠ દશ વર્ષના ગાળામાં ગુજરાત કચ્છ ને કાઠિયાવાડના જુદા જુદા પ્રદેશોમાં છ છ મોટાં નવીન ભાત પાડતાં નવ્ય ભવ્ય શિખર બંધ મંદિરો રચાવી તેમાં સ્વહસ્તે મૂર્તિઓ પધરાવી, એ હકીકત જ શ્રીજીના અવતારી કાર્યની પરિપૂર્ણ પ્રતીતિ માટે પૂરતી છે. ફકત એ મંદિરો રચવાં એ અગત્યનું નથી. તેની સાથે સાથે સદાચારનું અનુસંધાન કરાવતો સદુપદેશ મળતો રહે અને શ્રીજીના લીલા-ચરિત્રોના શ્રવણથી જીવન ધન્ય પવિત્ર અને પ્રભુગામી બને તે માટે સભા મંડપો રચાવી તેમાં કથા વાર્તાનો પ્રબંધ થયો. ભગવદ્‌ દર્શન અને કથા શ્રવણ એ બેના સુભગ સમન્વયથી એક વિશિષ્ટ પ્રણાલિકા પ્રસ્થાપિત થઈ.

આજે દોઢસો દોઢસો વર્ષથી શ્રીજીએ

રચેલાં એ મંદિરો અનેક મુમુક્ષુજનો માટે મોક્ષ માર્ગ દર્શક તરીકે ઉભાં છે. જૂનાગઢમાં રાધા-રમણ આદિ દેવોની સ્થાપનાને વૈશાખ વદ બીજે દોઢસો વર્ષ થાય છે, તેને આનુસંગિક સાર્ધશતાબ્દિ મહોત્સવ ઉજવાય છે ત્યારે ભગવાન શ્રી હરિના મંદિર રચના પાછળની સર્વજીવ પ્રાણીમાત્રના કલ્યાણની મંગળ ભાવના સહજે યાદ આવે. અને....

ઓહ પ્રભુ, તમે આ અવતારમાં કેટલી બધી દયા કરી ! ભાવિ પેઢી માટે કેટલી દીર્ઘ દૃષ્ટિ રાખી ! ઉત્સવ સમૈયા ઉપર આવાં શ્રીજી પ્રસાદી ભૂત મંદિરોમાં જઈએ, દેવનાં દર્શન કરતાં ગદ્ ગદ્ થઈ જવાય. વાહ પ્રભુ વાહ, તમે જાતે આ મંદિર રચાવી, આપનું સ્વરૂપ પધરાવ્યું ! તેનું કેટલું મહત્વ ! બસ એ સ્વરૂપ અંતરમાં ઉતારીએ.... જગતના ઘાટ સંકલ્પ અંતરમાંથી હટાવતાં શીખીએ. બસ પછી તો એ મૂર્તિ પ્રેમાનંદ સ્વામી ગાય છે તેમ "વા'લા તારી મૂર્તિ અતિ રસરૂપ રસિક જોઈને જીવેરે," એને જોયા વગર-સંભાર્યા વગર પછી રહેવાય જ કેમ?.... એ મૂર્તિ નેણાંનો શણગાર બની જાય. "અળગા ન મેલું રે, નાથ તમને અળગા ન ન મેલું રે." એ મૂર્તિ એજ જીવન આધાર બની જાય. **એ મૂર્તિનો મહિમા સમજાય, તો પછી તેના આગળ શાસ્ત્ર વિરુદ્ધ કર્મ તો શું-અશુભ વિચાર સરખો કેમ આવે ?**

જૂનાગઢના મુખ્ય દેવ તરીકે પધરાવેલ શ્રી રાધારમણ દેવ અને વચલા ખંડમાં શ્રી રણછોડરાય ત્રિકમજીનાં દર્શન કરતાં, શ્રીજીએ સર્વ ધર્મ વિષે સમભાવનો સંદેશો આપ્યો એટલું જ નહિ પણ આ બધા સ્વરૂપ પધરાવ્યાં, તે સ્વરૂપો પણ પોતાનાં જ છે, અને રાધારમણ દેવમાં પોતે જ અખંડ નિવાસ કરીને બિરાજે છે એ અભેદ ભાવ સાથે સર્વોપરિપણું દર્શાવ્યું એ શ્રીજીની મહત્તાનું પણ સહજે સ્મરણ થાય. શ્રી સિદ્ધેશ્વર મહાદેવની સ્થાપના કરી નારાયણને શિવજીનું એકાત્મપણું જાણવાની વેદની વાતને મૂર્ત સ્વરૂપ આપ્યું. શિવભક્તોને પણ થાય અહીં આપણા દેવ પણ છે. શ્રીજીએ તો પંચ-દેવને માન્ય રાખ્યા છે. ધર્મના સંકુચિત વાડા તેમણે બાંધ્યા નથી. તેમણે તો ધર્મનાં ક્ષેત્રો વિશાળ કરી સહુને માટે ખૂલ્લા મૂકયાં એ વિચારથી સર્વજીવહિતાવહ ભાવના માટે અહો-ભાવ વધી જાય.

મંદિરમાં હનુમાનજીનાં દર્શન કરતાં, સ. સ્વામી નારાયણદાસજી સ્વામીએ પધરાવેલા આ પ્રતાપી દેવનું હાજરાહજુરપણું પણ યાદ આવે. પહેલાં તો હનુમાનજી દરવાજા સામેના મંદિરના પગથિયાની બાજુમાં પધરાવેલા હતા. પણ પછી ઉપર હનુમાન ગણપતિની દેરીઓ પ્રદક્ષિણાની બાજુ તૈયાર થતાં, જ્યારે હનુમાન-જીને ઉપર લાવવા પ્રયત્ન કર્યો ત્યારે કોઇ રીતે તે ઉપડે નહિ તેવા દેવ સ. સ્વામી નારાયણ-દાસજીની મર્મપૂર્ણ પ્રાર્થનાથી કે ઠાકોરજીનો થાળ જમવો હોય ને પૂજાવું હોય તો ઉપર પધારો, એ સાથે જ તરત જ સહેલાઈથી ઉપર પધાર્યા. ત્યારે એ સંતની અગાધ શક્તિ માટે

અને દેવની સામર્થી માટે મસ્તક નમી પડે.

મંદિરની ચારે તરફ દૃષ્ટિ કરતાં સદ્‌. બ્રહ્માનંદ સ્વામીએ મંદિરના બાંધકામ માટે કેટકેટલો દાખડો કર્યો છે તે વિચાર સ્ફૂરે ! બ્રહ્માનંદ સ્વામી, એ તો પૂર્વાશ્રમમાં બારોટ જ્ઞાતિના હતા. એ તો શબ્દોની ગોઠવણ કરી કવિતા રચી જાણે પણ પાણા ગોઠવી આવા મંદિરોની રચનાય કેવી રીતે કરતા હશે ! હા, જેણે એ કવિત્વ શક્તિ આપી તેને આવી મંદિર-સર્જન શક્તિ આપતાં પણ શી વાર ? જૂનાગઢ મંદિરના બાંધકામના પ્રારંભમાં કેટકેટલી મુશ્કેલીઓ આવી પણ ભાવિ સમાજના હિતની દૃષ્ટિ આગળ મુશ્કેલીઓ ગૌણ ગણી શ્રીજી પ્રેરિત આગવી સૂઝથી કામગીરી કરી જનાર બ્રહ્માનંદ સ્વામી માટે આ પ્રસંગે આભારપૂર્ણ અનેક ગણો પૂજ્યભાવ વધી જાય. વડતાલના મંદિર નિર્માણમાંય બ્રહ્માનંદ સ્વામીની કયાં ઓછી સેવા છે? પ્રભુ તો ધારે તે અને ધારે તેની પાસે કાર્ય કરાવી શકે છે, એ સત્યનું સાકાર સ્વરૂપ જોતાં **શ્રીજીના અવતારી શક્તિનાં** સહજે દર્શન થાય.

અને બીજો વિચાર આવે. આવાં મંદિરોના બાંધકામ માટે શ્રીજીએ અને સંતોએ કેવા દાખડા કર્યા છે ! તે દાખડાને સફળ કરવા ખરેખર આપણે શું કરીએ છીએ ? તેમનું ઋણ કઇ રીતે વાળી શકીએ? વાતો અને વાહવાહથી તે રાજી નહિ થાય એ નિર્વિવાદ છે.

અને હાલના નવા સભામંડપમાં જઇએ ત્યાં સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની જૂની ધર્મશાળા યાદ આવી જાય.' ગુણાતીતાનંદ સ્વામીની ગુણ ગંભીર મૂર્તિ, દૃષ્ટિ સમક્ષ તરવરે ! જૂનાગઢ મંદિર અને ગુણાતાતીનંદ સ્વામી જાણે જુદા જ ન પડાય! સંપ્રદાયના એ **મહાન સ્થંભરૂપ એ સંતે મહાન દાખડો કરી સંપ્રદાયના મહાન સ્થંભ રોપ્યા** તેની **સ્મૃતિથી** ગદ્‌ગદિત **થઈ જવાય**.. એ જૂની ધર્મશાળા, જ્યાં ગુણાતીતાનંદ સ્વામી જે થાંભલા પાસે આસન જમાવી બળ પ્રેરતી વાતોનો સતત પ્રવાહ વહાવતાને જ્યાં કથાવાર્તાનો સોપો ન પડતો એ થાંભલાનાં તો હવે દર્શન કયાં થાય ? આગમાં એ બધી જૂની ધર્મશાળાનાં પ્રસાદી સ્થાન ભસ્મીભૂત થઇ ગયાં પણ તે ઇતિહાસને તો આગ ઓછી ભરખી શકે છે ?

એ સ્થાને બેસી ગુણનિધિ ગુણાતીતાનંદ સ્વામીએ ભમરી જેમ ઇયળને ચટકા ભરી ભ્રમર રૂપ બનાવી દે તેવી વાતોની સતતધારાથી અનેક જીવને નિર્વાસનિક કરી બ્રહ્મરૂપ કરી દીધા હતા. સંસારના ત્રિવિધિ તાપથી બળેલા ઝળેલા ત્યાં પૂર્ણ શાન્તિ પ્રાપ્ત કરતા, તેના સંકલ્પો વિરામ પામી જતા. એવું એ નૈમિષારણ્ય ક્ષેત્રને એવો એ સંતનો પ્રતાપ. એ **સભામંડપ અટલે સ્વામીની વાતો-મોક્ષની વાતોનું મહામંગલ ઉદ્‌ભવ સ્થાન.** સ્વામીની વાતોનો ખૂબ મહિમા ગાઈએ છીએ પણ આ સ્થાને આવી તેને જીવનમાં ઉતારવાની કંઇ પ્રતિજ્ઞા લઇશું ખરા ?

સંતોના જૂના ભંડારના સ્થાનનાં દર્શન કરીએ એટલે પેલા નાગર સદ્‌ગૃહસ્થ યાદ આવ્યા વગર ન રહે. તેમને એમકે ગુણાતીતાનંદ સ્વામી તો મંદિરના મોટા મહંત એટલે લાવ જોઇએ, તે શું

ભગવાનનો થાળ જમતા હશે? તેમના પાત્રમાંતો લાડવા મેવા મીઠાઇને ભાતભાતનાં શાક પાક પીરસાતાં હશે! પોતે સ્વાદીલો ખરોને તે એને બિચારાને બીજું શું યાદ આવે? ઘરમાં જમતી વખતે રોજ ટક ટક તો કરેજ અને કોઇ દિવસ રસોઈમાં ખામી હોયતો ઘરવાળીનો દિ' બગાડે એવો એ રસાસ્વાદી, આજે ગુણાતીતાનંદ સ્વામીને જમતાં જોવા થોભ્યો. સ્વામી કામેથી પરવારી ઠાકોર જમાડવા બેઠા. કાષ્ટનું પાત્ર મૂક્યું. સાધુરામે શીકામાંથી સૂકો ભડ જેવો રોટલો મૂક્યો, તેની સાક્ષી બબડાટ સાથે કાષ્ટ પાત્રે પૂરી અને તે ઉપર વાસ આવતી ત્રણ દિવસની બાટી છાશ પીરસાઈ. રોટલાનો ભૂકો કરી, સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા સ્વામી ઠાકોર જમાડે ને પેલા નાગર ગૃહસ્થ તો સ્તબ્ધ થઇ ગયા, આવા મોટા ને આવા નિઃસ્વાદી....બસ.... તે દિ ને તે ઘડી તેનો રસાસ્વાદ જતો રહ્યો. પછી તો જે પીરસાય તે જમી લે, કંઇજ બોલે નહિ. સાચા મોટા સંતનો શો પ્રતાપ! ખરા ભાવથી તેમના ગુણ લેવાય તો પોતાના અવગુણ ચાલ્યા જાય. આ પ્રસંગની સાથે સાથે બ્રહ્માનંદ સ્વામી સ્વારીમા તોફાની વાળી ઘોડા ઉપર બેઠા ને તે શાંત અને નિષ્કામી થઇ ગયો એ વાત તાજી થાય. ને મનમાં થાય કેવા એ સમર્થ સંતો! આપણા પણ કંઇ અવળા સ્વભાવો હોય તે મૂકવાની અહીં પ્રેરણા મળી જાય. એવા સ્વભાવ મૂકાય તો આવ્યું સાર્થક થાય.

ઝીણાભાઇની પ્રસાદીની મેડીએ દર્શન કરીએ ત્યાં ઝીણાભાઇની સેવાની ઉત્કૃષ્ટ ભાવના સાંભરે, અને અનેક જીવના કલ્યાણ માટે મંદિર કરાવાના તેમના શુભ વિનિયોગ બદલ ને મંદિર સ્થાપનાના નિમિત્ત બનવા બદલ તેમને ધન્યવાદ આપવાનું મન થઇ જાય! જે ભાવનાથી તેમણે મંદિર કરાવ્યું તેને ચરિતાર્થ કરવા આપણે શું કર્યું? શું કરીએ છીએ? તે પણ સહેજે વિચાર સ્ફૂરવો ઘટે.

મોક્ષમાર્ગના પથદર્શક ગુણાતીતાનંદ સ્વામીની પરંપરામાં, નિર્વાસનિક કરી સાજા તાજા ધામમાં મોકલી દેનાર સ. સ્વામી બાલમુકુંદદાસજી, પ્રતાપી મહાપુરુષદાસજી સ્વામી, સમર્થ સ્વામી નારાયણદાસજી, સદ્વિદ્યા પ્રેમી પુ. સ્વામી ગોપીનાથદાસજી, તો બ્રહ્મચારી વર્ગમાં શ્રી હરિલીલાકલ્પતરુ જેવો અનુપમ અદ્‌ભૂત ગ્રંથ રચનાર વિદ્વત્‌વર્ય અચિંત્યાનંદજી વર્ણિ જેવા મોટા સંતોએ સોરઠના સત્સંગની જે પુષ્ટિ કરી છે અને સત્સંગને સોહાવ્યો છે, તે બધું યાદ આવે, તો શ્રીજીએ આ પ્રદેશમાં કરેલાં સ્વામિનારાયણ નામના પ્રચાર અને સમાધિ પ્રકરણ આદિ વિશિષ્ટ અવતારી કાર્યોના પ્રારંભને પણ કેમ ભૂલાય!

બ્રહ્મદશાને પામેલા પર્વતપ્રાય પાકી નિષ્ઠાવાળા પર્વતભાઇ, મયારામ ભટ્ટ, ગોરધનભાઈ આદિ સત્સંગીઓના જીવનપ્રસંગો પણ સાંભરે ત્યારે આપણે હજી ઘણી કચાશ ટાળવાની છે એ સહજે સમજાય.

દોઢસો વર્ષનો શ્રી રાધારમણદેવનો પાટોત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યારે વાતો, વખાણ

ને વાહવાહ કરી છૂટા પડીશું કે સ્વજીવનમાં ડોકિયું કરી સત્સંગની જૂની ગૌરવ ગાથાઓમાંથી ઉપર પ્રમાણે પ્રેરણાનાં પીયૂષ પામવા પ્રયત્ન કરીશું ? સત્સંગની વાત, સત્સંગનો સહુ પરિવાર આવા મોટા પ્રસંગે ભેગો થાય ત્યારે નહિ કરીએ–નહિ વિચારીએ તો તે કયારે કરીશું ?

સ્વાર્થની સંકુચિતતાને મૂકી દઈ, સંપ્રદાયના વિશાળ હિતને હૈયે ધારવા, સત્સંગના સર્વ અંગો સાથે મળી સક્રિય પ્રયાસો કરીશું ?

સત્સંગનાં ભવ્ય મંદિરોને ઈમારતોને મરામત કરી દોઢસો વર્ષે રંગરોગાનથી અને રોશનીથી ઝળહળતાં શોભતાં કર્યાં તેમ નિજ નિજના કર્તવ્યોમાં જ્યાં જ્યાં શિથિલતા આવી હોય તે ખંખેરી, સ્વામીની વાતોના બળે અને શ્રીજી, સંતો અને સત્સંગીઓના જુના ઇતિહાસ પ્રસંગોની પ્રેરણાના રંગે સ્વજીવનને રંગી, સત્સંગને વધુ સુદૃઢ કરવા, પોત પોતાના ક્ષેત્રે જાતે જ અંતરથી આદર કરી સંપ્રદાયની ઝળહળતી ઉજવળતાને પ્રકાશિત કરવા, શ્રીજીની આગામી ૨૦૦મી જન્મ જયંતી પહેલાંની પ્રાથમિક ભૂમિકા તૈયાર કરવા વિચારીશું ખરા ? ૦૦૦

જુનાગઢ મંદિર મહિમા

સોરઠ દેશવાસી જન કાજ રે, કરાવિયું મંદિર મહારાજ રે;
જોઇ જીરણ ગઢમાંઇ જાગ્યા રે, દિઠી દેવળ કરવા લાગ્યા રે;
જાણ્યું આ જોગ્યે મંદિર થાય રે, તેનો મોટો વધે મહિમાય રે;
મોટું શહેર તીરથ વળી મોટું રે, જ્યાં મનુષ્ય આવે કોટાન કોટું રે,
તેહ સહુને થાય દરશન રે, તેણે કરી તરે બહુ જન રે;
વળી દેશના સારા સત્સંગી રે, જેની પ્રીત પ્રભુમાં અભંગી રે;
માટે જીરણ ગઢમાં જઈ રે, કરાવું મંદિર સુંદર સઇ રે;
પછી મંદિર કરવા કાજ રે, મોકલ્યા છે મોટા મુનિરાજ રે;
સુંદર મૂરતિયો સરખી સારી રે, તે તો મંદિરમાંય બેસારી રે;
જોયા જેવી મૂર્તિ જૂનેગઢ રે, જે જે જૂવે તેને લાગે રઢ રે,
અવી પોતે મૂર્તિ પધરાવી રે, ગઢડેથી જૂનેગઢ આવી રે;
કરવા અનેક જીવનું કલ્યાણ રે, કર્યું કામ શ્યામ સુજાણ રે;
વળી સંતને આપી આગન્યા રે, રેવું નહિ અહીં આવ્યા વિના રે;
વરષો વરષ એક માસ રે, કરવો આ મંદિરમાંહી વાસ રે;
વળી આ મૂરતિ જે બેસારી રે, તે નિરખશે જે નર નારી રે;
તેને શીદ રાખી જોઇએ શંકા રે, જાશે બ્રહ્મમોલે દઇ ડંકા રે;

(નિષ્કુળાનંદમુનિ વિરચિત પુરુષોતમ પ્રકાશ ૩૧–૩૨)

જુનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિર



શ્રી રણછોડ ત્રિકમરાય

જૂનાગઢ મંદિરમાં રાધારમણ આદિ દેવોની સ્થાપના

—પુરાણી પ્રેમપ્રકાશદાસજી

વિશ્વના સર્જનહારે આ સૃષ્ટિની નવરચના કરી અને જુદાં જુદાં વિભાગમાં સૃષ્ટિ વહેંચી નાખી. સાગરો, પહાડો, દ્વિપો, દ્વિપકલ્પો વગેરે વિભાગ કર્યા અને ખંડ પાડયા. દ્વિપનાં નામ આપ્યાં. તેમાં જંબુદ્વિપના નવખંડોમાં ભરત ખંડ સમુદ્રના કિનારા પર ગોઠવ્યો. એ ભારતના પશ્ચિમ ખૂણા ઉપર અરબી સાગરમાં એક દ્વિપકલ્પ ગોઠવ્યો જેને કવિઓએ એશિયાની અટારી કહીને બિરદાવેલ છે. જેનો આદિ મહારાજા આનર્ત છે. અને રૈવત જેવા પ્રતાપી રાજાએ જેનું પાલન પોષણ કરેલ છે. જ્યાં બળી રાજાએ પોતાની રાજધાની સ્થાપી રાજસ્થળી નામ આપ્યું છે, એ રાજસ્થળી ભગવાન વામનજીના પ્રાગટય પછી વામનસ્થળી નામ પડયું. એ વામનસ્થળી આખીયે સૌરાષ્ટ્ર ભૂમિનું પાટનગર હતું. પણ સમય જતાં વનભૂમિમાં એ નગર ઢંકાઈ ગયું, એટલે તેનું નામ વનસ્થળી (વંથળી) પડયું એ વંથળીની રાજધાનીને રા', નવઘણે ગિરનાર પર્વતની નજીકમાંજ એક ટેકરા પર કિલ્લો બાંધી ને એ જૂના શહેરને આ કિલ્લામાં વસાવી જૂનોગઢ (જૂનાગઢ) નામ રાખ્યું. આ જૂનાગઢની કર્ણોપકર્ણ ઘણી અવનવી ગાથાઓ સમાજમાં ચાલે છે. પણ આ કિલ્લો મજબૂત અને અજય હતો. એ કિલ્લાને છેવટે મહમદ બેગડાએ કપટ કરીને રા'માંડલિક પાસેથી લઇ લીધો. અને એ કિલ્લાની નીચેના ભાગમાં આથમણી બાજુ બીજો ગઢ બાંધીને તેમાં નગર વસાવ્યું. જે હાલનું જૂનાગઢ કહેવાય છે. આ ઇતિહાસના અનેક પાના ઉથલાવનાર જૂનાગઢ શહેર અને ગરવો ગિરનાર જ્યાં ચોરાશી સિદ્ધોનાં બેસણાં છે. અને તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. નવ નાથોએ જ્યાં ધૂણી ધખાવી છે. ભગવાન દત્તાત્રેયે પણ તે પહાડને પાવન કર્યો છે. અને તેનાં પગલાં અત્યારે તે પર્વતના ગુરુ શિખર પર બિરાજે છે.

શેષાવન, ભરતવન, લક્ષ્મણટેકરી, વગેરે રામચંદ્રજી ભગવાનના વિચરણની સ્મૃતિ કરાવતાં ક્ષેત્રો હજુ મોજુદ છે. ભગવાન શ્રી કૃષ્ણનું પણ ગિરનાર અને સૌરાષ્ટ્ર ભૂમિમાં વિચરણ થયેલું. એટલે ભગવાનના અવતારો અને મહાપુરુષોએ પાવન કરેલ આ પહાડ અને તેની નજીકની પૃથ્વી ઘણી જ રળિયામણી અને પુણ્યવાન છે. તેમાં પણ વિક્રમ સંવત્ ૧૮૦૦ના સૈકામાં અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી પર પધાર્યા. અને અજબ ચમત્કારો બતાવીને પ્રજાને

આકર્ષી. દૈવી બનાવી પછીથી પંચાળા દરબાર હેંમતસિંહ ઉર્ફે ઝીણાભાઈની પ્રાર્થનાથી ભગવાન સહજાનંદ સ્વામીએ મહા મંદિર બાંધવાનું વરદાન આપ્યું પછીથી સંવત્ ૧૮૮૨માં શ્રીહરિએ દાદાના દરબારમાં સભા ભરી. આ સભામાં આગેવાન બધા સંતોની હાજરી હતી. પ્રભુએ બધા સંતોની આગળ પ્રસ્તાવ મૂકયો કે અમોએ ઝીણાભાઈને જૂનાગઢમાં મંદિર બાંધવાનું વચન આપેલ છે. તો તે મંદિર બાંધવા માટે કોણ જશે ? આ વખતે સભામાંથી બધાં સંતોનો એક સૂર ઉઠયો કે મહાકવિ સદ્‌. સ્વામી શ્રી બ્રહ્માનંદજી જો જૂનાગઢ પધારે તો સહેલાઈથી મંદિર થાય કારણ કે જૂનાગઢના નામદાર સરકાર નવાબ સાહેબને અને સ્વામીને ઘણો સારો મનમેળ છે.

ઉપરના શબ્દો સાંભળી અણિયાળી આંખોવાળા મંદ મંદ હસતા મોહનવર પોતાના સખા સમા બ્રહ્મમુનિને કહેવા લાગ્યા કે સ્વામી, તમો જૂનાગઢ જાવ, બ્રહ્માનંદ સ્વામી મહારાજને નમસ્કાર કરીને કહેવા માંડયા કે ભલે દયાળુ હું જવા તૈયાર છું. પણ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી અને ગંભીર સ્વભાવવાળા ગુણાતીતાનંદ સ્વામીને સાથે મોકલો. ત્યારે શ્રીહરિ એ તે બંનેને પણ આજ્ઞા કરી.

દાદાભાઈની વાડીમાં સીતાફળીના ઘાટાં જંગલમાં સંતોનો સમાજ આવીને ઉતર્યો. કેટલીક સીતાફળીઓ કાપી નાખીને છાપરા બનાવ્યા. ઋષિ મુનિઓની પર્ણકુટિ સમાન આ પર્ણકુટિઓમાં મંદિરના કામમાં ઉપયોગ આવે તેવા ઓજારો સીધુ સામાન વગેરે ગોઠવ્યું. અને તુંબડાની ઝોળીઓ તો ડાળો પર જ હિલોળા કરતી હતી. સંતોનું એક મંડળ આજુબાજુના ગામડામાં ફરવા નીકળ્યું. અને સત્સંગીઓને જાહેરાત તરીકે જૂનાગઢ શહેરમાં સહજાનંદી સંપ્રદાયનું થાણું નખાય છે. અને મંદિરનું બાંધકામ ચાલુ કરવાની આજ્ઞા સ્વામિનારાયણ ભગવાને આપી છે. આ શબ્દો સાંભળતાં હોંશીલા હરિભકતો સીધુ સામાન ઘી, તેલ, મસાલા વગેરે દરેક વસ્તુ લઈ જૂનાગઢ આવવા લાગ્યા. મયારામ ભટ્ટ, ગોવિંદરામ ભટ્ટ તે પણ સત્સંગીઓને પ્રોત્સાહન આપવા માંડયા. પીપલાણાના નરસિંહ મહેતા, આખાના નારણજી દવે, વંથળીના કલ્યાણભાઇ તથા પટેલ લક્ષ્મીદાસભાઇ, ઉપલેટાના લાલોભાઇ અને અરજણભાઇ તથા સાંકળી ગામના પટેલિયા સત્સંગીઓ અને સુતારો, આમ બધાં સત્સંગીઓ પોતાના સાધનો લઇને મંદિરની સેવા કરવા આવી પડયા. અને પુરજોશથી કામ ચાલુ થયું. ગોંડલના રત્નાભાઇ કડિયા મિસ્ત્રીને પણ ખબર આપ્યા. તેઓ પોતાના કેટલાંક સાગરીતોને લઇને જૂનાગઢ આવ્યા. પ્રથમ વિધિપૂર્વક ભૂમિપૂજન કરી ખાતમૂહૂર્ત કરી ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી ત્રણેયે મળી શિલારોપણ વિધિ કરી, એ નિમિત્તે થોડું બ્રહ્મ ભોજન કરાવી પછીથી સંતો અને સત્સંગીઓ હાથોહાથ પાયા ખોદવા લાગ્યા. ધમધોકાર આ કામ ચાલી રહ્યું છે. થોડા સમયમાં આખા

મંદિરના વિશાળ પાયા પૂરવાનું કામ ચાલુ થયું કેટલાક સત્સંગીઓ અને સંતો નજીકના પહાડમાંથી ધોળા પથ્થર કાપીને તે બેલા મંદિરના બાંધકામ માટે લાવવા માંડ્યા. કેટલાક કારીગર ભક્તોએ ભઠ્ઠીઓ બડકી ચૂનો પાડીને ઢગલા કર્યા. કેટલાક સત્સંગી સોનરખ અને કાળવો નદીમાંથી રેતીના ગાડાં ભરીભરીને ઢગલા કરવા માંડ્યા. કેટલાક ભક્તો ચકકીમાં ચૂનો રેતી નાખી અને બળદ જોડી ચકકી પીસવા માંડ્યા અને પત્થર લઈ લઇ પાયામાં ગોઠવવાનું કામ કરવા માંડ્યા. જેવી રીતે ત્રેતાયુગમાં રામચંદ્રજી ભગવાને લંકામાં પુલ બાંધ્યો અને સૈન્ય જેમ ઉત્સાહથી કામ કરતું હતું તેવી જ રીતે આ સહજાનંદી સૈન્ય પણ કાયમને માટે તીવ્રતાથી કામ કરતું હતું. અને કડિયાઓ પત્થર ગોઠવી ચૂનાના તગારાં ઉપર નાખી શિલાઓને શેષનાગના મસ્તક પર બરાબર ફીટ કરતા હતાં. આમ જોર શોરથી આ વિશાળ મંદિરનું કામ ચાલી રહ્યું હતું તેવામાં એક દિવસ સવારમાં કડિયાઓ કામે ચડી ગયા. પણ તેને ચૂનો કેળવી તગારૂં ભરીને આપનાર કોઈ હતું નહિ. આ વખતે સાંકળી ગામનો એક નવ યુવાન ત્યાં ગયો તેમનાં બંને પગ ઉપર કિડિયારાનો રોગ હતો. દુઃખ ખૂબ હતું છતાં પણ સત્સંગને અર્થે સર્વસ્વ જેણે કુરબાન કર્યું છે તેવા આ શૂરવીર યુવાને તગારું ભરવા માટે પ્રયત્ન કર્યો પણ પાવડો હતો નહિ એટલે પોતાના હાથ પાવડાને ઠેકાણે કામમાં લીધા. ચૂનાને કેળવી કૂણો બનાવવા માટે પોતાના દુઃખતા પગનો ઉપયોગ કર્યો. ચૂનો કચરી તગારું ભરીને કડિયાને આપ્યું પણ એ આવા પગમાં ચૂનાનો રસ ચોંટવાથી કાળી બળતરા ચાલી. અને યુવાનને મૂર્છા આવી ગઈ અને તે નીચે પડી ગયો. તેવામાં ગાંભીર્ય સ્વરૂપ સ્વામી ગુણાતીતાનંદજી ત્યાંથી નીકળ્યા. તેમણે આ નજરે જોયું. પોતે તુરત જ પાણી લઈ તેનો પગ ધોયો. થોડીવાર બાદ યુવાનને શાંતિ થઇ. સ્વામીએ તે યુવાનને પગે રાણભેંસના છાણનો પાટો બાંધ્યો. અને તેમને આશ્વાસનના શબ્દો કહ્યાં કે તારું આ દુઃખ પહેલે પાટે જ નષ્ટ થઇ જશે. બરોબર બન્યું એવું જ, ત્રીજે દિવસે પાટો છોડતાં આ યુવાનનો પગ જેવો હતો તેવો થઇ ગયો. ને બધો રોગ જતો રહ્યો.

હવે મંદિરનું કામ જમીન બહાર નીકળ્યું. કડિયાઓ ઉત્સાહ પૂર્વક પથ્થર પર ચૂનો નાખીને સરસ રીતે ગોઠવે છે. કામ આગળ વધ્યે જાય છે. સાંકળીના સુતારો બારી બારણા વિગેરેના ચોકઠાં તૈયાર કરે છે અને કડિયા તે બધું ગોઠવતા જાય છે. ત્રણે દેરાનો ભાગ પાકો કર્યો. અને ઘુમ્મટ પ્રદક્ષિણા વગેરેમાં નીચે ભંડકો કર્યાં. આ રીતે મંદિરનું કામ બેઠક સુધી આવ્યું. એટલે મંદિરનો એક માળ તૈયાર થયો.

અહીં જૂનાગઢમાં જ સ્વામિનારાયણનું મંદિર બંધાય છે. અને અહીં સહજાનંદી સંપ્રદાયનું કેન્દ્ર સ્થાન બને છે તે વાત કેટલાક દ્વેષી લોકોને જરાપણ રુચિ નહી તેમણે આ મંદિરને અટકાવવા માટે બને તેટલા પ્રયાસો ચાલું કર્યા. મંદિર થવા ન દેવું. અને થાય છે તેને વહેલી તકે અટકાવવું એવી યોજના કરી. પ્રથમ તો

જૂનાગઢના ભોળા બાદશાહ નવાબ સાહેબને અષ્ટમ પષ્ટમ કહી ભરમાવા પ્રયત્ન કર્યો કે, સાહેબ, સ્વામીવાળાનું આપણા ગામમાં મંદિર થાય છે તેમાં તે લોકોએ એક ઈલમ કર્યું છે. ઈલમમાં મનુષ્યોના હાડકાનું યંત્ર કરી આ મંદિરમાં ગોઠવ્યું છે. એટલે આ મંદિર જ્યારે પૂરું થઇ રહે એટલે આપનું રાજ્ય જાય, આવી ગોઠવણી છે માટે આપ તપાસ કરાવોને મંદિર બંધ રખાવો. તુરત જ ભોળા મનના આ રાજાએ મંદિરના બાંધકામને બંધ કરાવવાનો હુકમ છોડ્યો. આ હુકમ વાંચી પ્રૌઢ પ્રતાપી બ્રહ્માનંદ સ્વામી તુરત જ નવાબ સાહેબની કચેરીમાં આવ્યા મંદિર બંધ થવાનું કારણ જાણી સ્વામીએ નવાબ સાહેબને કહ્યું કે સાહેબ ગામમાંથી વિશ્વાસપાત્ર કુળવાન અને ન્યાયનીતિવાળા ચાર માણસને અમારા મંદિર પાસે ઉભા રાખો અમે મંદિરના ચણતરના બધા પથ્થર જુદા કરી નાખીએ. અને જો કંઇપણ યંત્ર નીકળે તો મારું માથું આપે તલવારથી ઉડાવી દેવું અને જો કાંઇ ન નીકળે તો જે મંદિરના બાંધકામમાં ખર્ચો થયો છે અને પાછો બાંધવામાં જે ખર્ચ થાય તે સામાવાળા આપે ત્યારે નવાબ સાહેબ કહે યહ બાત અચ્છી હૈ, સામાવાળાને બોલાવી વાત કરી પણ ખર્ચો સહન કરવાનું કોઈએ કબૂલ કર્યું નહિ. એટલે તે લોકો જૂઠા છે તેવી વાત પૂરવાર થઈ. અને મંદિર ચાલુ કરવાનો હુકમ આપ્યો. અને મંદિરમાં જે કંઈ સામાન આવે તેની જકાત માફ કરી આપી. આમ ધમધોકાર મંદિરનું કામ ચાલી રહ્યું હતું. પણ અદેખા માણસો પોતાની અદેખાઇ છોડતાં ન હતા ખોટે

રાજ્ય તરફથી દાણ માફી

ધર્મપંથના પ્રવર્તક સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ, જત તમે કસ્બે જુનાગઢમાં શ્રી રાધાકૃષ્ણનું મંદિર સુખેથી બનાવજો. એ મંદિરના ખર્ચ સારુ જહાંથી દાણા તથા ઘી, તેલ તથા ગોળ તથા સાગવાન લાકડા વગેરે સામાન મંગાવશો અથવા કોઇ પોતાની શુભેચ્છાથી મોકલશે તેને મહાલાત તથા સાયર ચણુતરાના મુત્સદ્દીઓથી મહેસુલ તથા રાહદારી બાબત હરકત થાશે નહિ. તે સઉ માફ કિધું છે.

તા. દી. ૯ શહેરે જમાદી અલઅવલ શી. ૧૨૪૧ સંવત ૧૮૮૨ મા. શુદ ૧૦

ખોટા અમલદારોના મોકલેલા ચપરાશીઓ આવી કામ બંધ કરવાનું કહેતા. વળી બહારથી માલ લાવવામાં નવાબ સાહેબે જકાત બંધ કરી દીધી હતી. છતાં પણ જકાત માટે કેટલીક જાતની દખલ કરતા હતા, પછીથી ગોપાળાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી ત્રણેયે ભેળા થઇ વિચાર કર્યો કે આ રીતે કાયમ દખલ થયા કરે તો મંદિરનું કામ આપણે પૂરું કરવામાં ઘણો જ વિલંબ થશે. એમ વિચાર કરી બ્રહ્માનંદ સ્વામી ફરીવાર નવાબને મળ્યા ફરીથી દખલ ન થાય તે માટે દરેક અધિકારીઓને સરકારે સૂચના આપી દીધી. પણ જેને હૃદયમાં દ્વેષ વૃત્તિ હોય તેનાથી કેમ સહન થાય. સૂર્ય ઉદય થાય ઘૂડ, ચામાચિડિયા અને વાગોળોને

સુખ ન હોય તેમ શુદ્ધ ભાગવત ધર્મના પ્રતિક સમું આ મંદિર તૈયાર થતું હતું તે દ્વેષી લોકોને કેમ ગમે, પછી એક દિવસ બધાં ભેળા થયા. રાજ્યના દિવાન વડોદરા ગયેલા તેમના ઉપર પત્ર લખ્યો. અને તેમાં જણાવ્યું કે અહીં સ્વામિનારાયણનું મંદિર થાય છે. તે અટકાવવા ઘણા ઘણાએ પ્રયત્નો કર્યા પણ કોઈથી અટકયું નથી ઉલ્ટાનું વધ્યેજ જાય છે. હવે તો તેમના મોટાં મોટાં મંદિરો બંધાવા માંડયા છે. અમદાવાદ, વડતાલ ધોલેરા વગેરેમાં તેમનાં મંદિરો બંધાયા છે, અને આ જુનાગઢમાંતો તેઓના ભગવાં કપડાંધારી ઘણા સાધુઓ અને કેટલાક સોરઠના તેમના અનુયાયીઓ રાત્રિ દિવસ કાળી મજુરી કરીને મંદિરનું બાંધકામ કરી રહ્યા છે.

આપણા નવાબ સાહેબને તે લોકોએ કોઈ જાતની ભૂરકી નાખી છે. એટલે નવાબ સાહેબ તો તેમના બ્રહ્માનંદ નામના સાધુ જેમ કહે તેમ કરે છે. માટે આપ જલ્દી પધારી યોગ્ય કરો.

ઉપરનો કાગળ વડોદરા દિવાન પર ગયો. તેમણે વળતો પત્ર લખ્યો, તમો બધાં ચિંતા કરશો નહિ. હું થોડા જ દિવસમાં ત્યાં જૂનાગઢ પાછો આવું છું ને સ્વામિનારાયણના મંદિરનો કાંકરે કાંકરો જુદો કરી નાખીશ.

ઉપરનો પત્ર વડોદરાથી આવ્યો તેની અબર શ્રીજીના આશ્રિત રામજી મહેતા અને રૂપશંકર ભાઇને મળી તેણે આ વાત બ્રહ્મમુનિને કહી. અને તેમણે ગુણાતીતાનંદ સ્વામીને કહી. પછી બંને મળી યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા તે વખતે રૂપશંકર પણ સાથે હતા. સ્વામી ગોપાળાનંદજી તુલસીના પત્ર શાલગ્રામ પર ચડાવી દેરા જેવી આકૃતિ કરતા હતા તે વખતે આ ત્રણેયે કહ્યું કે સ્વામી તમો અહીં દેરા બનાવો છો પણ મંદિરના દેરા નાશ કરવાની હીલચાલ ચાલે છે. એમ કહી રૂપશંકરભાઇએ કાગળની વાત કહી. સ્વામીએ કહ્યું દિવાન અહીં જૂનાગઢમાં આવી નહિ શકે ને મંદિરને વાંધો નહિ આવે. સ્વામીની આ ભવિષ્ય વાણી સાચી પડી. અરેબર દિવાન વડોદરાથી પોતાના સૈનિકોની સાથે જૂનાગઢ આવતા હતા. રસ્તામાં આવતાં એક ઝાળામાંથી તેતર ઉડયું ને ઘોડો ચમકયો. અને ઘોડો ચારે પગે કૂદયો. દિવાન ઘોડા પર ટકી શકયા નહિ. જોરથી જમીનપર પટકાયા. અને પોતાના જ હાથમાં ઉઘાડી બરછી હતી તે દૈવયોગે પોતાના પડખામાં સોંસરી પેસી ગઈ તુરત જ ત્યાં ને ત્યાં જ દિવાન સાહેબનું પ્રાણ પંખેરુ ઉડી ગયું.

આ પ્રમાણે જૂનાગઢ મંદિરનું મોટું વિઘ્ન એની મેળે જ દૂર થયું પછીથી કેટલાંક વિઘ્નો આવ્યા પણ એ વિઘ્નને ભગવાનની દયાથી બ્રહ્માનંદ સ્વામીએ નવાબ સાહેબને મળીને દૂર કર્યા.

ઉપર પ્રમાણે દોઢ વર્ષ સુધી મંદિરનું કામ ચાલ્યું. પછી ત્રણે સદ્‌ગુરુઓએ મળી શ્રીજી મહારાજને વિનતિ પત્ર લખ્યો કે હવે થોડા સમયમાં મંદિર તૈયાર થઈ જવા આવ્યું છે શ્રીજી મહારાજે ગઢપુરથી બે કારીગર સંતોને

જૂનાગઢ મોકલ્યા અને આજ્ઞાકરી કે તમો ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને મંદિરમાં પધરાવવા માટે મૂર્તિઓ પસંદ કરી ખરીદી આવો. સાથે પૈસાનો વહીવટ કરે તેવા સદ્‌-ગૃહસ્થને પણ મોકલ્યા સંતો જૂનાગઢ આવ્યા ત્યાંથી ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઇ રાજસ્થા-નમાં આવેલ ડુંગરપુર તરફ રવાના થયા પણ શ્રી હરિના સંકલ્પથી મૂર્તિઓ વેચનારા જ ગાડાઓ ભરી સામા આવ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ સલાટ ને પૂછ્યું તમે કોણ છો ? અને ગાડામાં શું માલ છે ? સલાટ બોલ્યા ગાડામાં ભગવાનની મૂર્તિઓ છે. અને વેચવા માટે નીકળ્યા છીએ. તે સાંભળી સ્વામી રાજી થયા અને બધા ગાડાઓમાંથી સારી સારી મૂર્તિઓ પસંદ કરી રાધાકૃષ્ણ દેવ, રણછોડ ત્રિકમરાય ચાર સનકાદિક, સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી, પોઠિયો ગણપતિ, હનુમાનજી અને ગરુડજી અને એક મહાદેવનું બાણ આ બધી મૂર્તિઓ પસંદ કરી જૂનાગઢ મુકામે લાવ્યા. અને ઝીણાભાઈના નાનાભાઇ ગંગાભાઈને મૂહૂર્ત નકકી કરવા મોકલ્યા.

ગઢપુરમાં દરેક સંતો પાર્ષદો અને સત્સંગી-ઓને મહારાજે વાત કરી અને સારા જોશી પાસે મુહૂર્ત જોવરાવ્યું. ચોરાશીની સાલ ચાલતી હતી. વૈશાખ વદ બીજનું શુભ મૂહૂર્ત આવ્યું. ભગવાને જૂનાગઢ ખબર આપ્યા કે વૈશાખ વદ બીજ ને દિવસે દેવની પ્રતિષ્ઠા કરવાની છે. એટલે જૂનાગઢમાં પણ પૂરતી તૈયારી થવા માંડી. શ્રી હરિએ પણ દેશાંતરમાં ચારે બાજુ કંકોત્રીઓ લખાવીને માણસો રવાના કર્યા. આ વખતે સ્વામિનારાયણ સંપ્રદાય ઘણો વિકાસ પામ્યો હતો. એટલે દૂર દેશમાં ઘોડે સ્વારો મોકલવામાં આવ્યા. કેટલેક ઠેકાણે સાંઢો પર માણસો ગયા અને કંકોત્રી પહોંચતી કરી. આખોયે કાઠિયા-વાડ, કચ્છ, ઉત્તર દક્ષિણ ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડ વગેરે દેશોમાં કંકોત્રી ફરી વળી અને ચારે બાજુથી માનવીઓના મન જૂનાણાના ઉત્સવમાં આવવા માટે ખેંચાયાં. નાના મોટા ભાઈ—ભાઈ અંદરો અંદર વાતો કરે કે આપણો દેશ ઘણો દૂર છે. પણ શ્રી હરિની કૃપાથી આપણે જૂનાગઢ દેવના દર્શન કરશું. ગિરનાર જેવો પહાડ જોશું. દામોદર કુંડ, રેવતી કુંડ તીર્થોમાં સ્નાન કરશું. ભેળા થઈને ભવેશ્વર જોવા પણ જશું આ પ્રમાણે વાતો કરે અને દરેકની મીટ જૂનાગઢ તરફ મંડાઇ. હવે જૂનાગઢમાં બ્રહ્મમુનિ નવાબ સાહેબને મળવા ગયા. બ્રહ્મમુનિને ભાળીને કચેરીમાંથી સરકાર ઉભા થયા અને આવો આવો લાડુ બારોટ કહીને સ્વામીને ખુરશીપર બેસાડયા અને શું કામ છે તે પૂછયું સ્વામીએ મંદિર તૈયાર થયું છે તેમાં પ્રતિમા પધરાવવી છે. માટે તે પ્રતિષ્ઠા કરવા ભગવાન સ્વામિનારાયણ પધારે છે તો તેના સામૈયામાં આપના રાજ્ય તરફથી વાજાં પલટન, ડંકો, નિશાન, વાહન, ઘોડા, હાથી વગેરે વસ્તુની અમારે જરૂર પડશે. નવાબ સાહેબ બોલ્યા જો ભગવાન સ્વામિનારાયણ પધારતા હોયતો એવા સારા પ્રસંગમા અમે પોતેજ સામૈયું લઇને સામા આવીએ અને રાજની દરેક રિયાસત સામે લાવીએ. તમારે મંદિરમાં પણ જે જાતની જરૂર હોય તે દરેક

વસ્તુ રાજમાંથી આપશું રાજ્યના મોટા તંબુ દેરા વગેરે જે જોઇએ તે આપશું પછી તો બ્રહ્માનંદ સ્વામી ખૂબ ખુશ થયા. અને મંદિરના પટમાં શમિયાણા; તંબુ દેરા ખડાં કર્યાં અને તે શોભાયમાન શમિયાણાની વચ્ચે રાજમાંથી લાવેલ સોનાનું સિંહાસન પણ શ્રી હરિને બિરાજવા માટે ગોઠવ્યું.

શ્રી હરિ પણ ગઢપુરથી ચતુરંગી સેના લઇ મુનિવરો, પાર્ષદો, કાઠીના સ્વારો તથા બંને આચાર્યોને સાથે લઇને જૂનાગઢને રસ્તે ચાલ્યા. રસ્તામાં આવતાં ગામના સત્સંગીઓને રાજી કરી તેમની સેવાને અંગીકાર કરતાં તેમને જૂનાગઢ આવવાનું આમંત્રણ આપતા એકમને દિવસે સવારમાં સોનરખ નદીના કિનારા પર જ્યાં આંબલીઓના ઝૂંડ છે ત્યાં આવીને વિસામો લીધો. નિર્મળ પાણીથી સ્નાન વિગેરે કરી પછી ત્યાંથી મજેવડી દરવાજા નજીક મોટા ચોગાનમાં એક મોટો તંબૂ ઉભો કર્યો હતો ત્યાં પધાર્યા. એક સ્વારે ગામમાં ખબર આપ્યા જેથી બ્રહ્મમુનિ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી તથા નાગર સદ્‌ગૃહસ્થો નવાબ સાહેબની સાથે સામૈયું લઇને સામે આવ્યા.

આ વખતે સવારનો પહોર હતો. સવિતા દેવ ગિરનારના પડખામાંથી બહાર આવ્યા. વનરાઈ ખીલી હતી. વૃક્ષોના નવાંકુરો કુણાંકુણાં ખીલેલાં હતાં. તેમાંથી લીલા લાલ અને પીળા પાન ઉપર સવિતા દેવના કુણાં કિરણ આવતાં હતાં. અને તેમાંથી ચળકારા કરતી કાંતિ એક બીજા પાન ઉપર જુદાં જુદાં રંગની પીચકારીઓ મારતી હતી, મંદમંદ સમીર વાતો હતો, કોયલો પવનથી હીચકતી આંબાની ડાળો પર બેસી ટહુકારા કરતી હતી. નીચે મયૂરો કળા પૂરીને નાચતા હતા. ઢેલોના ટોળા આમ-તેમ દોડતા હતા, તેવામાં શ્રીહરિના સન્માન માટે કેટલીક તોપોના અવાજો થયા. તેના શબ્દ સાંભળીને હજારો મયૂરો એકી સાથે ગહેકી ઉઠયા અને આખાયે વનમાં જાણે કે પોતે છડીદાર થઈને શ્રીહરિ પધાર્યાના સમાચાર સકળ વનવિથિકાને આપતા હોય તેવું જણાતું હતું. પવનના પ્રવાહમાં નાની નાની વૃક્ષની ડાળીઓ એકદમ ફરતી હતી, તે જાણીએ કે શ્રીહરિની પર ચામર કરતી હોય તેમ જણાતું હતું. શ્રીહરિ પણ સોનેરી શણગારમાં સજ્જ થયા હતા. મસ્તક પર કલંગીવાળી શોભાયમાન પાઘ ધારણ કરી હતી. તેમાં ફૂમકાવાળા હીરના તોરા લટકી રહ્યા હતા. અને એ ગુલાબી ફૂમકાના રંગની શેડયું શ્રીહરિના ચળકતા ગાલ પર પડતી હતી. એમની અજબ શોભા દરેકને આકર્ષણ કરતી હતી. મંદમંદ હસતું મરમાળું મૂખડું અને પરવાળા જેવા લાલ શ્રીહરિના હોઠ સુંદર શોભતા હતા. અશ્વ ઉપર બિરાજેલા મોહનવરને નીરખી ત્રણે સંતો અને નવાબ સાહેબ ખૂબ જ ખુશ થયા. અને પોતાના ધન્ય ભાગ્ય માની ભગવાનના ચરણ કમળમાં નમ્યા. શ્રીહરિએ તેઓને આશીર્વાદ આપ્યા. પછીથી નવાબ સાહેબના આગ્રહથી સોનાની અંબાડી-વાળા હાથી પર બિરાજ્યા. મુકુંદ બ્રહ્મચારી હાથમાં ચામર લઇ પાછળ બેઠા. બંને આચાર્યોને

તથા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરેને ચાંદીની ઘોડાગાડીમાં બેસાડ્યા. કેટલાક સંતો તાવદાન પર બેઠા. કેટલાક શિગ્રામ અને રથ પર બેઠા. કેટલાક ભક્તો ઘોડા ઉપર બેઠા. ઉઘાડા ભાલાવાળા કાડી દરબારો ખૂલ્લી તલવારો રાખી શ્રીહરિની આગળ ચાલ્યા, તેની આગળ કીર્તનવાળા હતા. તે નાચતા કૂદતા ચાલતા હતા. તેની આગળ રાજના બેન્ડવાળાની પલ્ટનો ચાલતી હતી. તેની આગળ ભગુજી, રતનજી, ભીમાભાઇ વગેરે શણગારેલા ઊંટ ઉપર બેસીને જતા હતા. તેની આગળ નોબતવાળા ચાલતા હતા. તેની આગળ નવાબ સાહેબનું ટકોર બાનું ઝાલર, નિશાન ડંકા ચાલતું હતું. તેની આગળ સુંદર ઘોડા પર નાના પ્રકારના નિશાનો રાખી બંકા ઘોડેસ્વારો ચાલતાં હતા.

આમ જૂનાગઢ શહેરમાં શ્રીહરિની સ્વારીએ પ્રવેશ કર્યો તેવામાં કોઈ દ્વેષીલા અધિકારીએ તોફાની વાળી ઘોડો બ્રહ્માનંદ સ્વામી માટે બેસવા મોકલ્યો. પછી સ્વામીએ તેના પર હાથ મૂકીને તેને નિષ્કામી બનાવી દીધો. તે સ્વારીમાં ઘોડીઓની વચ્ચે મોટા યોગીની પેઠે ચાલવા લાગ્યો. અને જ્યો ત્યાં સુધી નિષ્કામી રહ્યો. શ્રીહરિની સ્વારી શહેરમાં આગળ ચાલતી રાજમહેલ આગળ આવી. રાજમહેલના ગોખમાંથી નવાબ સાહેબની બેગમો ગોખમાંથી દર્શન કરતી હતી. અને નવાબ સાહેબ પણ દર્શન કરતા હતા ત્યાંથી શ્રીહરિની સ્વારી આગળ ચાલી. સર્કલ ચોક થઈને રાજમાર્ગમાં થઇને મંદિરે આવી પણ માણસોની અપાર ભીડ હતી. હેયે હેયું દળાતું હતું અટારી, અગાશી, ઘરના છાપરા એટલા વગેરે જ્યાં જુઓ ત્યાં અપાર મનુષ્યો હતા. મંદિરમાં શમિયાણા વચ્ચે અગાઉથી તૈયાર કરી રાખેલ સોનાના સિંહાસન પર શ્રીહરિ બિરાજ્યા. અને અનેક હરિભક્તો સંતો પાર્ષદો આ સભામાં બિરાજ્યા. થોડીવાર દર્શન આપી શ્રીહરિ યજ્ઞમંડપમાં પધાર્યા યજ્ઞમંડપ પણ સુંદર શણગાર્યો હતો. દરેક સ્તંભો પર કાચના તખ્તા જડ્યા હતા. સુશોભિત તોરણો લટકાવેલાં હતાં. શાસ્ત્રવિધિ પ્રમાણે વેદિકાઓ બનાવી હતી. એક વેદિકા પર રાધારમણદેવ, બીજી વેદિકા પર રણછોડરાય ત્રિકમરાય અને ત્રીજી વેદિકા પર સિદ્ધેશ્વર મહાદેવ અને પાર્વતીજી બિરાજેલા હતા.

ભગવાન યજ્ઞમંડપમા પધાર્યા એટલે દરેક બ્રાહ્મણો ઉભા થયા. અને ભગવાન એક શોભાયમાન આસન ઉપર વિરાજમાન થયા. બ્રાહ્મણોએ વેદમંત્રોથી યજ્ઞ નારાયણને આહૂતિ આપી પ્રભુની તથા પ્રતિમાની પૂજા કરાવી પછીથી શ્રીહરિ ગણપતિ પૂજન કરી દેવોનું પૂજન કરીને આરતિ ઉતારી આ વખતે નાના પ્રકારના વાજિંત્રો વાગ્યાં, ઢોલ, નગારાં, ત્રાંસા, ભેરી શરણાઈ વગેરે વાજાં વાગવા લાગ્યાં, આકાશમાંથી દેવોના દુદુંભી વાગ્યા ચંદનની વૃષ્ટિ થઈ. જય જય શબ્દો થયા. આ વખતે જૂનાગઢ ઉપર માનવ સાગરનું મોજું ફરી વળ્યું હતું. કોઈ ગાડાં રસ્તે, કોઈ પગ રસ્તે, ઘોડા પર બેસીને, ઊંટ પર બેસીને. જેમ જેને ફાવ્યું તેમ માનવ સમુદાય જીરણગઢના રસ્તા પર ચાલ્યો આવતો

હતો રસ્તા પરનાં અસંખ્ય વૃક્ષો નીચે માનવીઓના પડાવ હતા. સોનરખ અને કાળવા નદીના પટમાં માનવીના ઉતારા હતા. ગામમાં ધર્મશાળાઓમાં, લોકોને ઘરે જ્યાં જૂએ ત્યાં લોકોના ઉતારા હતાં. તિલક ચાંદલા વાળાના ટોળેટોળા ચાલ્યા આવ્યા હતા.

કેટલાક પ્રેમી ભકતો કેડે મૃદંગ બાંધીને ઉંચ સ્વરે 'લટકાળો લટકંતો રે આવે મોહન મોરલીવાતો રે' એ કિર્તન ઝાંઝ અને કરતાલનાં મધુરા અવાજે કરતાં ચાલ્યા. તેની પાછળ બીજી ભજનમંડળી 'હાંરે મારે આજ પ્રીતમ ઘેરે આવશે' આમ ગાતા ચાલ્યા આવતા હતા. તેની પાછળ ત્રીજી ભજન મંડળી 'સખી ગોકુળ ગામનાં ચોકમાં રે' તે ગાતાં અને દાંડીયા રાસની રમઝટ બોલાવતા ચાલ્યા આવતા હતા આમ, જૂનાગઢના ફરતા માર્ગો પર માનવીના પ્રવાહો જેમ દરિયામાં નદીઓ ઠલવાય તેમ જૂનાગઢમાં માનવીઓનો સમુદાય ઠલવાતો હતો. અને સૌના હૃદયમાં આનંદના ઓઘ ભર્યા હતા. મંદિરની આસપાસ મોટા મેદાનમાં કાઠીયાવાડી બાઈઓ નાના પ્રકારના અને ભરત ભરેલા અને આભલાં ટાંકેલા વસ્ત્રો પહેરી શ્રીહરિના કીર્તન ગાતી અને રાસડા લેતી અને બીજી બાજુ ગુજરાતની બાઈઓ પોતાના દેશના ગીતો ગાતી હતી, ત્રીજી બાજુ મારવાડી બાઈઓ હાથી દાંતના મોટા બલોયાં પહેરીને રમતી હતી, ચોથી બાજુ કચ્છી બાઈઓ પણ રાસડા લઈ પ્રભુના કીર્તન ગાતી હતી. કચ્છી ભાઈઓ પણ તબલાં ને ઝાંઝનો ઝકોળ કરતા અને લાંબા ઘેરાળા કેડિયા પહેરીને તથા માથે લાલ પાઘડી બાંધી શ્રીહરિના સ્મરણ સાથે કીર્તન ગાતા હતા અને નાચતા હતા. આ પ્રમાણે આજે જૂનાગઢ માનવીઓથી ઉભરાયું હતું. મંદિરોમાં, બજારોમાં, તથા ઝાડવા નીચે અને માર્ગોમાં જ્યાં જૂએ ત્યાં ચાંદલાવાળા માનવી દેખાતા હતા, મૂર્તિ પ્રતિષ્ઠાની આગલી રાત્રિએ જૂનાગઢ ગામમાં અને સીમમાં મનુષ્ય કયાંય માતા નહતા ચારે તરફથી માનવ મહેરામણ ઉમટયો હતો. રાત્રિએ ભજન મંડળીઓ ધૂન ભજનની રમઝટ બોલાવતી હતી અને તેનો પ્રચંડ નાદ ગિરનારની ગિરિમાળાઓ સુધી પહોંચી પાછો ફેંકાતો હતો. મંદિરને કાંગરે કાંગરે દીવા ઝબુકતા હતા. દહેરાઓ ઉપર પણ દિવાની હાર માળાઓ શોભતી હતી. આજે જૂનાગઢની જનતામાં આનંદનું મોજું પ્રસર્યું હતું સર્વત્ર એકજ વાત થતી હતી કે સ્વામિનારાયણ ભગવાન કાલે અહીં નવા મંદિરમાં મૂર્તિઓ પધરાવવાના છે શું તેમનો પ્રતાપ? જોત જોતામાં તો મંદિર ઉભું કરી દીધું આવું તો કયાંય જોયું નથી.

વૈશાખ વદ બીજનો મંગલ દિવસ આવી પહોંચ્યો. વહેલી પ્રભાતે પ્રભાતિયાંના મધુર સુરથી મંદિરનું વાતાવરણ બ્રહ્મભીનું થઈ ગયું હતું. બીજી બાજુએ વેદપાઠી બ્રહ્મણો મૂર્તિ પ્રતિષ્ઠાનો વેદોકત વિધિ કરાવતા હતા. ચારે તરફ મંગલ વાતાવરણ છવાયું હતું. ઢોલ, નગારા, ત્રાંસા, ભેરીના મધુર અવાજે ઉત્સવના આનંદમાં વધારો કરી રહ્યા હતા. આકાશમાંથી સૂર્યદેવ પણ વારંવાર ભગવાનની ઝાંખી કરી પાછા આગળ

વધતા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રભાતના પુનિત વાતાવરણમાં દરેક ખંડમાં સ્વહસ્તે મૂર્તિઓની સ્થાપના કરી અને તે પછીથી ષોડષ ઉપચારે પૂજન કરી પંચામૃતથી ભગવાનનો મહાઅભિષેક કર્યો. કેશર, અત્તર, ચંદન, મિશ્રિત ગંગાજળથી થતા ભગવાનના અભિષેકના દર્શન માટે સંતો અને હરિભક્તોની પડાપડી થતી હતી. તે પછી દરેક મૂર્તિઓને સુંદર ઝરીયાની શણગારો પહેરાવી દાગીનાં ધરાવી તેમની આગળ નૈવદ્યના થાળ ધરાવ્યા તેપછી ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે પ્રથમ શિખરમાં રાધારમણદેવની, વચલામાં રણછોડ ત્રિકમરાયની અને ત્રીજા દહેરામાં સિદ્ધેશ્વર મહાદેવ અને પાર્વતીજીની આરતી ઉતારી તે જ રીતે શ્રીજી એ પોતાના હસ્તે પોઠીયો, ગણપતિ અને પોળીમાં જમણી બાજુએ હનુમાનજીની મૂર્તિ પધરાવી. રાધારમણદેવ પાસે પોળીમાં ડાબી બાજુએ ગરુડજી પધરાવ્યા. કાશી વિશ્વનાથ મહાદેવના બાણની સ્થાપના શ્રીજી મહારાજે સ્વહસ્તે કરી છે. રણછોડ ત્રિકમરાયના આયુધ નીચે ચાર સનકાદિક પધરાવ્યા. શ્રીજીએ આ રીતે જ્યારે મૂર્તિ પ્રતિષ્ઠા કરી, આરતિ ઉતારી ત્યારે શ્રીજીના શરીરમાંથી દિવ્ય પ્રકાશ નિકળ્યો અને તે પ્રકાશ રાધારમણદેવ, રણછોડ ત્રિકમરાય અને સિદ્ધેશ્વર મહાદેવની મૂર્તિઓમાં સમાયો. આ રીતે સવંત ૧૮૮૪ના વૈશાખ વદી બીજને ગુરુવારના દિવસે રાધારમણ આદિ દેવોની જૂનાગઢ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ.

આ પ્રસંગે હજારો બ્રાહ્મણો અને ભક્તજનોને શ્રીજીએ જમાડ્યા સવાર સાંજ મોટું રસોડું ચાલું રહેતું. બ્રાહ્મણોને જમાડી બહોળી દક્ષિણા આપી રાજી કર્યો.

જૂનાગઢના મહંત તરીકે મહા પ્રતાપી ગુણ ગંભીર સ્વામી ગુણાતિતાનંદજીને સ્થાપ્યા, સ્વામીની સાથે સ્વામી વાસુદેવાનંદજી, આનંદ બ્રહ્મચારી, રાઘવાનંદ સ્વામી, વર્જ્યાનંદ સ્વામી રામાનુજનંદ સ્વામી વગેરે સંતો તથા જોરા ભગત આદિ પાર્ષદો જૂનાગઢ મંદિરમાં સ્વામી સાથે મંદિરમાં રોકાયા. જૂનાગઢ મંદિરની આજીવિકા માટે શ્રી હરિએ દીવ, દ્વારકા, અમરેલીથી પોરબંદર વચ્ચેનો બધો પ્રદેશ રાધારમણ દેવને સુપ્રત કર્યો. અને સત્સંગમાં તે જૂનાગઢ દેશ તરીકે જાણીતો છે. આ રીતે સૌરાષ્ટ્રના આગળ પડતાં અને ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યના સ્થળે ભગવાન સ્વામિનારાયણના શિખરબંધ મંદિરની સ્થાપના થઈ. આ મંદિરની સ્થાપના પાછળ પરમ ભગવદીય શ્રી ઝીણાભાઇનો હાર્દિક પ્રયાસ મુખ્ય ભાગ ભજવી ગયો છે. તે સંબંધની વાત હવે પછીના લેખમાંથી જાણવા મળશે.

આજે આ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા થયે **દોઢસો વર્ષ** થઈ ગયાં. તેનો મંગલ મહોત્સવ જૂનાગઢ મંદિરમાં ઉજવાઇ રહ્યો છે એ આખાય સંપ્રદાય માટેના અને સોરઠવાસી સહુના આનંદ પ્રસંગે મંદિરના દેવોની પ્રથમ પ્રતિષ્ઠાની વિગત સહુએ જાણવી જરૂરી છે.

"જરણ દૂરગ જૌ' જગન્નિવાસ,
શુભ પ્રતિમા પધરાવી સ્વ પ્રકાશ,
પુનિત ચરિતને સુણે સુણાવે,
પ્રભુપદ પ્રીતિ અખંડ ચિત્ત આવે"

"જીરણગઢની માંય, કરો મંદિર સુંદર ત્યાંય"

—પુ. જ્ઞાનસ્વરૂપદાસજી

સોરઠના સોહામણા પ્રદેશમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકવાર વિચરણ કર્યું છે, અને સંતોને ભકતોને અનંત પ્રકારના સુખ આપ્યાં છે, તે વાત ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં વર્ણવી છે કે:–

"બ્રહ્માદિકને મળે નહિ જેહ,
લીધું સોરઠી જને સુખ તેહ"

આ પ્રદેશમાં એક એકથી ચડિયાતા અનેક ભકતો થઇ ગયા છે. જ્યારે સોરઠ દેશની વાત કરીએ ત્યારે ભકતરાજ શ્રી ઠાકોર ઝીણાભાઈને તો કેમ ભૂલી શકીએ? જૂનાગઢ મંદિરની જે સ્થાપના થઇ તેના ઇતિહાસમાં પ. ભ. શ્રી ઝીણાભાઇ જે રીતે નિમિત્તરૂપ બન્યા છે તે એક ખરેખર અદ્‌ભૂત પ્રસંગ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણને જૂનાગઢમાં આમંત્રણ આપી તેમનું રાજ્ય તરફથી સન્માન કરાવવામાં પણ ઝીણાભાઇનો મોટો ફાળો છે ઝીણાભાઈની સર્વ ક્રિયા જોઇએ તો ભગવાન શ્રી હરિ કેમ રાજી થાય એજ એમને મનમાં તાન રહેતું. દરબાર શ્રી ઝીણાભાઈએ શ્રીજી મહારાજને પોતાના ગામ પંચાળામાં પણ અનેકવાર પધરાવ્યા છે. સંવત ૧૮૭૯ની સાલમાં પંચાળામાં શ્રીજી મહારાજે ફૂલ દોલનો મોટો ઉત્સવ કર્યો અને ઝીણાભાઇને આંગણે અનેક સત્સંગીઓ ભેળા થયા. આવા અનેક ઉત્સવનો લાભ સોરઠના સત્સંગ સમાજને મળ્યો પરંતુ, ભગવાન શ્રી હરિએ અમદાવાદ, વડતાલ વગેરે સ્થળોએ મહામંદિરો રચ્યાં. પણ સૌરાષ્ટ્રની જનતાને સૌરાષ્ટ્રમાં જ શ્રીજી મંદિરનો લાભ મળે તો સારું. આ વિચાર શ્રી ઝીણાભાઇના મનમાં ઘણા સમયથી ઘોળાયા કરતો હતો. સોરઠના જનો વારંવાર ગુજરાતમાં જઈ ન શકે અને તેથી આ પ્રદેશમાં જ એક મહામંદિર થાય એવી ઘણાને ઇચ્છા તો હતી જ પણ શ્રીજી આગળ એ રજુઆત કોણ કરે? શ્રી ઝીણાભાઇનું જીવન જોઇએ તો સંતો સત્સંગીઓની સેવામાં સદાય તે તત્પર રહેતા. સોરઠમાં ભાવિ સત્સંગ સમાજની સેવારૂપ શ્રીજી મંદિર કરવાનો યશ પણ શ્રી ઝીણાભાઇના ફાળે જાય છે.

જૂનાગઢમાં મંદિર કરવા માટેની પ્રાર્થના

કરવા શ્રી ઝીણાભાઇ જૂનાગઢથી ખાસ ગઢપુર ગયા અને શ્રીજીને જૂનાગઢમાં મંદિર કરવા માટેનો શુભ સંકલ્પ દર્શાવી જે પ્રાર્થના કરી તે વાત નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં ખૂબ ભાવવાહી શૈલીમાં વર્ણવી છે.

"એક સોરઠ દેશમાં જન, હેમંતસિંહ પાવન જેને પ્રાત ઘણી પ્રભુમાંઈ, સ્વામી વિના વહાલું નહિ કાંઇ કરી તન ધન કુરબાણ, થઈ રહ્યા પ્રભુના વેચાણ, ભક્ત અતિ એકાંતિક અવલ, ભૂલે નહિ પ્રભુને પલ. જે કારણે આ મનુષ્ય દેહ, તેતો કિધું છે સરવે તેહ; રહી એક મને અભિલાષ, પૂરી જાઉં પ્રભુ પાસ. પછી ચાલ્યા ત્યાંથી ઝીણોભાઇ, આવ્યા ગઢડે નાથ હતાં ત્યાંઇ આંત હરખે નિરખ્યા નાથ, પછી બેઠા પાસે જોડી હાથ પછી હેત હારએ બોલાવ્યા, ઝીણાભાઇ ભલે તમે આવ્યા, ત્યારે ઝીણાભાઇ કહે મહારાજ; આવ્યો છઉં મનોરથે આજ. પુરો કરો મારો મનોરથ, કરવા પ્રભુ તમે છો સમર્થ,

કહું જીરણ ગઢને માંઇ કરો મંદિર સુંદર ત્યાંઇ.
તેમા સારી મુરતી બેસારો, કરો પૂરો મનોરથ મારો

બીજી પણ એટલી છે આશ, પ્રભુ રાખિયે તમારે પાસ.
કહે નાથ આપ્યો કોલ એહ, થાશે તમે જે ધાર્યું છે તેહ.
(ભ. ચિ. પ્ર. ૯૭)

શ્રી હરિલીલામૃતમાં પણ જૂનાગઢથી ઝીણાભાઇ ગઢડે આવ્યા તે વાત નીચેની પંક્તિમાં વર્ણવી છે.

"એવામાં જૂનેગઢનો વાસ,
ઝીણોભાઇ આવ્યા પ્રભુ પાસ.
મોટું મંદિર શિખરવાળું,
કૃપાનાથ કરાવો કૃપાળું."

ભગવાન શ્રી હરિ ઝીણાભાઇની આ વિનંતિ સાંભળી ખુબ રાજી થયા અને પોતે વચન આપ્યું કે અમે જરૂર જૂનાગઢમાં મંદિર કરીશું. પરંતુ થોડા સમય બાદ શ્રી ઝીણાભાઇનું શરીર બીમારીને લીધે નરમ થવા લાગ્યું અને તેમને મનમાં થયું કે હવે આ દેહ રહેશે નહિ તેમને ભગવાનનાં દર્શન સિવાય અને જૂનાગઢમાં મંદિર થાય એ સિવાય મનમાં બીજી કોઇ ઇચ્છા નહોતી. જગતના જીવો માંદા સાજા થાય ત્યારે સગાં સંબંધીને સંભારે, તેમને બોલાવે પરંતુ ઝીણાભાઇએ તો સાચાસગા અને સાચા સ્નેહી એક શ્રીજીનેજ ધાર્યા હતા તેમણે નવલસંઘને ગઢપુર મોકલી શ્રીજીને સમાચાર કહ્યા કે મારું શરીર ઘણું નરમ થઇ ગયું છે તો કૃપા કરી આપ દર્શન દેવા પધારો તો સારું શ્રીજી મહારાજ આ ખબર સાંભળી ઊંડા ઉતરી ગયા તે વખતે ઝીણાભાઇના બેન અદીબા ગઢડા દર્શને આવેલા શ્રીજીએ મયારામ ભટ્ટને બોલાવ્યા અને વાત કરી કે ઝીણાભાઇની ગંભીર સ્થિતિ છે માટે અદીબાને લઇ ગાડું કરી તમે તરતજ જૂનાગઢ પહોંચી જાવ.

બીજી બાજુ શ્રીજી મહારાજ પણ મુકતાનંદ સ્વામી નિષ્કુળાનંદ સ્વામી મુકુંદ બ્રહ્મચારી વગેરે સંતો રતનજી, ભગુજી આદિક પાર્ષદો દાદા ખાચર, લાધાઠક્કર આદી સત્સંગીને લઇ તરતજ જૂનાગઢ જવા માટે રવાના થયા. ઉતાવળે જૂનાગઢ પહોંચી શ્રીજી મહારાજ સીધા ઝીણાભાઇની મેડીએ જ્યાં ઝીણાભાઇ માંદગીને બિછાને શ્રીજીનું સ્મરણ કરતા સુતા હતા ત્યાં જઇ તેમની ખબર પુછી. ઝીણાભાઇના માતુશ્રી ગંગાબા તો ભગવાન શ્રી હરિ પધાર્યા છે તે

જાણી ખુબ રાજી થયા ડોસીમાએ પોતાના પુત્ર તરફના વાત્સલ્ય ભાવથી પ્રેરાઈને શ્રીજીને ગદ્ ગદ્ કંઠે કહ્યું કે મહારાજ ! મારા ઝીણાને હવે આપ પધાર્યા એટલે સારું થઇ જશે અને રોગ બધો દૂર થશે. મહારાજે ગંભીરતાથી મર્મમાં કહ્યું કે ગંગા બા તમે જરાય ચિંતા કરશો નહિ. ઝીણાભાઇનો રોગમાત્ર અમારે દુર કરી દેવો છે અને તેમને સર્વ પ્રકારે સુખીયા કરવા છે. થોડીવારે ઝીણાભાઇને ખ્યાલ આવ્યો કે મહારાજ પધાર્યા છે ત્યારે તેઓ હૃદયના ઉમળકાથી રોમાંચિત થઇ ગયા પથારીમાંથી ઉઠવા પ્રયત્ન કર્યો પરંતુ શ્રીજીએ એમને તેમના મસ્તક ઉપર પોતાનો પ્રેમાળ હસ્ત ફેરવી તેમને સૂતા રહેવા કહ્યું. ઝીણાભાઈની આંખમાં હર્ષના અશ્રુ ઉભરાયાં છે. શ્રીજીના દર્શનથી પ્રસન્ન થયા છે. અંતકાળનો સમય અને જેને પામવા છે તેજ સામે આવીને ઉભા છે તે જાણી ઝીણાભાઇ કૃતાર્થ થયા છે. આજે પોતાના જીવનની તે ધન્યતા અનુભવી રહ્યા છે. પંચાળાના રાસમાં જેમણે કૃષ્ણ જન્મ સમયનાં રાસને પણ ભૂલાવીદે એવી જે અલૌકિક લીલા કરી અને જે અનોખો આનંદ આપેલો તે લાડીલો લાલ આજે પોતાને દર્શન દેવા પધાર્યા છે, તે જોઈ શ્રીજીની અનેક દિવ્ય માનુષી લીલાઓ તેમના સ્મરણ પટ પર તાજી થઇ શ્રીજીના કરુણામય અવતારી કાર્યથી તેઓ ગદ્ ગદિત થઇ ગયા અને કૃષ શરીરને લીધે ઉભા થઇ શકયા નહિ પરંતુ મનોમન શ્રીજીના દિવ્ય ચરણારવિંદમાં નમી પડયા. ભાવિક ભકતના હૃદયનો ભાવ જોઈ, શ્રી હરિપણ આજે લહેરમાં આવી ગયા. ભગવાને પૂછયું ઝીણાભાઈ તમેમને ખુબ રાજી કર્યો છે, બોલો આજે તમે માગો તે આપું તમારે જે કાંઈ જોઇએ તે આપવા હું બંધાયેલો છું, જે ધામમાં જવું હોય ત્યાં હું તમને મોકલી આપું. ઝીણાભાઈએ બે હાથ જોડી મહારાજને ઝીણા સાદે કહ્યું: મહારાજ મળ્યા પછી મારે બીજી હૃદયમાં કોઈ વાસના નથી સદાય તમારી સેવામાં રાખજો.

થોડી ક્ષણો વાતાવરણમાં ગંભીરતા છવાઇ ગઈ તેને તોડતાં શ્રીજીએ પુછયું "હઠીસિંહ માટે (ઝીણાભાઈના પુત્રનું નામ હઠીસિંહ હતું) કાંઈ કહેવું છે ? ઝીણાભાઇએ માંદગીને બિછાનેથી અંત અવસ્થામાં પણ આ પ્રશ્નનો જે જવાબ આપ્યો છે તે સહુએ મનન કરવા જેવો છે. ઝીણાભાઇએ કહ્યું, **"જો હઠી તમારો થશે તો મારે કંઇ ભલામણ કરવી નહિ પડે" અને તમારો નહિ થાય તો મારી કરેલી ભલામણ કંઇ કામની નથી."**

ઝીણાભાઇની આ વાતમાં કેટલો બધો ઉંડો મર્મ સમાયેલો છે ? પોતાનું બાળક સત્સંગ રાખે દૈવી બને, પ્રભુની નિષ્ઠા રાખે એ મોટી વાત છે એને પછી બીજી કશાની જરૂર રહેતી નથી એ વાત આજના મા-બાપોએ ખુબ સમજવા જેવી છે. શ્રીજીએ ફરીથી કંઈ ઇચ્છા માટે પૂછયું ત્યારે ઝીણાભાઇએ કહ્યું કે અહીં મંદિર કરવાનું વચન આપ્યું છે તે પ્રમાણે આ મેડી આગળ જરૂર મંદિર કરાવજો એટલી મારી પ્રાર્થના છે, શ્રીજીએ કહ્યું કે અહીં મોટું મંદિર કરાવીશું અને અમારે હસ્તે જ તેમાં

મૂર્તિઓ સ્થાપીશું, આ વાત સાંભળી ઝીણાભાઇના મનમાં અત્યંત સંતોષ થયેા. શ્રીજીએ જોયું કે હવે ઝીણાભાઇના મનમાં કોઈ પ્રકારની વાસના રહી નથી. એટલે છેવટમાં પોતાના સ્વરૂપનું અલૌકિક જ્ઞાન આપી ધ્યાન કરાવી સવંત ૧૮૮૨ના માગસર સુદ ૧૦ના રોજ ધામમાં પહોંચાડી દીધા.

પછીથી બીજે દિવસે માગસર સુદ એકાદશીને દિવસે શ્રીજી મહારાજે મોટી સભા ભરી તેમાં સંતો, પાર્ષદો અને હરિભકતો તથા ઝીણાભાઈના કુટુંબીજનો ભેગા થયા હતા શ્રીજી મહારાજે સહુને આશ્વાસન આપ્યું ઝીણાભાઈની નિષ્ઠા અને સેવાનું વર્ણન કર્યું તેમના કુટુંબીજનોને પણ તેમના જેવી સમજણ રાખવા અનુરોધ કર્યો. આ સભામાં ઝીણાભાઇના કાકાના દીકરા દાદાભાઇ કે જે સુરજસંગ તરીકે જાણીતા હતા તેઓ બેઠા હતા તેમને શ્રીજી મહારાજે કહ્યું કે તેઓ હવે ઝીણાભાઇને ઠેકાણે છે. અને કુટુંબના વડીલ છે. દાદાભાઇએ આ સાંભળી શ્રીજીના ચરણમાં મસ્તક નમાવી કહ્યું કે મહારાજ હવે તમે અમારી સંભાળ રાખજો અને જે કંઇ સેવા હોય તે ચીંધજો. શ્રીજી મહારાજે આ સાંભળી કહ્યું કે અમારે બીજી કોઇ સેવા જોઇતી નથી પરંતુ અમારે ઝીણાભાઇનો સંકલ્પ પુરો કરવો છે. દાદાભાઇએ ઉત્સુકતાથી પૂછયું "મહારાજ શેનો સંકલ્પ ? "ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું કે ઝીણાભાઇએ અગાઉ પણ અમને અહીં મંદિર કરવા પ્રાર્થના કરી હતી અને અંતકાળે પણ તેજ ઇચ્છા દર્શાવી છે. ઝીણાભાઈએ તો કહેલું કે મારી મેડી પાડીને પણ આ સ્થળે મંદિર કરજો પરંતુ આટલી જગ્યામાં મંદિર કેવી રીતે કરવું એ એક મોટો પ્રશ્ન છે. આ સાંભળી સૌ શાંત થઇ ગયા. શ્રીજી મહારાજ પણ ઉંડા ઉતરી ગયા અને થોડીવારે બોલ્યા આ ભકતરાજનો સંકલ્પ અમારે પૂરો તો કરવો જ છે. તે વખતે દાદાભાઇએ બીજો કશો વિચાર કર્યા વગર કહી દીધું કે જો મંદિર માટે આ મારી વાડી કામ આવતી હોય તો કૃષ્ણાર્પણ

રાજ્યની રજા ચિઠ્ઠી

ઠાકોર સોલંકી સુરસંગ (દાદાભાઇ) સુજાનસંગ, જત તમે તમારી ફુલવાડી સ્વામિનારાયણને શ્રી ઠાકોરજીના મંદિર સારૂ ભેટ કરી છે. તેમાં સુખેથી સ્વામિનારાયણ ઠાકોર મંદિર કરાવે. સરકારથી. રૂડી રીતે સાધુ રહે છે, તેની બાલશ રહેશે. નિરંતર કોઇ વાતે હરકત મુજરમત થાશે નહિ. ઇ વાતમાં કોલ સરકારનો છે. સંવત ૧૮૮૨ મા. શુદ લાકડા સાગવાન વગેરે મંગાવવા થાશે. તેમાં નેક બખતી પોતાની મોકલશે. વાસ્તે મહેસૂલી તથા રાહદારી તેહની મુત્સદ્દી મહાલના તા. ચબુતરા સાચરના મુજરમત થાશે નહીં.

માફ ચાલુ કિધું છે સંવત ૧૮૮૨. મા

(દાદાભાઇએ પોતાની વાડી મંદિરને કૃષ્ણાપર્ણ કરી તે પછી મળેલી રાજ્યની રજાચિઠ્ઠી)

કરું છું શ્રીજી મહારાજ આ સાંભળી ખુબ રાજી થયાને લાધા ઠક્કરને કહ્યું તમે જમીનના લેખની તૈયારી કરો. દાદાભાઈને મનમાં એમકે નિરાંતે લેખ પછી થશે. શ્રીજી મહારાજે સમજાવ્યું. કે ધર્મનું કામ તો જલ્દી કરવું જોઇએ. એમાં કાલ ઉપર વાત ન રખાય. વળી એકાદશીનો પવિત્ર દિવસ એટલે વગર જોયું મૂહૂર્ત છે. દાદાભાઈ પણ સંમત થયા અને વાડીનો લેખ કરી આપ્યો. આમ ખૂબ સરળતાથી જમીન માટેનો પ્રશ્ન પતી ગયો. સભા પૂરી થઈ.

શ્રીજી મહારાજ બીજે દિવસે પણ જૂનાગઢમાં રોકાયા. મંદિર કયાં કેવી રીતે કરવું તે નકકી કરવા દાદાભાઈને સાથે લઈ, સંતો અને હરિભકતો ભેળા ભગવાન શ્રી હરિ આખી વાડીમાં ફર્યા. પછી અત્યારે જ્યાં બ્રહ્મચારી આવાસ છે ત્યાંથી છેક હાલમાં સાધુનો ભંડાર છે તેના ખૂણા સુધી પોતાની મોજડીથી ચાલતાં ચાલતાં લીટો તાણ્યો અને સૂચના આપીકે નાગરવાડામાં મંદિર કરવું અને ઓરીયામાં સાધુની ધર્મશાળા કરવી. તે જગાએ રેતીનો ઢગલો પડેલો હતો તેના ઉપર શ્રી હરિ સૂતા–અને સંતોને કહ્યું કે તમારે **ત્યાગીઓએ આ રીતે જડ ભરતની જેમ** રહેવું. આ જગ્યાએ પાછળથી ઓટો થયેલો છે. શ્રીજીનો આ ઉપદેશ ખરેખર ખૂબયાદ કરવા જેવો છે. તે વખતના સંતોને શ્રીજીએ સાચેજ જડ ભરત જેવા બ્રહ્મસ્વરૂપ બનાવી દીધા હતા.

આ રીતે મંદિર માટેનું કેવી રીતે કયા સંજોગોમાં નકકી થયું તેની વિગત આ લેખમાં જોઇને પછી મંદિરનું નિર્માણ કેવી રીતે થયું અને પ્રતિષ્ઠા મહોત્સવ કેવી રીતે ઉજવાયો તે પ્રસંગ પૂ. પુરાણી સ્વામીના આગલા લેખમાં વર્ણવાયો છે.

આ રીતે જૂનાગઢના મંદિર નિર્માણમાં શ્રી ઝીણાભાઇ મુખ્ય નિમિત રૂપ બન્યા છે, તેમને આ સાર્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે આપણે કેમ ભૂલી શકીશું?....અને વાડી અર્પણ કરનાર તેમના કુટુંબી દાદાભાઈની ઉદારતાને પણ બીરદાવ્યા વગર કેમ ચાલે? આવા ભકતોના જીવનમાંથી સત્સંગની નિષ્ઠા અને સત્સંગની સેવાનું નિષ્કામ બળ મેળવીએ અને આવા ભકતરાજોને વંદના કરીએ.

ફુલદોલ ઉત્સવ

મયારામ ભટ્ટ સં. ૧૮૬૬માં ગઢડે શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયેલા. ત્યાં તેમણે શ્રીજી મહારાજને વિનંતિ કરી કે આપ જુનાગઢ પધારો અને ફુલદોલનો ઉત્સવ કરોતો સંત્સગીઓને લાભ મળે. મહારાજે પ્રાર્થના સ્વીકારી અને ફુલદોલ ઉત્સવ ઉપર જુનાગઢ પધાર્યા. હરિલીલામૃતમાં તેનું નીચે પ્રમાણે વર્ણન થયું છે.

"સામા સૌ સત્સંગીઓ આવ્યા,
વાજતે ગાજતે પધરાવ્યા.
દાદાભાઈની મેડિયે જઇને,
કર્યો ઉતારો ત્યાં રાજી થઇને
ફુલદોળ ઉપર ઘનશ્યામે,
લખી કંકોતરી ઠામે ઠામે;
સતસંગીને સંત તેડાવ્યા,
ફુલદોળ ઉપર સહુ આવ્યા.
રૂડા વિધવિધ રંગ રચાવી,
કર્યો ખેલ હરખ ઉર લાવી,
કરી લીલા અનેક પ્રકારે,
સદા ધ્યાનમાં રહિ સંભારે.
બ્રહ્માદિકને મળે નહિ જેહ
લીધું સોરઠિજને સુખ તેહ,
ગયા હરિજન નિજ નિજ ગામ,
રહ્યા શ્રી હરિ તે ઠામ.
સતસંગી જીરણગઢવાસી,
સેવે સ્નેહ સહિત સુખરાશી,
કરે પધરામણી રૂડી પેરે,
જમવાને તેડે ઘેર ઘેરે.

સેવાથી રિઝ્યા શ્રીહરિ

—સ્વામી રામકૃષ્ણદાસજી (ભૂજ)

સંવત ૧૮૫૮ના માગસર સુદ તેરસના દિવસે સોરઠ પ્રદેશના ફણેણી ગામમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ પોતાનો દેહ છોડ્યો અને તેમના ચૌદમાને દિવસે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ એકત્રિત થયેલી મોટી સભાને સદુપદેશ આપ્યો અને શીતળદાસને સમાધિ કરાવી અને પોતાનું પુરુષોત્તમપણું દર્શાવ્યું. શીતળદાસે સમાધિમાંથી જાગી સહજાનંદસ્વામીના ભગવાનપણાની જ્યારે સભામાં વાત કરી ત્યારે પંચાળાના ઠાકોર ભકતવર્ય શ્રી ઝીણાભાઈ એ સભામાં હાજર હતા ત્યારથી તેમને સહજાનંદ સ્વામીનો અનન્ય નિશ્ચય થઈ ગયો, સત્સંગ માટે તેઓ તત્પર રહેતા. નિયમ, નિશ્ચય અને પક્ષ તેમના જીવનમાં વણાઈ ગયા હતા. શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે માંદા સાજાની સેવા માટે તેઓ જરાય પાછી પાની કરતા નહિ. તેમના જીવનનો તે અંગેનો એક પ્રેરણાત્મક પ્રસંગ અહીં જોઇએ.

પંચાળાથી સોળેક માઇલ દૂર માંગરોળ બંદર આવેલું છે. માંગરોળમાં શ્રીજી મહારાજે ઘણા ઉત્સવ કરેલા અને ઐશ્વર્યો પણ દર્શાવેલાં તેથી માંગરોળમાં સત્સંગનો સારો પ્રચાર થયેલો.

ત્યાં કમળશીભાઇ વાંઝા કરીને એક સારા સત્સંગી હતા. તેમના કુટુંબમાં કોઈને સત્સંગ નહિ અને કમળશીભાઇ સત્સંગ રાખે એ તેમને રુચે નહિ કમળશીભાઇને કૌટુંબિક ઘણી ઉપાધિઓ હતી પરંતુ તેતો શ્રીજી મહારાજમાં દૃઢ શ્રદ્ધા રાખી જીવન વીતાવતા હતા. વૃદ્ધાવસ્થા થતાં કમળશીભાઇ ખુબ બીમાર પડ્યા. સ્વાર્થના સગાં એવા કુટુંબીજનો કોઇ સેવા કરે નહિ અને બિચારા કમળશીભાઈ રીબાયા કરે.

કોઇ કામ પ્રસંગે ઝીણાભાઈને માંગરોળ આવવાનું થયું તેમને કમળશીભાઇ પ્રત્યે સત્સંગી તરીકે ઘણું હેત હતું. તેથી તે તેમને મળવા ગયા. જ્યારે જોયું કે છેલ્લી અવસ્થામાં કમળશીભાઈની સેવા થતી નથી ત્યારે તેઓ દયા ભાવથી ખુબજ વ્યાકૂળ થઈ ગયા અને મનોમન નિશ્ચય કરી કમળશીભાઈને કહ્યું "કમળશીભાઇ તમે પંચાળા ચાલો હું તમારી બધી સેવા કરીશ."

"ઠાકોર, આપને મારાથી એવી તકલીફ કેમ અપાય?" એમ કહેતાં કહેતાં કમળશી-

ભાઈની આંખમાં આંસુ આવી ગયાં. "નહીં, કમળશીભાઈ, તમે જરાય મુંઝાવ નહિ સત્સંગી તરીકે આપણે બે ભાઈઓ છીએ અને ભાઈ તરીકે સેવા કરવી એ મારી ફરજ છે." ઝીણાભાઈએ પોતાના હૃદયનો ભાવ દર્શાવતાં જણાવ્યું. "પરંતુ હું તો ઉભો થઈ શકું તેવી પણ સ્થિતિ નથી." કમળશીભાઈએ નિઃસાસો નાંખતા કહ્યું. "તેનો ઉપાય કરીશું" એમ કહેતાંક'ને ઝીણાભાઈ ઘરની બહાર નિકળ્યા અને કમળશીભાઈનો ખાટલો ઉંચકી અને પંચાળા મુકી જવા ચાર મજૂરોની શોધ કરવા લાગ્યા. પરંતુ ત્રણ જ મજૂર મળ્યા અને હવે માંદાની સેવા માટે વધુ સમયનો વિલંબ કરવો યોગ્ય ન લાગતાં ત્રણ મજૂરો સાથે જ તે પાછા ફર્યા. ત્રણેને ખાટલો ઉપાડવા કહ્યું કમળશીભાઇ તો ઝીણાભાઇનો આવો પ્રેમ જોઈ સ્તબ્ધ થઇ ગયા હતા, ચોથા મજૂર વગર કેવી રીતે ખાટલો ઉંચકાશે તેનો કમળશીભાઇ વિચાર કરે તે પહેલાં જ ઝીણાભાઈએ તે ઉપાડયો અને પંચાળાના ઠાકોર સોરઠ દેશના જાણીતા, માંગરોળમાં પણ સુપ્રસિદ્ધ એવા ઝીણાભાઇ જરાય શરમ કે સંકોચ રાખ્યા વગર ત્રણ મજૂરો સાથે ખાટલો ઉંચકી ગામમાંથી પસાર થવા લાગ્યા. કોઇકે કહ્યું પણ ખરું કે ઠાકોર સાહેબ આપને આ ન શોભે. ત્યારે ઝીણાભાઈએ હસીને જવાબ વાળ્યો કે સેવામાં નાનપ નથી. આતો મોટા પૂણ્યનું કામ છે. બીજા ઘણાએ રોકયા પરંતુ ઝીણાભાઈ તો મકકમ રહ્યા. છેવટે ઘણા દૂર ગયા. પછી ગામમાંથી કોઈએ મજૂર મોકલ્યો ત્યાં સુધી પોતે જ ખાટલો ઉપાડી ચાલતા રહ્યા.

પંચાળામાં જઈ તેમની મહિમાપૂર્વક ખુબજ સેવા કરી અને તેમને સાજા કર્યા. શ્રીજી મહારાજ ઝીણાભાઇને ત્યાં પધાર્યા ત્યારે આ વાત જાણી તેઓ ખુબજ રાજી થયા અને તેમને બાથમાં લઇ ઘણા હેતથી ભેટયા અને હૃદયના આશીર્વાદ આપ્યા.

આ વાતને ઘણા વર્ષો વહી ગયાં. ઝીણાભાઇનો અંતકાળ નજીક આવ્યો. ભગવાન શ્રી હરિ ગઢડાથી બાસ તેમને દર્શન દેવા જૂનાગઢ મુકામે પધાર્યા અને સવંત ૧૮૮૨ના માગશર સુદ દશમે તેમણે નિજ સ્વરૂપનું સર્વોપરી જ્ઞાન આપી અક્ષરધામમાં નિજ સેવામાં મોકલી દીધા.

આખાય જૂનાગઢ શહેરમાં ગમગીનતા છવાઇ ગઇ. સત્સંગીઓ અને શહેરીજનો તેમની અંતિમ યાત્રામાં ભાગ લેવા આવી ગયા. ઝીણાભાઇની મેડીએ ધૂન ભજન થઇ રહ્યાં છે. નનામી તૈયાર થઇ ગઈ અને તે વખતે શ્રીજી મહારાજે પોતે નનામી પોતાના ખભે લીધી ત્યારે સહુને ખુબજ આશ્ચર્ય થયું અને ઝીણાભાઇના સદ્‌ભાગ્યની સહુ વાતો કરવા લાગ્યા. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ જેની નનામી આ રીતે ઉપાડે તેના ભાગ્યનો પાર ન ગણાય. ઝીણાભાઇનો અંતિમ વિધિ ગિરનાર તરફ જવાનાં રસ્તે કરવામાં આવ્યો. તે વખતે સહુના મનમાં ઘોળાતા વિચારોનું સમાધાન કરતાં શ્રીજીએ વાત કરી જે ઝીણાભાઇએ કમળશીભકતનો

ખાટલો જાતે ઉપાડયો હતો તો અમે તેમની નનામી ઉપાડી તેમાં કશું જ વિશેષ કર્યું નથી. શ્રીજીને પછી નારાયણ ધરામાં સ્નાન કર્યું (તે આગળ ફકરામાં વાંચો) સેવા કરનાર ભકત ઉપર ભગવાનની કેટલી પ્રસન્નતા ઉતરે છે તે આ ઉપરથી સમજાય છે. માટે સત્સંગીઓ પ્રત્યે કુટુંબના જેવી ભાવના રાખવી તેમનો પક્ષ રાખવો અને બને તેટલી સેવા કરવી. વધુમાં શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં પણ રોગાર્તસ્ય મનુષ્યસ્ય યથાશકિત ચ મામકૈઃ રોગાતુર એવા જે કોઇ મનુષ્ય તેમની જે સેવા તે જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવાની આજ્ઞા કરી છે, તેનું ઝીણાભાઇએ ખરા ભાવથી પાલન કરી સેવાનો ઉચ્ચ આદર્શ બતાવ્યો છે. તેમાંથી આ દોઢસો વર્ષના પાટોત્સવ પ્રસંગે સહુએ પ્રેરણા લેવી જોઈએ.

મોટું રાજય મળે તો ?

"માડી તમારા દીકરાને જુનાગઢનું રાજય મળે તો તમે ખુશી થાવ કે નહીં ?"

"તો તો, મહારાજ હું ખુબ ખુશી થાઉં." ગંગાબાએ મલકાતાં જવાબ આપ્યો. "પણ, મા, જો ઝીણાને વડોદરાનું રાજય અપાવીએતો ?" ભગવાન સ્વામિનારાયણે ઝીણાભાઈના માતુશ્રીને ધીમે રહીને પ્રશ્ન કર્યો. "એવું થાય તો તો હું રાજી રાજી થઈ જવું." આનંદના સુરો માજીના મુખમાંથી સરી પડયા. "પણ ગંગામા, અત્યારે તો અંગ્રેજનું રાજય મલકમાં મોટું ગણાય. એ જો ઝીણાભાઇને મળે તો ?" શ્રીજીએ આગળ વધતાં પૂછયું. માજીએ તેમાં વધુ ખુશી બતાવી. પછી મહારાજ કહે, "દુનિયા આખીનું રાજય ઝીણાભાઇને પ્રાપ્ત થાય તો તમે કેવાં રાજી થાવ ?" ગંગામા કહે "મહારાજ એવાં ભાગ્ય કયાંથી ?" મહારાજ કહે, "એ તો શું ? પણ હું તો તેને કહું કે બ્રહ્માનું-આખા બ્રહ્માંડનું રાજય અપાવી દઉં." ગંગામા કહે "તમે તો ધારો તે કરી શકો." "પણ ઝીણા એટલે દુર રાજ કરતો હોય તો તમે તેને મળી શકો નહિ, તેનું શું ?" મહારાજે મર્મની વાત છેડી. "એવું કંઈ નહિ મહારાજ, મારો દિકરો મોટા સ્થાને છે એ જાણી મનમાં હરખ થયા કરે." ગંગામાએ સંતોષની લાગણી દર્શાવી. "તો માડી, ઝીણાને ભગવાનના ધામનું અખંડ સુખ મળે એવા સ્થાને રાખીએ તો ?" શ્રીજી મહારાજે મુખ્ય બાબત ઉપર આવતાં વાત કરી. ડાહીમા મહારાજના કહેવાનો મર્મ સમજી ગયા પરંતુ મહારાજે ઉત્તરોત્તર એવી રીતે આ વાત કરી કે માજીને ઝીણાભાઈના વિયોગનું દુઃખ સમજણથી લાગ્યું નહિ. તે પછી ભગવાન શ્રીહરિ માજીને ધામમાં પહોંચી ગયેલા ઝીણાભાઈ પાસે લઈ ગયા અને અક્ષરધામના અધિપતિની હાજરીમાં પોતાના ભગવદીય પુત્રનો દેહવિલય થયા તે જાણી મનમાં ગૌરવ અનુભવતાં ગંગાબા ભાગ્યશાળી પુત્રને જોઇ રહ્યાં. ધન્ય છે, આવી જનતાને, આવા સુપુત્રને અને ભકતાધીન ભગવાનને ! –મ.

કરોડ કામ હોય ત્યારે પછી ભગવાનની વાતો થાય ને ધ્યાન તો વળી તે પછી થાય.

શ્રી જીર્ણદુર્ગ અને સોરઠ મહિમા

લેખક : રાજકવિ માવદાનજીભાઇ ભી. રત્નુ (કાલાવડ)

શ્રી રાધારમણદેવનો સાર્ધ શતાબ્દિ પાટોત્સવ વૈશાખ વદ બીજના શુભદિને ઉજવાશે એ સત્સંગ માટે સુવર્ણમય શુભ પ્રસંગ છે અને તે સમયે સદ્‌વિદ્યાનો તે નિમિત્તનો વિશેષ અંક પ્રસિદ્ધ થાય છે તે સોનામાં સુગંધ ભળે એવો અવસર છે. ૮૭ વર્ષની વયે શારીરિક સ્થિતિ કેવી હોય ? છતાં શ્રીજી પ્રસન્નતાર્થે નીચે મુજબ થોડુંક લખ્યું છે.

"દોહા"

પ્રગટયા પૂરવ દેશ, જોયાં ચારે ધામને
વર્ણિ કેરો વેશ, સોરઠ ઉતાર્યો શામળા

ભગવાન સ્વામિનારાયણ પૂર્વમાં પ્રગટી સૂર્ય પશ્ચિમ તરફ આવે તેમ ચારધામની યાત્રા કરી સાત વર્ષના વનવિચરણના થાકનો વિસામો ખાવા પશ્ચિમ તરફ આવી શ્રી લોજની વાવ્યની એક રૂપાળી શિલા ઉપર બિરાજી સોરઠ દેશને પોતે પધારી વધુ રળિયામણો બનાવ્યો. તેમજ સારાએ સૌરાષ્ટ્ર પ્રદેશને ભકિત-ધર્મના રંગમાં ઝબોળી ભકિત માર્ગ પ્રવર્તાવ્યો.

"પ્રગટયા પુરુષોત્તમ પૂર્વમાં,
થયો પશ્ચિમ દિશા એ પ્રકાશ રે
સત્સંગ રંગ લાગ્યો—

ધર્મ ભકિત ને જ્ઞાન વૈરાગ્યનો,
રંગ ચડાવ્યો અનુપરે
સત્સંગ રંગ લાગ્યો

પંચ વર્તમાનને પાળી પળાવી,
રંગ્યા આતમજ્ઞાન રૂપ રે
સત્સંગ રંગ લાગ્યો—

એ સોરઠ પ્રદેશમાં આવેલા કાળવાણી ગામને ગોંદરે એક જ દિવસે પાંચસો પરમહંસને ભાગવતી દીક્ષા આપી, કચ્છ કાઠીઆવાડ ગુજરાત પ્રદેશમાં છ શિખરબંધ મંદિરોમાં દેવ પધરાવી ચોઘડીઆના શરણાઈ નોબતના સુરથી દેશને જાગૃત કર્યો. શેરડીની વચલી ગાંઠળી સમાન સોરઠ પ્રદેશમાં રેવતાચળની છાંયામાં આવેલા જીર્ણદુર્ગમાં ત્રણ શિખરોનું મહાન મંદિર ચણાવ્યું, એ સ્થળે મંદિર કરવું એતો એક મહાન ચમત્કાર બતાવ્યા જેવું હતું કારણ કે–

"દોહા"

જીર્ણદુર્ગ રૈવતગીરી, સોરઠ ધરા સુ નામ
યવન રાજ્ય આમાત્ય અરી, ત્યાં રચે બ્રહ્મમુનિ ધામ

ભાવાર્થ :–સોરઠ દેશની મધ્યમાં રેવતાચળ (ગીરનાર) ની છાંયામાં જીર્ણ દુર્ગમાં કે જ્યાં

"યવનોનું રાજ્ય હતું" અને રાજ્યનો આમાત્ય ધર્મનો દ્વેષી હતો, કે જે ખુલ્લા શબ્દોમાં કહેતો કે "હું પ્રવાસમાંથી ત્યાં આવીશ ત્યારે એ સ્વામિનારાયણના મંદિરનો કાંકરે કાંકરો ત્યાંથી કાઢી નાખીશ" આમ ચારે બાજુના વાવાઝોડામાંથી મંદિરને સહિસલામત ઉગારી દેવ પધરાવી વિજયડંકા વગાડયા તે તો શ્રીજી પ્રતાપે થયું. શ્રીજી સખા શ્રી બ્રહ્માનંદજી સ્વામી કે જેઓ અખંડ બાળબ્રહ્મચારી હતા, તેની પ્રતીતિ થઇ. એ નવાબ રાજ્યના વાળી ઘોડા ઉપર સ્વામી શ્રીએ સ્વારી સજીને (ગરીબ ગાય જેવો કરી) શહેરમાં ફેરવી એ જીવને નિષ્કામી બનાવી ઉદ્ધાર કર્યો, તેમજ શ્રીજીએ પણ તે સમયમાં પુરુષોત્તમપણું બતાવી ત્યાં દેવ પધરાવ્યા શાસ્ત્રના પ્રમાણ વચને દેવ પધરાવે ત્યારે એ દેવનાં સ્તુતિ કાવ્યો રચવા જોઈએ અને તે કાવ્યો રચવાની આજ્ઞા શ્રી બ્રહ્માનંદ સ્વામીને કરતાં એ આજ્ઞા શિર ચડાવી શ્રી બ્રહ્માનંદ સ્વામી શીઘ્રકવિ હોવાથી શ્રી રાધારમણ દેવનું ચારણી ઢબનું પીંગળશાસ્ત્રના યમકાલંકારવાળું શબ્દાલંકારના વૃંદાવન સમું 'ગીયા માલતીછંદ'નું કાવ્યાષ્ટક રચ્યું, તેમજ મૂર્તિમાન સિદ્ધેશ્વર મહાદેવશ્રીનું પણ પીંગળશાસ્ત્રના નિયમ મુજબ એક 'ત્રિભંગી છંદ'નું કાવ્યાષ્ટક રચ્યું અને ચારણી શૈલીથી દેવ સામા ઊભા રહી પોતે તે છંદો સંભળાવતાં મંદિરમાં પડછંદા પડયા. શ્રીજી સાંભળી રાજી થયા અને સહુ સમાજ સાંભળે તેમ વર આપ્યો જે 'શ્રી રાધારમણદેવનાં દર્શન કરવા જે જુનાગઢની યાત્રાએ આવશે તેની એકસો જન્મની કસર અમો ટાળશું."

—વાંચો સ્વામીની વાતું

આમ દેવ પધરાવી વિજય ડંકા વગડાવી જીર્ણદુર્ગમાં સ્વામિનારાયણ નામની પીછાન પાડી–જ્ઞાનદાન દેવા અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ શ્રી ગુણાતિતાનંદ સ્વામિને મંદિરના મહંત બનાવી સોરઠ દેશનો સત્સંગ ઉજળો કર્યો.

।। જીર્ણદુર્ગ મહિમા કીર્તન ।।

(આજ સોસો વરસોના વ્હાણાં વાઇ ગયાં એ રાગ)

સ્વામિનારાયણ વન વિચરી,
જુગતિ થકી જોયાં ચારે ધામરે ।।
ગીરનારી ગુરુ–શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં (ટેક) ।।
નિરખ્યા સુખાનંદે નીલકંઠને,
લોજની વાવ્યે મોજકરે સુખકંદરે ।।
ગીરનારી ગુરુ–શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ।।
મુકતાનંદ સ્વામીના મિલાપથી,
રામાનંદે સ્થાપિયા સહજાનંદરે ।।
ગીરનારી ગુરુ–શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ।।

(૧)

પ્રભુની લીળાની પંચતીર્થી,
જડે નહિ કયાંએ જુનાણાની જોડરે ।।
ગીરનારી ગુરુ–શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં..... ।।
મંદિર ચણાવી મૂર્તિ સ્થાપીયું,
રાધારમણ, સિદ્ધેશ્વર, રણછોડરે ।।
ગીરનારી ગુરુ–શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ।।

(૨)

બ્રહ્માનંદે ચણાવ્યું ભાવથી,
મંદિર માનત ગુણાતીતાનંદરે ।।

ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
સો સો જનમોની કસર કાપસું,
શ્રીજી વચને જુનાણું જગવંદરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥

(૩)

શિક્ષાપત્રી લખાતાં શામળે,
નૃપતિ, પંડીત, શ્રીમંત, ગોત્યાં નામરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
ગોત્યા શિરોમણી સદ્‌ગૃહસ્થમાં,
સોરઠવાસી શ્રેષ્ઠ મયારામરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥

(૪)

મુકતોની પંક્તિમાં શિરોમણિ,
મુકતમણી મુકતાનંદજી મુખ્યરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેરમાં.... ॥

શિક્ષાપત્રી લખતી વખતે શિક્ષાપત્રી કોના નામથી લખવી ? તેટલા માટે-**રાજાઓમાં**-ગાયકવાડ સરકાર શયાજીરાવ, દાદોખાચર, પ્રતાપસિંહજી (ભાડેર) ઝીણાભાઇ (પંચાળા) વગેરે વગેરે તથા **વિદ્વાનોમાં**-દિનાનાથ ભટ્ટ, શોભારામ શાસ્ત્રી, હરિશંકર વેદમૂર્તિ, લક્ષ્મી-રામભાઈ વગેરે વગેરે-**શ્રીમંતોમાં**-ભગોદોશી વનાશા, પુંજશા, આંબોશેઠ, સુરત, વડોદરા, અમદાવાદના પ્રેમી ધનિકો, **ત્યાગીઓમાં** પાંચશો પરમહંશો વગેરે વગેરે **નામાવલી** તપાસી તેમાં શ્રીજી મહારાજે તો ખાસ સોરઠ દેશનો પક્ષરાખી, વધામણીઆ મુકતરાજ શ્રી મયારામ ભટ્ટને ગૃહસ્થોમાં અગ્રગણ્ય લખ્યા. અને સંતોમાં શ્રીજીને મનતો સોરઠી સંત સદ્‌ગુરુ શ્રી મુકતાનંદજી શ્રેષ્ઠ જણાતાં તેઓ બન્નેના નામો શિક્ષાપત્રીમોં લખી-એથી એ બન્ને નામો જ્યાં સુધી શિક્ષાપત્રી હશે ત્યાં સુધી "યાવતચંદ્ર દિવાકરો" રહેશે અને એ મુકત નામાવલિ સોરઠ દેશનેય અમર રાખશે.

(૫)

દીક્ષા પીપલાણે ગાદી જેતપૂર,
પ્રથમ ગુરુદ્વારો લોજ પ્રમુખરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥

(૬)

(જુનાગઢના જોગંધરો)

જુનાગઢ જોગીઓનું ધામ છે,
ગુણાતીતાનંદ સ્વામી યોગેશ્વર ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
જોગી મહાપુરૂષદાસજી,
સ્વામી બાળમુકુંદ ને નારાયણદાસરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
પુરાણી શ્રી ગોપીનાથદાસજી,
શિષ્ય શાસ્ત્રી ધર્મજીવનદાસરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
ધર્મજીવનદાસજીને ધન્ય છે,
"ગુરુકુલ" થતાં વિશ્વમાં વખાણુરે ॥
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં.... ॥
સર્વોપરી જ્ઞાન સ્થાન સોરઠે ॥
સર્વોપરી સંતો સોરઠ-દેશરે ॥
ગીરનારી ગુરુ શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં

(૭)

ગરવા ગીરનાર ઓથે ગામડા,
ગોતતાં ગમ્યાં સર્જુદાસને-સુજાણરે
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં ।।
દાખે કવિરાજ માવદાનજી,
જુનાણે છે, જોગીયેાનાં રહેઠાંણ રે
ગીરનારી ગુરુ, શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં ।।

(૮)

દોઢસેા વર્ષ રાધારમણ દેવનેા,
પાટોત્સવ થયેા અતિ સારારે
ગીરનારી ગુરુજી શ્રીજી પધાયા સોરઠ દેશમાં ।।
અભિષેક આચાર્યશ્રીના હસ્તથી-
મહારાજ નરેન્દ્રપ્રસાદજી શું વિધવિધરે
ગીરનારી ગુરુ-શ્રીજી પધાર્યા સોરઠ દેશમાં ।।

(૯)

"કુંડળીઆ છંદ"

દેવ શ્રી રાધારમણને, રણછોડ ત્રિકમરાય
સિદ્ધેશ્વર મહાદેવનેા, પાટોત્સવ ઉજવાય
પાટોત્સવ ઉજવાય, વર્ષ દોઢસેા રૂપાળા
વિત્યાં રૂડી રીત, સંત બ્રહ્મચારી પાળા
હરખ્યા સહુ હરિભકત, દેશ સોરઠના વાસી
માવદાન કવિ કહત, પ્રગટ શ્રીજી ઉપાસી

"દોહા"

રહેા અંતર રાધારમણ, સુંદરવર સુખધામ
ભવજળ પાર ઉતારહિ, નિગમ સાર જેહિ નામ-૧

વેશ પલટો

ભગવાન સ્વામિનારાયણ જુનાગઢમાં પધારતાં. સત્સંગનેા ઉપદેશ આપતા. તેમની સાથે બ્રહ્મચર્યનું કડક પાલન કરતા. સંતેા પણ વિચરણ કરતા. આ બધું પાખંડી લેાકેાથી સહન થયું નહિ. અને સંતેાના બ્રહ્મચર્ય વ્રતનેા ભંગ થાય એવેા એક કિમીયેા કર્યેા.

ભગવાન શ્રીહરિ સવારના પેારમાં સંતેાને સદુપદેશ આપી રહ્યા હતા ત્યાં અચાનક એક પુરુષ ઉતાવળે સભામાં આવતેા જોઇ શ્રીજીએ સંતેાને તરત જ સભામાંથી દૂર જવા કહ્યું. સંતેા કંઈ સમજી શકયા નહિ પરંતુ ભગવાનની આજ્ઞા માથે ચડાવી તરત જ આઘા ચાલ્યા ગયા. પેલેા પુરુષ ગુસ્સામાં બેાલવા લાગ્યેા કે, બધા મારાથી કેમ ભાગી ગયા ? ભગવાને કહ્યું માયાની દુર્ગંધ મારા સંતેા અને ભકતેા સહન કરી શકતા નથી. પેાતાનેા પાસેા નિષ્ફળ ગયેા તેથી બબડતી બબડતી તે સીદીબાઇ પાછી ચાલી ગઇ અને સંતેા સભામાં ભગવાનની વાતેા સાંભળવા પાછા આવી ગયા. આ રીતે શ્રીજીએ સંતેાના બ્રહ્મચર્યનું રક્ષણ કર્યું. આવી ઉપાધિઓ શ્રીજીને અને સંતેાને ઠેરઠેર થયા જ કરતી. પરંતુ ખૂબ શાંતિથી નિયમમાં કડક રહી, સત્સંગ પ્રવર્તનનું કામ ચલાવે રાખતાં. જૂનાગઢમાં આ રીતે અન્ય પંથીઓ તરફથી અવારનવાર ઉપાધિઓ થતી તેનાથી મુંઝાયા વગર ધ્યેય નહિ ચૂકવા શ્રીજી બળ પ્રેરતા.

મેાક્ષ માર્ગમાં માયા વિઘ્ન કરવા આ રીતે જુદા જુદા રૂપે દરેકના જીવનમાં આવે છે પરંતુ ભગવાનને શરણે રહેનારની ભગવાન રક્ષા કરે છે.

-મનુભાઈ માંગુકીઆ

ઉદ્ધવ સંપ્રદાયનું ઉદ્‌ભવ સ્થાન

—સા. લક્ષ્મીનારાયણદાસ

સૌરાષ્ટ્ર એટલે સંતો અને શૂરાઓની યશગાથા ગાતી વીરભૂમિ. આ પ્રભાવશાળી ભૂમિપર ટેકિલા એવા અનેક વીરપુરુષો પાકયા છે જેમના જીવન કાર્યની સુવાસ આજે પણ ચોમેર પ્રસરી રહી છે. અનેક મહાપુરુષોએ તેમજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે અને લીલા પુરુષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે પણ આ ભાગ્યશાળી ભોમકાને પોતાની કર્મભૂમિ–રમણભૂમિ બનાવી છે જેથી તીર્થ રૂપ બનેલ આ વિરલ ભૂમિમાં અનેક ઉત્તમ યાત્રાળુઓને જીવનની સાચી શાંતિની અનુભૂતિ થાય છે. તેમાંય વળી આમ્રકુંજોથી શોભતી ને સંતો, શૂરાને સતીઓના વિસામા સમી આ સોહામણી સોરઠ ભૂમિ તો ઉદ્ધવ સંપ્રદાયના ઉદ્‌ભવનું સ્થાન બની છે.

રામાનંદ સ્વામી છતાંનો સોરઠ–જૂનાગઢ દેશનો સત્સંગ સમાજ અનેક વિશેષતાઓથી વિભુષિત થયેલો છે. અને સારાયે સંપ્રદાયમાં અનેરું આકર્ષણ ધરાવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એવી અનેક વિરલ ઐતિહાસિક ઘટનાઓ બની છે, જેનું પહેલ વહેલું પ્રવર્તન જૂનાગઢ–સોરઠ દેશના સત્સંગ સમાજમાં થયું છે.

આજે સારાયે ભારતમાં પ્રસરેલ અને સાગરો ઉળંગી વિદેશમાં પ્રસરતાં આપણાં સ્વામિનારાયણ સંપ્રદાયની પૂર્વ ભૂમિકાનું ક્ષેત્ર છે સોરઠ દેશ જ્યાં ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીએ ઉદ્ધવ મતના મૂળ નાખ્યાં હતાં.

પૂર્વમાં (છપૈયા) પ્રગટી ભારતના તીર્થસ્થાનોમાં વિચરતાં વિચરતાં નિલકંઠ વર્ણીએ પોતાના સાત વર્ષની કઠીન તપશ્ચર્યા તેમજ વનવિચરણની પૂર્ણાહૂતિ પણ સોરઠ દેશમાં લોજ ગામે કરી છે. અરબી સમુદ્રને કાંઠે આવેલ અને આમ્રકુંજોથી ઘેરાયેલ લોજ ગામમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનું આદર્શ શિષ્ય મંડળ રહેતું હતું. સમગ્ર ભારતમાં વર્ણીને જે કયાંય જોવા ન મળ્યું એ અહીં સોરઠમાં–લોજ ગામમાં જોવા મળ્યું પરિણામે જે કયાંય સ્થિર નહોતા થયા ને નિત્ય નવા તરું તળે રહેનારા એવા વર્ણિરાટ અહીં સ્થિર થયા. અહીં જ શ્રી હરિએ આદર્શ સેવાનું ઉત્તમ ઉદાહરણ પોતાના વર્તનથી બતાવ્યું.

સોરઠની પુનિત ભૂમિ પિપલાણામાં રામાનંદ

સ્વામી સાથે પહેલ વહેલો મેળાપ થયો ગુરુ રામાનંદ સ્વામી સાથે શ્રી હરિ બે વર્ષ સોરઠની ભૂમિ પર અડવાણે પગે વિચર્યા છે. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે જેતપુર મુકામે વર્ણીને પોતાની ધર્મધુરા સોંપી આમ આદર્શ શિષ્યમાંથી વર્ણી ધર્મ ધુરંધર થયા. એ અલભ્ય લાભ સોરઠ દેશને સાંપડયો છે.

ફણેણીમાં રામાનંદ સ્વમીએ પોતાનું જીવનકાર્ય પુરુ થયેલું જણાવી સ્વેચ્છાએ ભૌતિક દેહનો ત્યાગ કર્યો ત્યારબાદ સ્વામીના ચૌદમાને દિવસે ભરાયેલી આશ્રિતોની વિશાળસભામાં શ્રી હરિએ પોતાનું આમોઘ ઐશ્વર્ય પહેલ વહેલું સોરઠ દેશમાં ખુલ્લું મુકયું.

જે 'સ્વામિનારાયણ' નામનું આપણો સારોય સંપ્રદાય રટણ કરે છે એ મહામંત્રનું ઉદ્‌ભવ સ્થાન તેમજ પ્રવર્તન સોરઠની પૂણ્ય ભૂમિ ફણેણી ગામથી થયું છે.

જગતે કદી આંખે જોયા ન હોય કે કાને સાંભળ્યા ન હોય એવા અદ્‌ભૂત ચમત્કારો, તેમજ અલૌકિક આશ્ચર્યો શ્રી હરિએ પહેલ વહેલા સોરઠની પાવન ધરતી ઉપર દેખાડયાં. ચમત્કાર વિના નમસ્કાર નહિ એ લક્ષમાં રાખી શ્રીજીએ સમાધિ પ્રકરણ ચલાવી અનેક લોકોને પોતાનું સર્વોપરીપણું દેખાડયું.

સમાજમાં વ્યાપેલ અનેક જાતની બદીઓ વહેમ, અજ્ઞાન અને અધર્મસર્ગને હાંકી કાઢી આદર્શ સંસ્કારી અને સાત્વિક સમાજની નવ રચનાનો પાયો કે મંગલાચરણ સોરઠની સોહામણી ધરતીપરથી નખાયેલ છે. આ કાર્ય શ્રી હરિએ માંગરોળ મુકામે પુરાયેલી પુરાતની એક વાવને ફરીથી ગળાવી જનહીતાર્થે સમાજસેવાની મંગળ શરૂઆત કરી.

ઉત્સવપ્રિય જનતાની રસવૃત્તિને પ્રભુમાં વાળવા તેમજ તેમની રસીક વૃત્તિને સન્માર્ગે પોષવા શ્રી હરિએ અનેક સમૈયા ઉત્સવોનું ભારે આયોજન કર્યું છે. ઠેર ઠેર ઉજવાતા સમૈયા ઉત્સવનું મંગળ પ્રસ્થાન સોરઠ દેશમાં માંગરોળ અને અગત્રાઈની ભૂમિ પરથી થયું છે. જેની સંપ્રદાયના શાસ્ત્રો સાક્ષી પુરે છે.

સોરઠની સાબળી નદીના કાંઠે પંચાળામાં શ્રીહરિએ ઝીણાભાઈને ત્યાં ફૂલદોલનો મહોત્સવ ઉજવ્યો અને પૂર્ણિમાની નિરમળ રજનીમાં સંત-હરિભકતો સાથે અનેક સ્વરુપો ધારણ કરી અદ્‌ભૂત રાસ રમ્યા હતા. જેનું રસભર્યું ભાવુક વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાં તેમજ કિર્તનોમાં જોવા મળે છે.

ભારતભરમાં ઠેરઠેર વિજય ડંકા વગડાવતો ને વિજયના મદમાં ચકચુર થયેલા દેવીવાળા મગનીરામનો ભગવાન સ્વામિનારાયણને હાથે સોરઠની ધરતીપર પરાભવ થયો. પછી તો હૃદય પલટો થવાથી મગનીરામને ભાગવતી દીક્ષા આપી શ્રીહરિએ અદ્વૈતાનંદ સ્વામી નામ પાડયું. આમ આ ધરતીપર આવા તો કેટલાયના જીવન પરિવર્તનો થયાં છે.

સમાજ સુધારણા અને ભાગવત ધર્મનું પ્રવર્તન કરી રહેલા આપણા અહિંસક સંતોને

રસ્તે આંતરીને માર મારવામાં તથા બીજી અનેક રીતે રંઝાડવામાં હિંસક વેરાગી બાવાઓએ કાંઇ મણા નહોતી રાખી. સંતોને બાહ્ય આક્રમણ સામે રક્ષણ આપવા અને સામા પક્ષને હંફાવવા ભગવાન સ્વામિનારાયણે એક કુશળ ખેલાડીની અદાથી દીર્ઘદૃષ્ટિ ભર્યો એક નિર્ણય લીધો ને પોતાના તમામ સાધુઓને કાલવાણી બોલાવી એક જ રાતમાં પાંચશેય સાધુને પરમહંસી દિક્ષા આપી દીધી. જેથી કંઠી, જનોઇ, શિખા જેવા બાહ્ય ચિહ્નનો ત્યાગ થયો ને પ્રત્યક્ષ પૂજાને બદલે સંતોને માનસી પૂજાનો વિધિ મળ્યો. આને પરિણામે બહારના આક્રમણનો ભય ઓછો થયો. આવો ચમત્કારભર્યો ક્રાંતિકારી ફેરફાર શ્રીહરિએ સોરઠની પ્રાણવાન ધરતીપર એક જ રાતમાં કરી નાખ્યો હતો.

શિક્ષાપત્રીમાં **અન્નદાન, અભયદાન** અને **સદ્વિદ્યા દાન** અંગે શ્રીહરિએ સેવેલ વિશાળ જનહિતની મંગલ ભાવનાનો સંપ્રદાયમાં જે ત્રિવેણી સંગમ જોવા મળે છે તેની **ગંગોત્રી** સોરઠની ભૂમિ ઉપરથી શરુ થઈ છે.

અન્નદાન આપવાની શુભ શરૂઆત શ્રીજીએ પોતે માંગરોળ, લોજને અગત્રાઈ આદિ ગામોમાં અન્નક્ષેત્રો–સદાવ્રતો ખોલીને કરી, તેમ અભયદાન આપવાની મંગલ શરુઆત પણ પોતેજ સોરઠની ભૂમિ ઉપરથી કરી છે. એ માટે પોતે ફૂણેણીથી નીકળી ઠેરઠેર વિચર્યા, સમાધિઓ કરાવી અને અદ્‌ભૂત–અલૌકિક ઐશ્વર્યો બતાવી જનતાને મોક્ષમુલક ભાગવત ધર્મ પ્રત્યે આકર્ષી તથા અભયદાનના સંદેશા પ્રસરાવવા સંતોને ફરફર મોકલ્યા. અભયદાનની પુનિત પ્રવૃત્તિને વણથંભી રાખવા પોતે સત્‌શાસ્ત્રો રચ્યાં, મંદિરોના નિર્માણ કર્યા. આચાર્યો સ્થાપ્યાં સંતો અને સંપ્રદાયના બંધારણની વ્યવસ્થા કરી.

આમ અન્નદાન અને અભયદાન સાથે વિદ્યાદાનની ગુપ્ત સરસ્વતિતો **શ્રીજી** છતાંજ વહી રહી હતી પણ તેને સાકારમૂર્ત સ્વરુપ આપવા જૂનાગઢ–સોરઠના સંત સદ્‌ગુરુ **શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી સ્વામીને** નિમિત્ત બનાવી શ્રીજી મહારાજે સદ્‌વિદ્યાના દાનનો પુનિત પ્રવાહ વહેતો કર્યો જેને પરિણામે રાજકોટ–જૂનાગઢ ને અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના થઇ અને 'સોરઠ તારા વહેતાં પાણી' એ ઉકિતને સાર્થક કરતો આ શુભ ત્રિવેણી સંગમ સારાએ સંપ્રદાયને શોભાવી રહ્યો છે.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ સોરઠમાં જે ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી એ નાનકડા સંપ્રદાયને અનેકવિધ જનહિતની મંગળ પ્રવૃત્તિઓથી સભર અને એક વિશાળ ફલક પર વિકસાવી તેનું ચોતરફ સર્વતોમુખી પ્રવર્તન કરવાનું ભગીરથ કાર્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે કર્યું.

લોજમાં પ્રથમ આવી ધર્મ મર્મજ્ઞ એવા શ્રી નીલકંઠ વર્ણિએ ભાઇઓને બાઇઓની અલગ સભા કરીને જે જુદ્ધારાનો સુધારો સુચવ્યો એ સોરઠની ભૂમિપરનો પ્રથમ ક્રાંતિકારી ધડાકો હતો.

શ્રીજી સમયના આશ્રિત વર્ગમાં સોરઠના ભકતજનોનું કેવું વિશિષ્ટ સ્થાન હતું એ નીચેના પ્રસંગો પરથી જણાઈ આવે છે.

વરતાલમાં જેબન પગીને ત્યાં ફૂલદોલનો મહોત્સવ કરી પ્રભુ સીધા સોરઠ પધાર્યા. ગોંડલને ધોરાજીમાં એક એક રાત રહી પંચાળા પધાર્યા ઠાકોર ઝીણાભાઇના દરબારમાં શ્રી હરિ રોકાયાના સમાચાર જાણી આસપાસના ગામડાના આબાલ-વૃદ્ધ સૌ કોઇ હરિભકતો ઉત્સાહભેર દર્શને દોડી આવ્યા. ઘણા દહાડે દર્શન થયા હોવાથી પ્રેમ-વિભોર ભાવે દર્શન કરી રહેલા સૌ કોઇ દર્શનાર્થીઓની આંખોમાંથી પ્રેમાશ્રુઓ ચાલ્યાં જાય છે. આથી પ્રભાવિત થયેલા શ્રી હરિ ત્યાં સૌ કોઇને ઉદ્દેશીને કહે છે કે :-

સાંભળો સંતસંગી સોરઠી,
તમે સહુ સુખી છો સારિપઠી
અમે ફરિએ છીએ દેશ સહુ
પણ તમે વાલાં મને બહુ
અમે પ્રથમ પ્રકટ થઇ,
કરી આ દેશમાં લીલા કઇ
વળી આ દેશમાં સ્વામી મળ્યા,
રામાનંદ જે ન જાય કળ્યા
તેના સત્સંગી તમે કહાવો,
માટે મારે મને અતિ ભાવો
એવી સાંભળી વાલાની વાત,
સહુ થયાં અતિ રળિયાત

ગુરુ રામાનંદ સ્વામીના કૃપાપાત્ર સોરઠી સત્સંગીઓ પ્રત્યે શ્રી હરિને કેવું મમત્વ ને વાલપ્ય છે એ શ્રીજીના આ અંતરના ઉદ્‌ગારો કહી જાય છે.

સોરઠના ભકતજનો ઉપર શ્રી હરિની જે અપાર કૃપા વરસી તે ગઢપુરવાસી હરિભકતોના જાણવામાં આવી. તેથી શ્રીજી જ્યારે ગઢપુર આવ્યા ત્યારે ભકતજનોએ શ્રીજીને સોરઠીજનો-પરની આ અતિશે પ્રસન્નતાનું રહસ્ય પૂછી જોયું. ગઢપુરવાસીઓની જિજ્ઞાસા સમાવતાં શ્રીજીએ નીચે પ્રમાણે જણાવ્યું.

પછી બોલિયા પ્રાણજીવન,
તમે સાંભળો સહુ મળી જન
સોરઠ દેશના સત્સંગી જેહ,
અતિ નિર્મળ કોમળ તેહ
નહિ છળ કપટ લગાર,
બહુ વિશ્વાસી છે નરનાર
ઘણું નહિ ડહાપણ ચતુરાઇ,
નિશ્ચય પ્રભુનો પર્વતપ્રાઇ
જે દિના એને સ્વામી મળ્યા છે
તે દિના સર્વે સંશય ટળ્યા છે
નિરુત્થાન નર ને નારી
એક એકથી સમજણ્યે ભારી
એવા જન થોડા મળે જોતે
જેને મળ્યા રામાનંદ પોતે

આમ સોરઠી સત્સંગીઓના અતિ નિર્મળને કોમળ અંતઃકરણ, છળ કે કપટ વગરના વિશ્વાસુ અંગ તેમજ ઘણી ચતુરાઇ કે ડહાપણ નહિ હોવા છતાં દૃઢ અડગ નિશ્ચયને શ્રીજીએ મુકતકંઠે ગઢપુરવાસીઓ આગળ બિરદાવેલ છે.

આજે ઉદ્ધવ સંપ્રદાયના ઉદ્‌ભવ સ્થાન એવા સોહામણા સોરઠ દેશના રળિયામણા ગિરિનગર જૂનાગઢ શહેરમાં શ્રી રાધારમણદેવના સાર્ધશત વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભેગા થયેલા આપણે સહુએ આપણા વડિલોના આ ઉપર કહ્યા મુજબના સત્સંગના સાચા વારસાને કેટલો જાળવી રાખ્યો છે એ વિચારવું જરૂરી નથી લાગતું ?

જૂનાગઢના આદ્દિ જોગીનો અમર આધ્યાત્મિક વારસો

—શ્રી હીરાલાલ રણછોડલાલ ઠક્કર

'तस्माद्योगी भवार्जुन' । (ગી. અ. ૬ શ્લો. ૪૬

પરમ પવિત્ર સોરઠ ભૂમિના હૃદયસમા રૈવતાચળની તળેટીમાં વસેલ પ્રાચીન તીર્થભૂમિ-જૂનાગઢનો મહિમા પરોક્ષતીર્થ તરીકે, અને પ્રત્યક્ષ મહાપ્રભુ સહજાનંદ સ્વામીએ જ્યાં વિચરી રમણ રેતી કરી, જ્યાં સ્વહસ્તે મહામંદિરમાં પોતાના સ્વરૂપો રાધા-રમણાદિ મૂર્તિઓ પધરાવી અર્વાચીન તીર્થ કર્યું છે, અને જ્યાં પોતાના પરમ એકાંતિક સાધુતાની સાક્ષાત્ મૂર્તિરૂપ જીવન-મુકત જોગી સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ જ્યાં જ્ઞાન, ધ્યાન, ભજન-ભકિત અને નિષ્કામ સેવાનો અખંડ અખાડો જમાવ્યો હતો એવા જોગીઓએ જેને **જંગમ તીર્થ** બનાવ્યું છે, એ ઇતિહાસ પ્રસિદ્ધ જૂનાગઢના આંગણે મહામંદિરના પ્રગટ સ્વરૂપ દેવ પ્રતિમાઓનો સાર્ધ-શતાબ્દી મહોત્સવ ઉજવાય છે એ સ્વામિનારાયણ સંપ્રદાયમાં અને સોરઠ દેશના સમસ્ત સંત-સત્સંગીઓના જીવનમાં એક શક વર્તી ધન્ય અમૂલો અવસર છે.

આ અમૂલ્ય અવસરે આપણા આદ્દિ જોગીના ભકત તરીકેના અદ્‌ભૂત જીવન-ધ્યેયનું સ્મરણ કરી—તેમણે પોતાની અમર સૂત્રરૂપ વાતોમાં જે આધ્યાત્મિક જીવન-પોષક રૂપ અણમૂલો ઉપદેશ આપ્યો છે. તેમાંના એક પ્રધાન સૂત્રનું ઊંડું ચિંતન-મનન કરી તેને આપણા જીવનનું ધ્યેય-ધ્રુવ બિન્દુ રાખી આપણું વ્યકિતગત જીવન અને સામુહિક સત્સંગ-સમાજનું જીવન શુદ્ધ, નિર્મળ અને શ્રેયસ્ના પંથે પ્રયાણ કરતું બનાવીએ.

"કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો; ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડયો તો શું કર્યું ?"

(સ્વામીની વાતુ પ્ર. ૧ વાત-૧૪)

જીવનનું પ્રધાન-ધ્યેય ચિંધતો આ મુદ્રાલેખ "સ્વામી"એ પોતાની જોરદાર જોષીલી જબાનમાં પોતે અને પોતાના સંત હરિભકતોના શ્રમયજ્ઞથી બાંધેલ જે ઐતિહાસિક તીર્થરૂપ ધર્મશાળામાં ઉચ્ચારેલા તે મૂળભૂમિ ઉપર આજે તેના નવ નિર્માણરૂપ ભવ્ય અર્વાચીન ઈમારત રૂપ સભામંડપ બડો કરવામાં આવ્યો છે તે સભામંડપને પણ કથા-વાર્તા-ધ્યાન-ભજન સ્મરણરૂપ અખંડ જ્ઞાનયજ્ઞ અને યોગ યજ્ઞની જીવંત પ્રવૃત્તિઓથી સદૈવ ગાજતો રહે એવું સૂક્ષ્મ આધ્યાત્મિક વાતાવરણ ફરીથી ઉભું કરીને જ આપણે આપણા

એ આદ્દિ જોગીના આધ્યાત્મિક વારસદ્દાર તરીકે આપણી જાતને કૃતાર્થ કરીશું, અને એ આદ્દિ જીવન-મુક્ત જોગીયા પ્રત્યેનું આપણું ઋણ સાચા અર્થમાં અદ્દા કરીશું.

જૂનાગઢના એ આદ્દિ ઓલીયા જીવનમૂક્ત જોગી કેવા 'યોગી' હતા ? શું એમણે અષ્ટાંગ યોગ હઠયોગ કે પૂર્ણયોગ સાધ્યો હતો ? શાસ્ત્રીય પ્રક્રિયા પ્રમાણે અષ્ટાંગ યોગ હઠયોગ સાધી હથેળીમાં અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓ બતાવી લોકોને મંત્ર મુગ્ધ કરનાર એ કહેવાતા યોગી ન હતા. સકામ યોગી પણ ન હતા અગર સકામ, અર્થાર્થી ભક્તો ઉપર આશીર્વાદનો વરસાદ વરસાવે તેવા સંત પણ નહતા. ત્યારે એ કેવા જોગી હતા ? ભગવાન શ્રી સ્વામિનારાયણે ગ. મ. પ્ર.ના ૮માં વચનામૃતમાં સહુ સંત સત્સંગી હરિભક્ત ભાઈ ભાઈને 'યોગ-યજ્ઞ' અને 'જ્ઞાનયજ્ઞ' સતત કર્યા કરવાની આજ્ઞા આપી છે તે આજ્ઞાનું પૂર્ણ પાલન કરનાર ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પતિવ્રતાની ટેકથી એકાંતિકીનિષ્કામ ભક્તિ યોગ સાથે જ્ઞાનયોગ અને કર્મયોગનો સુભગ સમન્વય સાધનાર **'ભક્ત યોગી'** હતા. આવા ભક્તયોગીને જ ભગવાને ગીતામાં બીરદાવી પોતાને અત્યંત વ્હાલો યોગી કહ્યો છે: ને તેવા ભક્ત યોગી બનવાની અર્જુનને ઉદ્દેશીને આપણ સહુ દૈવી સંપત્ યુક્ત મુમુક્ષુ જનતાને આજ્ઞા આપી છે.

"तपस्विभ्योऽधिको योगी ज्ञानीभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥
योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥
(ગીતા અ. ૬-૪૬-૪૭)

તપસ્વીઓ કરતાંય યોગી અધિક છે. જ્ઞાનીઓ કરતાં પણ અધિક જ માનેલો છે. તો પછી કેવળ કર્મ કરનારાઓ કરતાં તો અધિક છે માટે હે અર્જુન ! તું પણ કર્મયોગ-પરમાત્માનો ઉપાસક જ થા. (૪૬) કારણ કે-બધા પ્રકારના યોગીઓના મધ્યે જે મારામાં અન્તઃ કરણ પરોવીને શ્રદ્ધાવાન થઇને મનેજ ભજે છે તેજ યુક્તતમ-સર્વશ્રેષ્ઠ યોગી મેં માનેલો છે. (૪૭)

આવા મહાન ભક્ત યોગી આપણા આદ્દિ મહંત સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ દેશમાં ભક્તયોગીઓની પરંપરા સર્જી છે, અને જૂનાગઢ મંદિરને નૈમિષારણ્ય ક્ષેત્ર બનાવી જ્યાં મુમુક્ષુઓના મનોમય ચક્રની ધારારૂપ ઇંદ્રિયો કુંઠિત થાય, તેવું નિર્વાસનિક બનવાનું આદર્શ નિર્ગુણ સ્થળ બનાવી ગયા છે. આવા જંગમ તીર્થરૂપ જોગીઓ જ્યાં વસતા હોય જ્યાં કથા વાર્તા જ્ઞાન-ધ્યાનરૂપ રાત્રિ દિવસ જ્ઞાન-યજ્ઞની આહુતિઓ અપાતી રહેતી હોય વાસનાને કુંઠિત અને નિર્મૂળ કરે તેવા સ્થળમાં મુમુક્ષુઓને દૃઢ મને કરીને રહેવાની શ્રીજીએ વચનામૃત સારંગપુર પ્ર. મામાં આજ્ઞા કરી છે. આજ આજ્ઞાને વૈરાગ્યમૂર્તિ કવિવર્ય નિષ્કુળાનંદ મુનિ એ 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં કાવ્યબદ્ધ કરી સર્વ મુમુક્ષુઓને જૂનાગઢના જોગીઓનો સત્સંગ કરવા વર્ષમાં એક માસ જવાનું અને ત્યાં મુમુક્ષુ

ભકતોને તપ-સંયમ અને ભકિત પરાયણ રહી સત્સંગ કરવાની હાકલ કરી છે.

'વળી સંતને આપી આગન્યા રે,
રેવું નહિ આંહિ આવ્યા વિનારે
વરસોવરસ એક માસ રે
કરવો આ મંદિરમાં વાસરે
એવી આગન્યા આપી દયાળે રે,
માની લીધી છે મરાળે રે
વળી કરી છે હેતની વાત રે,
તેણે સહુ થયાં રળિયાત રે
કહે આદેશ છે બહુ સારો રે,
સહુજન મનમાં વિચારો રે
ઈયાં રામાનંદ સ્વામી રે'તા રે,
જીવ બહુને અભયદાન દેતા રે

આવું અભયદાન દેવાનું સદાવ્રત જ્યાં સદૈવ ચાલતું એવા જૂનાગઢનાં ઐતિહાસિક મંદિરનો જ્યારે સાર્ધશતાબ્દી મહોત્સવ ઉજવાય છે ત્યારે આપણું મુખ્ય કર્તવ્ય શું હોવું જોઈએ તેનો વિચાર વિમર્શ કરી. તે કર્તવ્યને સાચા સફળ અર્થમાં સમજી તેનું પાલન કરીએ અને ફરીથી જૂનાગઢ તેની પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે અભય દાનનું સદાવ્રત બની રહે તેવી રીતે તે તે સ્થળોનું સાચા અર્થમાં નવનિર્માણ કરીએ. સ્થૂળ અર્થમાં ભવ્ય ઈમારતો ઉભી કરી બાહ્ય ભભકો કરી આ મહોત્સવ ઉજવી ઈતિ કર્તવ્યતા ન માનતા સૂક્ષ્મ અર્થમાં એ ભકિત અને સેવાયોગ રૂપી કર્મયોગનો અખાડો ફરી જમાવી એ ભવ્ય ઈમારતોનો સદૈવ સદુપયોગ કરી આપણા આદિ જીવનમુકત જોગીની શુદ્ધ પરંપરા જાળવી શ્રીજીની શુદ્ધ આજ્ઞા-ઉપાસનાનો સુભગ સમન્વય સાધીને સાચી કૃતાર્થતા અનુભવીએ.

જીવનમુકત જોગીઆ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ તો પોતાના અલૌકિક આદર્શ 'વૃત્તાંત' થી જ પોતાના શિષ્યોને (ત્યાગીગૃહી સર્વને) તથા સમગ્ર મુમુક્ષુ જનતાને મૂક ઉપદેશ આપી આપણા આ માનવ જીવનનું પ્રધાન કર્તવ્ય શું હોવું જોઈએ તે જગ-જાહેર કર્યું છે. જેમણે ભગવાનની દિવ્ય મૂર્તિને પોતાના મનરૂપી સાણસામાં સતત પકડી રાખી હતી, જેઓની મનવૃત્તિ ભગવાનનાં સ્વરૂપમાં અખંડ રહેતી અને જેઓ પોતાના પરમ વ્હાલા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની કેવળ પ્રસન્નતા માટે સદૈવ તેમની અનુવૃત્તિમાં રહી નીચી ટેલરૂપ ભગવાનની અને ભગવાનના ભકતો (માંદા સંતોની પણ) મન-કર્મ-વચને સેવા કરતા. આવા સેવાયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, અને યોગયજ્ઞના આદિ પુરસ્કર્તા જૂનાગઢના જોગીનું ધામ-જેમાં પોતે ચાલીસ વર્ષ ઉપરાંત વાસ કરી પોતાના અનુભવની અમૃત વર્ષારૂપ વાતોથી મુમુક્ષુઓના અંતરમેલને (કારણ શરીરની વાસના અને અહંમમત્વરૂપ ગ્રંથિઓ અને સંશયોને) ધોઇ નાખી બ્રહ્મરૂપ બનાવી પરબ્રહ્મના સુખે સુખીયા કરી મૂકયા હતા. આમ **ધર્મનિષ્ઠા** અને **સ્વરૂપનિષ્ઠા** બંને પરસ્પર-અવલંબિત નિષ્ઠાનો સુભગ સમન્વ સ્વજીવનમાં અને પોતાના શિષ્યોના જીવનમાં સિદ્ધ કરી સહજાનંદ સ્વામીના સિદ્ધાંતોનો જ જીવનભર અમલ કર્યો હતો અને કરાવ્યો હતો એવા જીવન-મુકત જોગીને વંદના કરીએ.

ક્રિયા કરાવવામાં પણ ક્રિયારૂપ ન થાવું ને ક્રિયા મૂકીને પણ તેના મનસૂબા ન કરવા.

ભગવાનના પરમ એકાંતિક ભક્તયોગીને ભગવાનની અલૌકિક દિવ્યમૂર્તિનું સુખ એજ સાચું સુખ છે એમ તેમના આત્મામાં જડાઇ ગયું હોય છે તેથી (परंदृष्ट्वा) પુરુષોત્તમનારાયણનો સાક્ષાત્કાર પ્રથમ કરવાથી તેમને સાંસારિક પંચ વિષયમાંથી જીવપણું ટળી ગયું હોય છે. આવા સતત બ્રહ્મરસના ભોગી ભક્તો બ્રહ્મરૂપ થઇ પરબ્રહ્મની સદૈવ સ્વામી–સેવકભાવથી દાસત્વ ભક્તિ રૂપ ઉપાસના કરતા હોય છે. આવો આજ્ઞા ઉપાસનાના સુભગ સમન્વયનો દિવ્ય આધ્યાત્મિક વારસો પોતાના શિષ્ય સંતો અને હરિભક્તોને સોંપનાર અને ભગવાનના નિર્ભય ચરણકમળની સેવામાં હંમેશા પ્રેમમગ્ન રહેનાર ભક્તજોગીઓ હોય છે.

જેમના આધ્યાત્મિક વારસદાર પરબ્રહ્મના સુખે સદા સુખી રહેનાર સ. ગુ. સ્વામી બાળમુકુંદદાસજી તથા સ. ગુ. સ્વામી નારાયણદાસજી જેવા જૂનાગઢ દેશના (સોરઠ સત્સંગ બગીચાને) અને આખા સંપ્રદાયને પોતાની અનુપમ "સાધુતા"થી ઇષ્ટદેવ સહજાનંદ સ્વામીનું અને પોતાના પુરુ ગુણાતીત જોગીનું સાચું ગૌરવ વધારનાર આદર્શ સંતોની પરંપરાયણ જીવંત છે. આવી આજ્ઞા–ઉપાસનાની શુદ્ધ નિર્ભળ પરંપરા અને સત્સંગનો રંગ સમસ્ત સંપ્રદાયમાં સતત ચાલુ રહે અને ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામે અને સાધુતાથી જ જેમની મોટાઈ છે એવું સ્વ "વૃત્તાંત"થી જગત આગળ જવલંત દૃષ્ટાંત મૂકી જનાર સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીને આ સાર્ધશતાબ્દી મહોત્સવ પ્રસંગે કોટી કોટી અંતરના વંદન અર્પી તેમના આદર્શોનું નિર્ભળ શુદ્ધ સિદ્ધાંતોનું પાલન કરી તેમના વારસદાર સંતો અને સત્સંગીઓએ કૃતાર્થતા અનુભવવી જોઇએ.

આવા 'વર્તનવીર' વચનની મૂર્તિરૂપ આપણા આદ્દિ યોગીરાજ ગુરુવર્યનો મુખ્ય–પ્રધાન આદેશ શું હતો ? એ આદેશ આપણે આ નાનકડા લેખના પ્રસ્તાવના રૂપે આગળ જે મુદ્રાલેખ સમાન સૂત્રરૂપ વાત ટાંકી છે તેમાં સદાને માટે અમર થયેલો છે. "સ્વામીની વાતુ" –જેનો મૌખિક પાઠ તથા સ્વાધ્યાય આપણે સહુ પ્રતિદિન કરીએ છીએ. એ વાતોનું સારતમ તત્ત્વ જેમાં સમાયેલું છે એ સૂત્રનો ગલિતાર્થ–તેનું પૃથક્કરણ કરી સમજીએ અને તે પ્રમાણે આપણું વ્યક્તિગત જીવન તથા સામુહિક જીવનનું નવ નિર્માણ કરીએ.

આ સૂત્રનો પૂર્વાર્ધ : "કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો"–એનો ગલિતાર્થ(સુચિતાર્થ-Implication) પ્રથમ વિચારીએ. મુમુક્ષુઓ માટે 'જીવન દોરી' રૂપ આ સનાતન સૂત્રરૂપ સત્યનો અર્થ એટલો સુસ્પષ્ટ છે કે તેના પર કોઈ ગંભીર અભ્યાસરૂપ ભાષ્ય કે વાર્તિક રૂપ સ્પષ્ટીકરણની અપેક્ષા નથી. જેમ જેમ મોક્ષના દાતા શ્રીજી અને મોટા સંતોએ ચીંધેલા ઘોરી પંથ પર નિર્ભય રીતે પ્રયાણ કરતા જઈએ તેમ તેમ તેના સત્યનો–તેના સુચિતાર્થનો અંતરમાં અનુભવ થતો જાય છે.

કરોડ કામ બગાડવા એટલે વ્યવહારને છિન્નભિન્ન કરી, અર્થ કાળરૂપ જીવનના સાધનરૂપ

પુરુષાર્થો બગાડી તેના તરફ બેદરકાર રહેવું એવો અર્થ આપણે ન સમજીએ. પણ કરોડ કામ બગાડવા એટલે એક ભગવાનની મૂર્તિ સિવાય અન્ય સર્વે પદાર્થો અગર પુરુષાર્થત્રયી (ધર્મ-અર્થ-કામરૂપ પ્રથમના ત્રણ પુરુષાર્થ રૂપ લૌકિક સુખ સંપત્તિ) સિદ્ધ કરવાની જીવનની બધી પ્રવૃત્તિઓને ગૌણ કરવી અને કેવળ એ ત્રણ પુરુષાર્થ રૂપ પ્રેયસ્ (ઐહિક સુખ સંપત્તિ) માટે જ આખું જીવન વેડફી ન નાખવું. ધર્મ-અર્થ-કામરૂપ પુરુષાર્થ ત્રયી પાછળ આ બ્રહ્માંડ સર્જાયું ત્યારથી જીવપ્રાણીમાત્ર દોડયાં જાય છે; તેને જીવનનું ધ્યેય બતાવતાં મોક્ષરૂપ પરમ પુરુષાર્થના સાધન બનાવીએ; અને ધનથી પ્રાપ્ત કરેલ અર્થથી ભગવાનની આજ્ઞા પ્રમાણે કામ-પુરુષોના જીવનમાં સર્વોદયની પરોપકાર ભાવનાથી ઉપયોગ કરીએ એ અર્થ અને કાળને સત્સંગની સેવામાં જોતરીએ આ રીતે મનના ધ્યેયરૂપી સિદ્ધિના સાધન તરીકે વ્યવહારિક પ્રવૃત્તિઓ શિક્ષાત્રીની આજ્ઞા પ્રમાણે કરીએ તો તેવી પ્રવૃત્તિ નિર્બંધ બને છે અને મોક્ષને અર્થે કલ્પાય છે.

ગીતામાં પણ સિદ્ધાંતની સારપુરતાં પુકારે છે કે—

ધર્માવિરુદ્ધોઽસ્મિ ભરતવર્ષભ-ધર્મથી અવિરુદ્ધ કામ (ધર્મ પ્રમાણેના ગૃહસ્થાનમાં તેની પ્રવૃત્તિઓ) એ ભગવાનનું સ્વરૂપ છે.

મહાભારતમાં વ્યાસ નારાયણ ઉંચા હાથ કરી આજ સત્યનો જગતને ઉપદેશ આપે છે કે **ધર્માદર્થશ્ચ કામશ્ચ** ઃ ધર્મઃ **કિ ન સેવ્યતે !** ધર્મઃ એટલે ધર્મ સુતના વચનો રૂપ શિક્ષાપત્રીની ત્રિકાલાબાધિત આજ્ઞાઓ એ પ્રમાણે આપણું જીવન પ્રભુ પરાયણ અને આજ્ઞાંકિત બનાવીએ તો સામાન્ય વર્ણાશ્રમ ધર્મરૂપ નીતિથી પર જઈ આપણો ધર્મ ભાગવત ધર્મ બને છે. અને ભગવાનનો સંબંધ આપણા અર્થ કામ પુરુષાર્થમાં અનુસ્પુત હોવાથી વ્યવહાર નિ ગુણ, નિર્લેપ અને નિર્બંધ બને છે અને અંતે મોક્ષને માટે કલ્પાય છે. શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં અંત ભાગમાં સ્પષ્ટ આશિર્વાદ રુપ આદેશ આપ્યો છે કે આ શિમાપત્રી પ્રમાણે અમારા આશ્રિત (આચાર્ય, ગૃહી, ત્યાગી તથા સધવા વિધવાબાઈઓ સર્વે) વર્તશે તો તે ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે જ પામશે. આ રીતે મોક્ષની પ્રાપ્તિ સુલભ બને તે તે માટે શ્રીજી મહારાજે સરળ ઉપાય બતાવ્યો છે. અને સાથે સાથે એ પણ કહ્યું છે કે,

'એમ ન રહે જે નર નાર રે,
તેતો અમારા સંપ્રદાય બહાર રે'

એ પ્રમાણે ગુણાતિતાનંદ સ્વામીએ આપેલ સુત્રના પૂર્વાધનો વિચાર કરતાં એ ગલીતાર્થ રૂપ નવનીત નીકળે છે કે ભગવાનની આજ્ઞા પ્રમાણે ધર્મ, અર્થ, કામરૂપ પ્રવૃત્તિના કરોડ કામ કરીએ તો પણ તે બધી પ્રવૃત્તિ મોક્ષાર્થે કલ્યાણ છે. પરંતુ સાથે સાથે એ પણ ખ્યાલ રાખવો જોઇએ કે જગત ખોટું છે મિથ્યા છે. એ સાંખ્ય વિચાર રૂપ આંખ, 'અંતરના વિવેકરૂપ નેત્રો ખુલ્લા રાખી સારા સારનો વિવેક સમજી **શ્રીજીની આજ્ઞારૂપી નિસરણીનું અવલંબન રાખી**

જગતનો વ્યવહાર કરીએતોજ મોક્ષ માર્ગ નિર્વિઘ્ન રહે છે. પરંતુ આજ્ઞાલોપી સ્વૈર વિહાર કરી કરોડ કામરૂપ વ્યવહારને સુધારવા ગમે તેટલો પુરુષાર્થ કરીએ તોપણ તે કરોડ કામ બગડેલાં છે. કદી કોઈનાં સુધર્યા નથી અને સુધરશે પણ નહિ.

આજ્ઞા પાલન થાય તો તે મોક્ષ માટે ઉપયોગી અર્થ કામ બગડતા નથી, પણ મોક્ષના સાધનરૂપ બને છે. આવો સાંખ્ય વિચાર એ મોક્ષરૂપી પરમધ્યેય સિદ્ધિનો પૂર્વાર્ધ છે. પણ ઉતરાર્ધ રૂપ મુખ્ય કામ તો ભગવાનની મૂર્તિમાં જોડાવા રૂપ યોગ છે. જરૂર જેટલો વ્યવહાર કરી, તે વ્યવહારને ભગવાનની સેવામાં ઉપયોગી કરી બાકીનો સમય ભગવાનની મૂર્તિ સિદ્ધ કરવા અને તે માટે કથા, વાર્તા, કીર્તન, ભજન સ્મરણ, વગેરે ભક્તિરુપ પ્રવૃત્તિમાં જોડાવું જોઈએ. એ રીતે વ્યક્તિગત જીવનમાં યોજના બદ્ધ કાર્યક્રમ ઘડી સમષ્ટી રુપ સામુહિક પ્રવૃત્તિ કરીએ એજ સ્વામીના સુત્રના ઉત્તરાર્ધનો ગલિતાર્થ છે.

સ્વામી કહે છે કે મોક્ષ બગડયો તો શું કર્યું ? મતલબ કે કશું જ કર્યું નથી. જગતમાં કરવા જેવું કામ એક મોક્ષ પ્રાપ્તિ છે. અને તેથી સ્વામીએ આવી વાતે કરી સહુને મોક્ષ માટે જાગૃત કર્યા છે.

શ્રીજીએ સ્ત્રીધનના ત્યાગી સંતો અને સાંખ્ય-યોગી બાઇ ભાઈની વિરાટ સેનારૂપ પ્રાધ્યાપકો તૈયાર કર્યા છે. તેનું રહસ્ય પણ મોક્ષનામાર્ગનાં ધુધુબાજ માર્ગને પ્રકાશિત કરવાનું છે સર્વ-જીવહિતાવહ સ્વામિનારાયણીય સનાતન શાશ્વત્ સિદ્ધાંત પ્રમાણે મોક્ષ મુલક જીવન જીવીએ અને મુમુક્ષુ જનતામાં એ સિદ્ધાંતોનો પ્રચાર કરીએ તો જ આપણે સાચા અર્થમાં આપણા મહા મંદિરોની શતાબ્દિ કે સાર્ધ શતાબ્દિ મહોત્સવો ઉજવ્યા તે લેખે ગણાય. આ જૂનાગઢ મંદિરનો સાર્ધ શતાબ્દિ મહોત્સવ ઉજવાય છે ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના આગળ ચર્ચી ગયાતે 'કરોડ કામ બગાડીને એક મોક્ષ સુધારવો'તે સૂત્રના ભાવને સહુ સમજીએ અને જીવનમાં ઉતારીએ.

"નરસિંહ મહેતાના ચોરે"

"અરે મહારાજ ! તમે ક્યાં બેસી ગયા ? ઉઠો ઉઠો એતો મહેતાજીની ગાદી છે." નરસિંહ મહેતાના ચોરાના પૂજારીએ સહજાનંદ સ્વામીને ઉપર મુજબના શબ્દો કહ્યા ત્યારે શ્રીહરિ ફક્ત મર્માળુ હસ્યા. "અરે ! મહારાજ તમે સાંભળો છો કે નહિ આતો નરસિંહ મહેતાની ગાદી છે." પૂજારીએ જરા કડકાઈથી કહ્યું. "મહેતાજીની ગાદી છે ? અમે તે મહેતાજીના ગુરુજી છીએ." મહારાજે ખુબ શાંતિથી ઉત્તર આપ્યો. પૂજારી તો જરા મુંઝવણમાં પડી ગયા ત્યાંજ તેમને સમાધિ થઇ ગઇ સહજાનંદ સ્વામીનાં કૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં. અને મહેતાજી તેમની આગળ પ્રાર્થના કરે છે, એવું જોયું. સમાધિમાંથી જાગી પૂજારી મહારાજના ચરણમાં પડી ગયા અને ક્ષમામાગી પોતાને ભગવાનનાં દર્શન થયા તથી પોતાનું અહો ભાગ્ય માનવા લાગ્યા.

ઉપરનો પ્રસંગ શ્રીજી મહારાજ સંવત ૧૮૬૫ની જન્માષ્ટમીનો મહોત્સવ અગત્રાઇમાં પરબતભાઇને ઘેર કરી શ્રી ઝીણાભાઇના આગ્રહથી જૂનાગઢ પધારેલા ત્યારે નરસિંહ મહેતાના ચોરે પધારેલા, તે સમયે બનેલ છે.

જુનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિર



શ્રી સિદ્ધેશ્વર મહાદેવ

"સંકલ્પો સિદ્ધ કર્યા"

—સા. પ્રભુચરણદાસ (ગુરુકુલ)

"મુકુંદ બ્રહ્મચારી, આજે અમારા માટે થાળ કરશો નહિ" જૂનાગઢમાં બિરાજતા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સવારના પહોરમાંજ આ સુચના કરી ત્યારે વિસ્મય પામેલા મુકુંદ બ્રહ્મચારીએ મહારાજને વિનયથી પુછયું "મહારાજ ઠાકોરજીના થાળ વગર કેમ ચાલશે? મહારાજે કહ્યું સમય થયે બધું થઇ રહેશે." બપોરનો સમય થયો શ્રીજીએ થાળ માટે પ્રયાણ કરવા માંડયું ત્યારે સહુ મનમાં વિચાવા લાગ્યા કે મહારાજ અત્યારે કયાં જતા હશે? જૂનાગઢની ગલીઓમાંથી પસાર થઇ એક ખડકીબંધ ઘર આગળ આવી મહારાજ ઉભા રહ્યા, અને બાઉબાઇ અહીં રહે છે? એમ પૂછયું ત્યાં બાઉબાઈ ખડકી ખોલી મહારાજ અને સાથેના ભકતો અંદર ગયા.

બાઉબાઇ તો રાજી થઇ ગયાં. બાઉબાઇએ શ્રીજી મહારાજના પ્રતાપની ઘણી વાતો સાંભળેલી તેથી આકર્ષણ થયેલું પરતું ભગવાનપણાનો દઢ નિશ્ચય થયો ન હતો.

મહારાજે બાઉબાઇને કહ્યું અમારે સ્નાન કરવું છે. તો ગરમ પાણી આપો એક જૂની ત્રાંબા કુંડીમાં બાઉબાઇએ પાણી આપ્યું તે જોઈ મહારાજે કહ્યું કે પેલી નવી ત્રાંબાકુંડી અમારા માટે રાખી છે તેમાં અમે સ્નાન કરી શું. તે પછી મહારાજને પહેરવા જૂનું પીતાંબર બાઉબાઇએ મુકેલું મહારાજે કહ્યું બાઉબાઇ, અમારા માટે રાખેલું નવું પીતાંબર મુકવાનું કેમ ભૂલી ગયાં? બાઉબાઈએ તરત જ નવું પીતાંબર આપ્યું. મહારાજ પીતાંબર પહેરી બાઉબાઈએ પકવાનની રસોઇ કરેલી તે જમ્યા. બાઉબાઇ ભગવાનને પગે લાગતાં બોલ્યા કે કેટલાક દિવસ પહેલા મેં જે સંકલ્પો કરેલા કે સહજાનંદ સ્વામી વિના આમંત્રણે મારે ત્યાં જમવા પધારે તથા નવી ત્રાંબાકુંડીના જળથી સ્નાન કરે અને નવું પીતાંબર પહેરી જમવા બેસે તે આજે સિદ્ધ થયા છે. ખરેખર આપ સાચા ભગવાન છો અમારું અને અમારા ચાર પુત્રોનું કલ્યાણ કરો. તેમના પતિ અંબાશંકરભાઇ પણ ભગવાન શ્રી હરિને પગે લાગ્યા શ્રીજીએ રાજી થઈ કહ્યું કે તમારા કુંટુબનું જ નહિં પરંતુ એકવીશ પેઢીનું કલ્યાણ થશે.

આ પ્રમાણે બાઉબાઈને પૂર્વજન્મના સુકૃત હશે તે સત્સંગની દઢતા થઇ. કોઇ કોઇ વાર શ્રીજી મહારાજ તેમના ઉપર ઉપદેશનો પત્ર

લખતા તેમાંનો એક આ નીચે પ્રસિદ્ધ કર્યો છે.

અંબાશંકરભાઇ તથા બાઉબાઇના સુપુત્ર રૂપશંકર ભાઇ પણ શ્રીજીના અનન્ય આશ્રિત થયા હતા. એક વખત તેઓ બ્રહ્મકુંડમાં સ્નાન કરતા હતા અને મુખેથી સ્વામિનારાયણ નામની રટના કરતા હતા. તે સાંભળી બાજુમાં સ્નાન કરતા એક સન્યાસીએ રૂપશંકરભાઇને સ્વામિ-નારાયણ સંપ્રદાય વિશે અમુક પ્રશ્નો પુછ્યા તેના જવાબ રૂપશંકરભાઈએ શૂરવીરતાથી આપ્યા આથી છેડાઇ ગયેલા સન્યાસીએ રૂપ-શંકરભાઇને શાપ આપ્યો કે તમે નિર્વંશ જશો. રૂપશંકરભાઇએ સદ્‌ગુરુ વર્ય ગોપાળાનંદ સ્વામીને આ વાત કરી ત્યારે સ્વામીએ ખુબ કૃપા કરી કહ્યું કે ભકતરાજ તમે જરાય મુંઝાશો નહિ. એમ કહી પોતાની બગલમાંથી વાળ તોડી તેના હાથમાં આપ્યા તેમાંથી બે વાળ નીચે પડી ગયા અને પાંચ હાથમાં રહ્યા. તે જોઈ સ્વામીએ કહ્યું તમારે સાત પુત્રો થશે તેમાંથી પાંચ જીવતા રહેશે અને ખરેખર તે પ્રમાણે થયું. આજે પણ રૂપશંકરભાઇના વંશજોમાં સત્સંગ તરફ શુભ ભાવના જોવામાં આવે છે.

"પ્રસાદીનો પત્ર"

સ્વસ્તિ જિરણગઢ સ્થાને વિરાજમાન ઉત્તમોત્તમ ગુણનિધાન શમદમ સાધન અભિલાખવાન જ્ઞાન-વૈરાગ્યાદિક ભકિત ગુણ સંપન્ન વચન નિવાસિ હરિભકત શિરોમણિ એવં અનેક શુભ ઉપમા લાયક ભાઈશ્રી બાઉબા તથા ભાઈ શ્રી જવેરબા એતાનશ્રી આનંદેશથી લિખાવિંત સ્વામી શ્રી સહજાનંદજીના જયશ્રી સ્વામ-નારાયણ વાંચજો.

અપરં તમારો પત્ર ત્રવાડી સાથે આવ્યો તે પોતો વાંચી સમાચાર સર્વ જાણ્યા. બીજું તમે લખ્યું છે જે દર્શન વિના ચિત્ત તપે છે તે ભગવાનના અપવાળા જે ભકત છે તે તેની અનાદિએજ રીત છે માટે સત્યવસ્તુ જે ભગવાન તેનેવિષે અહરનિષ આલોચ ટાળીને અસત્ય એવો જે સંસાર જડ દુઃખ ને મિથ્યા તેનાં જે પદાર્થ પુત્ર, ધન, રાજ, મંદિર, મેડી આદિ જે નવનિધિ મળે અથવા કોયક દુઃખ આવી પડે તે સર્વે નાશવંત છે; સુપ્ન તુલ્ય છે તેવું તો જીવને ચોરાશીમાં કૈકવાર મળ્યું છે. પણ તે ફના છે. તેમાં ભગવાનના ભકતને મોહ પામવું નહિ ને સત્ય માનવું નહિ. અને સત્ય જે ભગવાન ને સત્સંગ તે જીવને મળવો દુર્લભ છે, અને સ્વર્ગાદિકના જે દેવતા તેને પણ અપેક્ષા છે. તેની પ્રાપ્તિ તમને થઇ છે.... ...બીજું એમ છે જે ઝાઝો સમીપે રેતાં હેત ઓછા થાયે છે, અને છેટે રહે અધિક માહાત્મ્ય જણાવે છે, અને પ્રાપ્તિ પણ અધિક થાય છે.....

o o o

જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઇ આવતું નથી.

પુણ્ય – ભૂમિનો પ્રતાપ

—જબરદાન એ. બારોટ

વર્ષો પહેલાં જે યવનોએ હિન્દુ-સ્થાન ઉપર ચડાઇ કરેલ અને હજારો હિન્દુઓની કતલ કરેલ અને ઇરાદાપુર્વક ગૌવધ કરીને હાહાકાર વરતાવેલ તેજ મુસ્લીમ કોમના રાજા જુનાગઢ જેવા પવિત્ર રયાસતનું રાજ કરતાં કરતાં તે પુણ્ય-ભૂમિના પ્રતાપે કેવા ફેરવાઈ ગયા તેનો આ બનેલો બનાવ પ્રતીતિ આપશે.

જુનાગઢના સદ્‌ગુરુ વર્ય નારાયણદાસજી સ્વામી મહંત હતા. મંદિરની ગૌશાળામાં સારામાં સારી જાતની ગાયો હતી. એક ગાયનો વેલોતો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વખતનો હતો અને તે ગાયની પરંપરા હાલ રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળમાં છે.

જુનાગઢ મંદિરના ભોળે ભગત નામના પાર્ષદ ગાયો ચારવા જતા. ખૂબજ મહિમા સહિત પોતે ગાયોની સેવા કરતા એમનો કંઠ એવો મધુર હતો અને જ્યારે એ હલકમાં કીર્તનો ગાય ત્યારે સાંભળનારને મંત્રમુગ્ધ કરી દેતા.

ગાયો ગરવા ગીરનારની તળેટીમાં ચરતી હતી. ગીરના ઘેઘુર વનમાં નિલેરાં ઘાસમાં વિવિધ રંગની ગાયોનું ટોળું બહુ જ રમણીય લાગતું હતું. જુનાગઢના નવાબ સાહેબ તે તરફ ફરવા નીકળ્યા. તેણે આ ગાયો જોઈ પોતે બહુ ખુશ થયા. અને પોતાના માણસ માર્ફત તપાસ કરાવતાં માલુમ પડયું કે આ ગાયો તો સ્વામિનારાયણ મંદિરની છે. પોતે કહેવરાવ્યું કે મારે નિરાંતે આ ગાયોને જોવી છે માટે તમો બંગલે હાંકી આવો ત્યાં રોકાશો ત્યાં સુધી ખાણ કપાસીઆ વગેરે ગાયોને અવરાવશું.

નવાબ તો સોરઠ સરકાર કહેવાય તેણે પોતાના માણસો સાથે રાખીને ભગતને ગાયો સાથે બંગલે લઈ ગયા. ત્યાં ગાયોને ગૌશાળામાં બંધાવીને નવાબ સાહેબ પોતાના માણસો સાથે ગાયોને ફરીફરીને જોવા લાગ્યા. પોતાના રાજમાં પણ ઘણી ગાયો હતી. પરંતુ મંદિરની એક ગાય પોતાને બહુ પસંદ પડી. રાજમાં પણ મંદિરની ગાય જેવી રૂપાળી તથા વેલમાં લાંબી ગાય ન હતી જેથી નવાબ સાહેબે વિનંતિ કરાવી કે મંદિરના સ્વામીજીને પુછાવો કે આ ગાય અમને આપે તો પોતે જે કહે તે કિંમત આપવા તૈયાર છે.

મંદિરમાં સંદેશો આવતા સ્વામીશ્રીએ બે ત્રણ જણને પ્રસાદી લઈને મોકલ્યા અને કહેવરાવ્યું કે મંદિરની ગાયો આપની જ કહેવાય માટે ખુશીથી જે ગાય ગમે તે એક બે ચાર જે આપની ઇચ્છા હોય તે ખુશીથી રાખો. અમારે કાંઈ પણ કીંમત જોતી નથી.

જ્યારે આ સંદેશો આવ્યો ત્યારે નવાબ સાહેબ તથા રેવન્યુ કમિશ્નર સીકવેરા સાહેબ તથા અન્ય હજુરિયાઓ ગાયો પાસે જ હતા. નવાબ સાહેબે કિંમત આપવા માટે ખૂબ આગ્રહ કર્યો પરંતુ સ્વામીજીના સેવકોએ વિનયથી ના કહી અને જે ગાય પસંદ હતી તે ગાય બંગલે રાખીને બીજી ગાયો મંદિરે હંકાવતા હતા ત્યારે ભોળા ભગત કહે કે સાહેબ જો આપ રાજી થયા હો તો અમારી ગાયોને ચરીયાણની કોઈ ખાનગી જગ્યા નથી જેથી આવી કામધેનુ જેવી ગાયોને મારે નોખે નોખે ઠેકાણે ડુંગરાળ જમીનમાં રખડાવવી પડે છે.

તુર્ત જ નવાબ સાહેબે સીકવેરા સાહેબને હુકમ કર્યો કે જ્યાં આપણી ગાયો ચરે છે ત્યાં આપણી ગાયો સાથે જ સરકારી વીડમાં સ્વામીજીની ગાયો ચરે, ભોળા ભગત તો રાજી રાજી થઇ ગયા ને મંદિરે આવ્યા.

આ વાતને વર્ષો વીતી ગયાં સીકવેરા સાહેબ બદલી ગયા અને તેની જગ્યાએ માણેકલાલ નામના અમલદાર આવ્યા. તે બહુજ ગણત્રીવાળા અને દરેક વસ્તુની જાત તપાસ કરે તેવા હતા. નવાબ સાહેબની ગાયો સાથે મંદિરની ગાયો ચરે છે તે વાતની પોતાને જાણ થતાં તેમણે મંદિરના ભગતને કંઇ હુકમ હોય તો તે પોતાની ઓફીસે બે દિવસમાં બતાવી જવા કહ્યું. આ બાબતનો હુકમ તો મૌખિક હતો તેમ જણાવ્યું પરંતુ તેમણે મનાઇ કરી અને છતાં પણ ગાયો તો દરરોજ વીડમાં ચરવા જતી જેથી આપણા આખા ટોળાને રોકાવીને ડબે લઈ જવા હુકમ કર્યો. ગોવાળે આવીને મંદિરમાં ખબર આપ્યા. સીકવેરા તો બદલાઇ ગયેલ. પરંતુ મત્વા જ્ઞાતીનો એક હજુરી તે વખતે હાજર હતો જેથી તેને મળીને વાત કરી જેથી તુરત જ સરકાર પાસે જઇને મંદિરની ગાયોની વાત કરી.

તુરત જ નવાબ સાહેબે માણેકલાલભાઈને સંદેશો મોકલ્યો કે મેં જાતે જ હુકમ કરેલ છે. અને તમે સ્વામીજીની ગાયો રોકી તે બોટું થયું, બેર જે બનવાનું હતું તે તો બની ગયું પરંતુ તમો તુરત જ ગાયોને મંદિરે મોકલી બોપો અને તે સ્વામીજીને રાજી કરો ! માણેકલાલભાઇ કહે અચ્છા સરકાર હું હમણાં જ ગાયોને મોકલું છું અને આપે હુકમ કર્યો કે સ્વામીજીને રાજી કરો તો જાતે જઇને માફી માગું. નવાબ સાહેબે કહ્યું કે તે ઓલિયાઓની દુઆથી મારું આ રાજ ચાલે છે. માત્ર મોઢેથી માફી માગો તે તો ઠીક પરંતુ તેમના માણસોને બોલાવીને તેમને બાણ માટે કપાસીયા અને આપણી ભેંસોમાંથી બેકાદ બે ભેંસો અગર આપણા બળદની જોડો છે તેમાંથી એક બે

જોડી બળદ જે કંઈ તે કહે તે આપો અને તેની દુઆ માગો. આપણે જ ચારવાનો હુકમ કરેલ અને આપણે જ ગાયોને ડબે હુંકવી તે કસુર દરગુજર કરે તેમ મારા વતી માફી માગો અને જરૂર બળદ કે કંઈ પણ રાખે તોજ મને શાન્તિ થાય ને તેમની દુઆ ફળે.

મંદિરમાંથી માણસો ગયા અને નવાબ સાહેબના હૃદય પૂર્વકના આગ્રહને માન આપીને એક જોડી બળદ ભેટ તરીકે લાવ્યા.

સ્વામિનારાયણ ભગવાન તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી તથા સદ્‌ગુરુવર્ય ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપે અને વર્ષો થયાં જ્યાં પુરુષોત્તમ નારાયણનું ભજન થાય છે તેવી પવિત્ર ભુમીના પ્રતાપે યવન-રાજાની પણ કેવી નિરમળ ભાવના થઇ તેનો આ સચોટ પુરાવો છે.

આ વાત ભોજે ભગત ઘણી વખત કરતા અને જુનાગઢવાળા હરિલાલભાઈ જે સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટના મેતાજી છે તે પણ આ વાત બહુ સરસ રીતે કરે છે.

નવાબ મહોબતખાને, જુનાગઢનો મોટો યજ્ઞ અષ્ટોતર-શત પારાયણનો જ્યારે સ. શાસ્ત્રીજી ધર્મજીવનદાસજી સ્વામીએ કરાવેલ ત્યારે, વિજળી તથા પાણી વિના મુલ્યે પુરૂં પાડેલ અને હજારો હરિભકતોના ઉતારા માટે મંદિર, ધર્મશાળાઓ; આશ્રમોમાં પણ સાંકડ જણાતાં મુસ્લીમ ધર્મના મદ્રેસા, મુસાફરખાનાં ઉપરાન્ત પોતાના મકબરાઓ પણ સત્સંગીઓ માટે ઉઘડાવી આપ્યા હતા. અને યજ્ઞપ્રસંગે આપણા આનંદપ્રસાદજી મહારાજ પધાર્યા ત્યારે તેઓશ્રીને લેવા માટે પોતાનું રેલ્વે-સલુન મોકલાવેલ અને સામૈયાં વખતે રાજની રવાસત સ્ટેશનેથી ઉતારા સુધી સામૈયામાં મોકલાવેલ અને પુર્ણાહુતી પ્રસંગે ખાસ પોતાના સચીવને મહારાજશ્રીનું સન્માન કરવા પોશાંગ તથા ભેટ સામગ્રી લઇને મોકલ્યા હતા અને મહારાજશ્રીને ઉતારા માટે સારામાં સારો બંગલો આપેલ.

આ પ્રમાણે દૈવી ભુમી તથા સત્‌પુરુષનો જોગ કેટલું પરીવર્તન સરજે છે તેની પ્રતીતિ આવા પ્રસંગોએ થાય છે.

સંત શિરોમણિ ગ્રંથ

ભગવાન સ્વામિનારાયણ જૂનાગઢમાં પધાર્યા પોતાનો અલૌકિક પ્રતાપ દર્શાવ્યો અને તેનાથી આકર્ષાઈ ઘણા મુમુક્ષુજનો તેમના આશ્રિત થવા લાગ્યા. આ હકિકત અદેખા લોકેથી સહન થઇ નહિ. ગમે તેમ કરીને શ્રીજીના પંથને તોડવાનો મનસુબો કરે. મત પંથના વિદ્વાનોએ ભેગા થઇ સ્વામિનારાયણ ભગવાન સામે વાદ વિવાદ કરવાનું નક્કી કર્યું. એક વખત શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. ત્યારે મતપંથી આવી શ્રીજીને પ્રશ્નો પૂછવા લાગ્યા. જુદા જુદા મતપંથીઓએ એક પછી એક ઘણા પ્રશ્નો પૂછયા શ્રીજી મહારાજે ખૂબ શાંત રાખી શાસ્ત્ર પ્રમાણે તેના ઉત્તરો કર્યા, અને સહુના મનનું સમાધન કર્યું. સાત દિવસની ચર્ચાને અંતે મતવાદીઓએ સહજાનંદ સ્વામીની જીત કબુલી. આ સાત દિવસ દરમ્યાન સંત-અસંત-ધર્મ સર્ગ અધર્મ સર્ગ દૈવી અને આસુરી સંપદ વગેરે વિષયોનું સુંદર નિરૂપણ થયું. તેના ઉપરથી શ્રીજીની આજ્ઞા મેળવી મુકતાનંદ સ્વામીએ "સંત શિરોમણિ"એ નામના ગ્રંથની રચના કરી.

જેવા સત્સંગે કરીને ભગવાન વશ થાય છે, એવા બીજા સાધને કરીને થાતા નથી.

'ગાંધર્વને ત્યાગી દીક્ષા'

—સા. ઘનશ્યામજીવનદાસ

"સાહેબ, અમારા ગુરુ આપણા જૂનાગઢ શહેરમાં પધારે છે તો તેમને આવવાની રજા આપો" ઝીણાભાઇ તથા રામજીભાઇએ નવાબ સાહેબને વિનંતિ કરી. શહેરમાં દ્વેષી લોકો ઘણા હતા. તેથી દીર્ઘ દૃષ્ટિ રાખી પૂર્વ બંદોબસ્તની તૈયારી કરવી સારી એમ ભક્તજનો વિચારી રહ્યા હતા. ભગવાનની સ્વારી ન નીકળે તે માટે અદેખા લોકો પોતાના પ્રયાસો કરતા હતા.

"નવાબ સાહેબે પૂછ્યું તમારા ગુરુ કોણ છે? ઝીણાભાઇ તથા રામજીભાઇએ સમજાવ્યું કે ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારા ગુરુ છે અને તે મોટા ફકીર છે. અમારે મન અલ્લાહ છે. નવાબ તો ખુશ ખુશ થઇ ગયા અને કહ્યું કે અલ્લાહના પ્રતાપે તો અમારું રાજ્ય ચાલે છે માટે તેવા મોટા તો અમારા રાજ્યમાં આવે તે સારું.

બીજે દિવસે સંવત ૧૮૬૨ના ચૈત્ર માસમાં ઉત્સવ માટે ભગવાન શ્રી હરિ સંત પાર્ષદો સહિત જૂનાગઢમાં પધાર્યા અને અગાઉથી સત્સંગીઓને તેની જાણ કરી દીધી હતી કે :-

દેશ સોરઠ દુર્ગ જૂનો, તિયાં સહુ આવજો તમે
સુંદર ચૈત્રમાસમાં, સુદી પૂનમેં આવશું અમે.
(ભ. પ્ર. ૫૧)

જૂનાગઢના હરિભક્તોએ ધામ ધૂમથી ભગવાનનું સામૈયું કર્યું અને માણકી ઘોડી ઉપર મોહનવર બિરાજ્યા હતા. અનેક કાઠી ઘોડે સ્વારો અને સંતો સાથે શહેરના મુખ્ય માર્ગો ઉપર થઈ શ્રીજી પસાર થતા આ ભવ્ય સ્વારી ચાલતી હતી ત્યારે તે જોવા માટે અનેક ભાવિક જનો ચારે તરફથી ઉમટી પડયા હતા. સહુ કોઇની મનોવૃત્તિ ભગવાનમાં ખેંચાયેલી હતી. રસ્તામાં ગાંધર્વ સારંગી લઈને મધુર સ્વરથી આલાપ કરી રહ્યો હતો. તેને ભગવાનનાં દર્શન થતાં તે શ્રીજીની સામે મીટ માંડી સારંગીના સુર છેડતો હતો તે સાંભળી શ્રીજી ઘણા રાજી થયા અને સોનેરી રેંટો તે ગાંધર્વને ભેટ આપ્યો. રસ્તામાં ઠેર ઠેર ભગવાનને ફૂલહાર અર્પણ થતાં હતાં. ધીમે ધીમે આ સ્વારી રાજ મહેલ સુધી આવી પહોંચી. બાબી બહાદુર નવાબ સાહેબ શ્રી મહોબતખાનજીને શ્રીજીનાં અલૌકિક દર્શન થયાં અને તેને શ્રીહરિ તરફ અલ્લાહ તરીકેનો પૂજ્ય ભાવ જાગ્યો. નાગર વાડામાં થઈ ઝીણાભાઇના દીવાનખાને આવતાં સ્વારીની સમાપ્તિ થઈ.

તે પછી શ્રીજી મહારાજ વાવને કાંઠે આસોપાલવના વૃક્ષ નીચે મંદિરમાં હાલ જ્યાં છત્રી છે

ત્યાં સભા ભરીને જ્ઞાનની વાતો કરતાં આમ સાત દિવસ ત્યાં જ્ઞાનયજ્ઞ ચેાજાયેા હતેા.

પેલા ગાંધર્વને સ્વારીમાં શ્રીજીએ રાજી થઇ રેંટેા ભેટ આપ્યેા હતેા તેથી શહેરમાંથી બીજા પણ કેટલાક ગાંધર્વો શ્રીજી મહારાજના દર્શને આવ્યા અને તેમની આગળ સુંદર સંગીત કરી ભગવાનને રાજી કર્યા. શ્રીજી મહારાજે એ ગાંધર્વોનેા સારી રીતે સત્કાર કર્યો, તેમાં એક મુમુક્ષુ જનના મુખ ઉપર નિર્દોષ પવિત્ર અને ભકિતપૂર્ણ ભાવ તરવરતેા હતેા તે જોઇને સહુના અંતરને ઓળખનાર શ્રીજીએ તેના મનના સંકલ્પ કહી દેખાડયા તેનાથી ગાંધર્વને શ્રીજીને વિષે સદ્‌ભાવ થયેા અને શ્રીજીએ તેને સમાધિ કરાવી અને તેમાં દિવ્ય દર્શન આપ્યાં. સમાધિમાંથી જાગી તે ગાંધર્વ ભગવાનનાં ચરણમાં નમી પડયેા અને કહ્યું મહારાજ હવે સંસાર મારે માટે અસાર છે માટે હવે આ સારંગી લઇને ગામે ગામ ભટકી લેાકેાને રાજી કરવા નથી. રાજી કરવા જેવા આપ મળી ગયા છેા. મને તમારી દીક્ષા આપેા મહારાજ તેા તેનું દૈવીપણું પારખી ગયા હતા. તેથી તેને દીક્ષા આપી અને તેમનું નામ પાડયું **દેવાનંદ સ્વામી.**

વામનરૂપે દર્શન

ભગવાન નીલકંઠવર્ણિ પેાતાના કેામળ ચરણારવિંદથી ગિરીરાજ ગિરનારને પાવન કરી સડસડાટ ગૌમુખી ગંગા સુધી પહેાંચી ત્યાં સ્નાન કરવાની તૈયારી કરી ત્યારે એક બાવાજીએ આ બટુકને સ્નાન કરતા રેાકયા. ત્યારે શ્રીજીએ તેને વામનરૂપે દર્શન આપ્યાં. બાવાજી ભગવાનના ચરણમાં પડયા અને મહિમાથી તેમને સ્નાન કરાવ્યું.

સિંહની બીક શી નરસિંહને ?

તીર્થાટન કરતા નીલકંઠ વર્ણિ જુનાગઢમાં દામોદર કુંડ પાસે આવ્યા. શ્રાવણ સુદ એકાદશીના પવિત્ર દિવસ હતેા. દામેાદરકુંડમાં તથા રેવતી કુંડમાં સ્નાન કરી દામેાદર ભગવાનના દર્શન કર્યા. ત્યાંના પૂજારીને સમાધિ કરાવી ભગવાનના ધામનાં દર્શન કરાવ્યાં દામેાદરરૂપે દર્શન આપ્યા પછી ગિરનાર ઉપર જઈ આવી સાંજના રાધા દેરીમાં પાસે ઉતર્યા. બહાર આસન જમાવી નીલકંઠવર્ણી તેા (ભગવાન શ્રી સહજાનંદસ્વામી) ધ્યાનમાં બેઠેલા હતા. દામેાદરજીના પુજારીએ કહ્યું રાત્રિએ અહીં સિંહનેા ભય રહે છે. માટે તમે ગામમાં ચાલેા વર્ણીએ કહ્યું. અમને કશાનેા ભય નથી. અમે તેા અહીં જ રાત્રે રહીશું વસ્તીમાં અમને ન ફાવે. યેાગીની આ હઠ છે એમ માની પુજારી તેા ચાલ્યા ગયા. રાત્રિએ ખરેખર સિંહ આવ્યેા પરંતુ વર્ણીના દર્શનથી તેની હિંસકવૃત્તિ દુર થઈ ગઈ અને ભગવાન પાસે આવીને બેસી ગયેા. શ્રીજીએ તેના ઓઢીંગણે આરામ કર્યો અને સવારે યાત્રાળુઓએ અને પુજારીએ જ્યારે આ દૃશ્ય જોયું ત્યારે તેઓ તેા આભાજ બની ગયા પછી ધ્યાનમાંથી જાગી શ્રીજીએ સિંહ સામે દૃષ્ટિ કરતાં તે પાછેા જંગલમાં ચાલ્યેા ગયેા. આ સ્થાને નીલકંઠવર્ણી ત્રણ દિવસ સુધી રહ્યા છે અને રેવતી કુંડમાં સ્નાન કરતા અને દામેાદરજીના દર્શન કરતા. આપણે આસ્થાને જતાં શ્રીજીના દિવ્યચરિત્રેાને યાદ કરી, તેમનેા મહિમા વિશેષ સમજવેા જોઇએ.

સભામંડપનું નિર્માણ

–હરિલાલભાઇ દામજીભાઈ જોષી

"સારાં કામમાં સૌ વિઘ્નો" એ કહેવત અનુસાર જૂનાગઢમાં શ્રી સ્વામિનારાયણ મંદિર થવામાં પ્રારંભમાંજ ઘણી મુશ્કેલીઓ આવેલી. કેટલાક દ્વેષી લોકો તરફથી ઉપાધિ કરવાના પ્રયત્નો પણ થયા પરંતુ શ્રીજીની કૃપા, બ્રહ્માનંદ સ્વામીની કુનેહ અને રાજ્યના સહકારથી મંદિરના નવ-નિર્માણનું કામ સાંગોપાંગ પાર ઉતરી ગયું. તેનો મહોત્સવ પણ સારી રીતે ઉજવાયો.

નાગરવાડમાં મંદિર થતાં સહુને દર્શનની સારી અનુકૂળતા મળી. પણ પાછી એક વાત ગામમાં ચોરેને ચૌટે ચર્ચાવા લાગી કે મંદિરની આથમણી બાજુની જે જમીન છે, ત્યાં નવાબ સાહેબ તરફથી મસ્જિદ બંધાવવાની યોજના ઘડાઇ રહી છે. આમેય નાગરવાડામાં એક સ્થળે મસ્જિદ જેવા સ્થાન તો આવેલા જ છે. પરંતુ આતો મંદિરની બરાબર નજીક જ થવાની વાત હતી. તે સમયના નવાબ રસુલખાનને તે સ્થળે મસ્જિદ કરાવવાની ખાસ ઇચ્છા હતી. મંદિરમાં સંતોને આ ખબર પડી. પરંતુ રાજ્ય આગળ બીજું શું ચાલે? અને સરકારી જમીનમાં આવું બાંધકામ કરતાં હોય તેમાં વાંધો પણ શું લઈ શકાય? સંતોએ તો ભગવાનને પ્રાર્થના કરી એટલામાં દૈવયોગે રસુલખાન અવસાન પામ્યા અને શાહજાદા મહોબતખાન નાની ઉંમરના તેથી રાજ્યનો વહીવટ બાઉદ્દીનભાઇ સંભાળતા હતા.

બાઉદ્દીનભાઇ સદ્‌ગુરુ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી નાની સ્થિતિએથી ખૂબ મોટી પાયરી પર પહોંચી ગયા હતા. અને તેથી તેમને સ્વામી પ્રત્યે ખૂબજ પૂજ્યભાવ હતો. અને સંપ્રદાય માટે અંતરમાં ગુણ બુદ્ધિ હતી. જ્યારે જ્યારે મંદિર અંગેનું કંઈપણ કામકાજ હોય ત્યારે બાઉદ્દીનભાઈ તે ખરા ભાવથી કરાવી આપતા હતા. રસુલખાનના અવસાન પછી પણ મંદિર નજીક મસ્જિદ બાંધવાની વાતતો ચાલતીજ હતી. પરંતુ બાઉદ્દીનભાઈએ એવો નિર્ણય લેવડાવ્યો કે આ સ્થળે મસ્જિદની કંઈ જરૂર નથી. અને તે અંગેનો ખર્ચ કરવો હિતાવહ નથી. તેથી એ જમીન જાહેર હરરાજીથી કાઢી નાખવી. તે મુજબ હરરાજીની તિથિ તારીખ નકકી થયા તેની જાહેરાત અપાઇ અને આ જાણી સંતો ખૂબ આનંદમાં આવી ગયા. બીજી બાજુ બાઉદ્દીનભાઇએ પણ કહેડાવ્યું કે મંદિર અંગે તે

જમીન જોઈતી હોય તો હરરાજીમાં ભાગ લેજો. સરકારી ધોરણે હરરાજી બોલાઇ. મંદિરે તેમાં ભાગ લીધો અને રાજ્ય તરફથી માગણી સ્વીકારી તે જમીન સ્વામિનારાયણ મંદિરને સુપ્રત કરવામાં આવી.

જમીનતો આવી ગઇ. તેનો સદુપયોગ કરવા માટે વિચારણા થઇ અને સદ્‌ગુરુ નારણદાસ સ્વામીએ ત્યાં સભામંડપ કરવા માટેનું બીડું ઝડપ્યું. બરાબર મંદિરના પગથિયાની સામે એક વિશાળ સભામંડપ બાંધવાનું આયોજન થયું. સંતો રાત-દિવસ જોયા વગર ભજન-કીર્તન ગાતા ગાતા તેના બાંધકામમાં લાગી ગયા. હરિભક્તો પણ મોહમાથી સેવામાં જોડાયા અને એ રીતે ટૂંકા સમયમાં ત્રણમાળની ધર્મશાળા અને નીચેના ભાગમાં ભંડક અને તેના ઉપર સભામંડપની સુંદર રચના થઈ ગઈ. ઉપરના ભાગે ધર્મ ધુરંધર આચાર્ય મહારાજશ્રીના ઉતારાની વ્યવસ્થા રાખવામાં આવી.

આ પ્રસંગની વાત મેં જૂના સંતો પાસેથી સાંભળેલી અને પૂ. સદ્‌ગુરુ નારણદાસ સ્વામી આ સભા મંડપનું બાંધકામ કરાવતા તે નાની અવસ્થામાં મેં નજરે જોયેલું તે દૃશ્ય હજુ પણ મારી આંખ આગળ તરવરે છે. આ જગ્યાએ મોટા ઉત્સવ-સમૈયા પ્રસંગે સભાઓ ભરાતી, ધૂન-ભજન થતાં અને ભગવદ્‌ કથા વાર્તાનો અમૃતરસ રેલાતો. પ. પૂ. સ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ એકવીશ દિવસની એકસો આઠ સત્સંગિ જીવન અને સંપ્રદાયના માન્ય ગ્રંથોના પારાયણ તથા મહાવિષ્ણુ યાગનું ભવ્ય આયોજન કરેલું ત્યારે આ સભા મંડપનો ઘણો જ ઉપયોગ થયો હતો. સ. ગુણાતીતાનંદ સ્વામીએ બંધાવેલ ધર્મશાળા જ્યારે બળી ગઇ તે પછી હાલનો સભામંડપ તૈયાર થયો ત્યાં સુધી આ મંદિરની સામે આવેલ સભામંડપમાં રોજની સભા થતી હતી.

આ રીતે જે સ્થાને મસ્જિદ થવાની હતી તે સ્થાને ભગવાન શ્રીહરિની દૈવી પ્રેરણાથી ધૂન-ભજન અને કથાવાર્તાથી ગાજતાં સભામંડપનું આયોજન થયું તે ઈતિહાસ આ દોઢસો વર્ષના પાટોત્સવ પ્રસંગે જાણવા જેવો છે.

નારાયણધરો

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઝીણાભાઇની નનામી પોતાના ખભે ઉપાડી અને અનન્ય ભક્ત તરફનો ભાવ દર્શાવ્યો. ત્યારે તેનું કારણ કોઈએ પૂછતાં શ્રીજી મહારાજે સ્પષ્ટતા કરી કે માંદા કમળશી ભક્તનો ખાટલો તેમણે ઉપાડેલો, તો ઝીણાભાઈની નનામી અમારે ઉપાડવી જોઇએને? ગિરનાર તરફ જવા દામોદરકુંડથી આગળ ઝીણાભાઇનો અગ્નિ સંસ્કાર થયો. અને તે પછી સંતોને ભક્તો સાથે શ્રીજી એ બાજુના ધરામાં સ્નાન કર્યું. ઝીણાભાઈની સમજણની અને સેવાની વાત કરી. આ ધરામાં શ્રીજીએ ઘણીવાર સ્નાન કર્યું છે તેથી તે નારાયણધરા તરીકે જાણીતો થયો છે. ઘટાદાર વૃક્ષોથી ઘેરાયેલા આ રમણીય સ્થળે શ્રીજીના ચરણારવિંદ પધરાવવામાં આવ્યાં છે.

જૂનાગઢ મંદિરના મહોત્સવોની પરંપરા

—ગિરધરલાલ પી. પટેલ

ગરવા ગિરનાર ઉપર અનેક સંતો અને મહંતોનું વિચરણ થયેલું છે. અનેક યોગી-જોગી અને તપસ્વીઓએ ગિરનારનું ગૌરવ વધાર્યું છે. આવી પુણ્ય ભુમિપર ભગવાન શ્રી સ્વામિનારાયણ ભારતભરમાં તીર્થાટન કરતા કરતા સં. ૧૮૫૬ના **શ્રાવણમાસમાં** જુનાગઢ પધાર્યા છે. જૂનાગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તે પછી સં. **૧૮૫૭ના ચૈત્ર સુદ પુર્ણિમાએ** રામાનંદસ્વામી સાથે પધાર્યા હતા. ત્યારબાદ સં. ૧૮૫૮ની રામનવમીનો મહોત્સવ ઘોરાજીમાં લાલવડ નીચે કરીને ચૈત્ર સુદ બારસે ભગવાન શ્રી હરિ સંતો પાર્ષદો અને ભકતો સાથે જુનાગઢમાં પધાર્યા હતા.

શ્રીજી મહારાજે જુનાગઢમાં **સં. ૧૮૬૨ના ચૈત્ર માસમાં પ્રથમ મોટો મહોત્સવ** કરેલો તે વાત નિષ્કુળાનંદ સ્વામીએ શ્રી હરિ વિચરણ ગ્રંથમાં વર્ણવી છે કે,

સંવત અઢાર વરસ બાસઠે; હરિજન મિલે એકઠે
ચૈત્ર સુદિ પૂનમ દિન કરિયે, જીરનગઢમે કિન સમૈયે

આ મહોત્સવ માટે અગાઉથી જ કંકોત્રીઓ લખાઈ ગઇ હતી. અને દુર દુરથી સંતો અને ભકતો જુનાગઢના આ પ્રથમ મહોત્સવમાં ભાગ લેવા આવી ગયા હતા. ભગવાન શ્રી હરિ જુનાગઢમાં પધારતા પહેલા સોનરખ નદીને કાંઠે ઘેઘુર લીલીછમ આંબલીયો હતી, તેની વિશાળ છાંયામાં પડાવ નાખી થોડો સમય રોકાયા ત્યારબાદ મજેવડી દરવાજા બહાર બિસારત બાગમાં વીસામો લીધો. ત્યાં ઝીણાભાઇ આદી હરિભકતોએ આવી મહારાજનું સામૈયું કર્યું. અને વાજતે ગાજતે સવારી કાઢી આખા ગામમાં જય જયકાર કર્યો. માણકી ઘોડી ઉપર બિરાજેલા શ્રીહરિ મંદમંદ હાસ્યથી જેમનું મુખારવિંદ અતિ શોભાયમાન લાગે છે, જેમની આંખોમાં જીવ-પ્રાણી માત્ર માટે કરુણા ભરી છે, અનંત જીવનું કલ્યાણ કરવા માટે જેના હૈયામાં હેતાળ લાગણી ઉભરાઇ રહી છે. તેવા શ્રીહરિના દર્શનથી નગરજનો ખૂબ જ પ્રભાવિત થયા. દિવાનચોકમાં થઈ ભગવાનની દિવ્ય સ્વારી ઝીણાભાઇના દિવાનખાને આવી. અને ભગવાન શ્રી હરિ ઝીણાભાઇની મેડીએ પધાર્યા.

આ ઉત્સવમાં ભગવાને આઠ આઠ દિવસ સુધી જ્ઞાન-વાર્તા, પ્રશ્નોતરી વગેરેથી ભકતજનોને સાચુ જ્ઞાન આપ્યુ. અનેક ઐશ્વર્ય-પ્રતાપો દર્શાવ્યા અને કેટલાય લોકો પોતાના મતમતાંન્તરનો ત્યાગ કરી શ્રીજીના આશ્રિત થયા. નવાબ શ્રી હામતખાનજીના કર્ણપટ સુધી પણ

શ્રીજીના મહિમાની વાતો પહોંચી ગઇ અને તેમણે પણ ખાસ આમંત્રણ આપી ભગવાનને દરબારગઢમાં પધરાવ્યા. આ ઉત્સવનું વર્ણન ભક્તચિંતામણિના એકાવનમાં પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ સરસ રીતે કર્યું છે. તે પછી સંવત **૧૮૬૪માં શ્રીજી મહારાજ** જુનાગઢ પધારેલા. સંવત ૧૮૬૫માં જન્માષ્ટમીનો ઉત્સવ અગત્રાઇમાં કરી ત્યાંથી જુનાગઢ પધાર્યા હતા. **સંવત ૧૮૬૬માં** ફુલદોલનો મોટો ઉત્સવ જુનાગઢને આંગણે કરી અને રંગે રમી સત્સંગનો પાકો રંગ આશ્રિતોને લગાડયો હરિલિલામૃતમાં આનું સુંદર વર્ણન કરતા વિહારીલાલજી મહારાજે લખ્યું છે કે,

"બ્રહ્માદિકને મળે નહિ જેહ,
લીધું સોરઠી જને સુખ તેહ:"

આમ, નાનામોટા ઘણા મહોત્સવો ભગવાન શ્રી હરિએ જુનાગઢને આંગણે કર્યા છે અને તેમાં **સંવત ૧૮૮૪ના વૈશાખ સુદ** બીજના રોજ શ્રી રાધારમણદેવ-શ્રી રણછોડ ત્રિકમરાય, તથા સિદ્ધેશ્વર મહાદેવ આદી દેવોની પ્રતિષ્ઠા કરી જે મહોત્સવ ઉજવ્યા તે શ્રીજી સમયનો ઐતિહાસિક મહામંગળ પ્રસંગ હતો. જેનું વર્ણન પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામીના લેખમાં થઈ ગયું છે.

તે પછી **નાના મોટા ઘણાં ઉત્સવો અને મહોત્સવો** જુનાગઢ મંદિરમાં યોજાયા. પરંતુ **તે સહુની પાછળ મુમુક્ષુ જીવોને ભગવાનમાં જોડવાનો એકમાત્ર હેતુ** હતો.

સમયના વહેણ પુરપાટ ચાલ્યા જાય છે. જોતજોતામાં સંવત **૧૯૮૪ની** સાલ આવી પહોંચી. વૈશાખવદ બીજે મંદિરની સ્થાપનાનો શતવાર્ષિક મંગલ મહોત્સવ સાદાઈથી છતાં પુર્ણ ભક્તિભાવથી ઉજવાયો. સદ્‌ગુરુ **સ્વામી નારાયણદાસજી** તે વખતે જુનાગઢ મંદિરના મહંત પદે હતા. ઉત્સવનો કોઈ ખોટો ડોળ કે હોહા ન હતા. પરંતુ સહુને ભગવાનના દર્શનનો કથાવાર્તાનો અને શત-વાર્ષિક મહોત્સવમાં જઇને સો સો જન્મની કસર આને આ જન્મે ટાળી નાખવા માટેનું એક અજબ તાન હતુ. અને એમાંજ ઉત્સવની ખરી મહત્તા સમાયેલી હતી.

આ મહોત્સવ વખતે અસંખ્ય ભક્તજનો જુનાગઢમાં ભેળા થયા હતા. પરંતુ વૈશાખનો બળબળતો ઉનાળો અને તેમાં પાણીની ઘણી તંગી હતી. સંપ્રદાયમાં નાહવા-ધોવા અને રોખાઇ માટે પાણી સાથે જ બધો વહેવાર રહ્યો તેથી આટલા મોટા સમુદાયને પાણી કેવી રીતે પહોંચી શકશે તે મોટી ચિંતાનો વિષય હતો. મુંઝાતા, ગભરાતા સહુ સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ કૂવા ઉપર મોટર મુકાવી હતી. પરંતુ કુવાનું તળિયું દેખાતા સહુની ચિંતા વધી ગઈ હતી. સ્વામીએ ભગવાનને સંભારી કહ્યું, તમ તમારે મોટર ચાલુ રાખો ભગવાન બધું પુરું પાડશે અને ખરેખર **તે પછી પાણીનો અખંડ પ્રવાહ ચાલુ રહ્યો**. છતાંય પાણીની જરાય મુશ્કેલી ન પડી. તે પ્રસંગ સ્વામીની ભગવાન પ્રત્યેના અડગ નિશ્ચયની અનેરી વાત કહી જાય છે.

આ શતવાર્ષિક મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે એકત્રિત થયેલ અસંખ્ય ભાવિકજનોએ ભગવાનનો મહાપ્રસાદ લીધો, છતાંએ ચોખ્ખા ઘીનો મસાલાથી ભરપુર શીરો શ્રીજી કૃપાથી જરાય ખૂટયો ન હતો. છેવટે ગાડાં ભરીને ગામડે પ્રસાદ મોકલાવ્યો અને શહેરમાં પણ ફરી જેને જોઇએ તેને પ્રસાદ વહેંચાયો.

એકવીશ દિવસનો ભવ્ય મહોત્સવ

જુનાગઢ મંદિરમાં મહોત્વની વાત કરીએ છીએ ત્યારે શ્રીજીએ કરેલી મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ અને તે પછીનો ઉજવાયેલો શત–વાર્ષિક મહોત્સવ આ બંને મોટા પ્રસંગો પછી જુનાગઢના આંગણે સંવત ૨૦૦૧માં ઉજવાય ગયેલો સંપ્રદાયના ઇતિહાસમાં એક અનેરો અને જુનાગઢની જનતા પણ જેને હજુ પણ વિસરી શકી નથી, તેવો **એકવીશ દિવસનો મહામંગલ મહોત્સવ શ્રી રાધારમણદેલની સાનિધ્યમાં ઉજવાઇ** ગયો. તેના પ્રણેતા હતા **પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીશ્રી ધર્મજીવનદાસજી સ્વામી.**

સંવત ૧૯૯૯માં પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની જુનાગઢ મંદિરના મહંત પદે ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીએ નિમણુંક કરી. પૂ. શાસ્ત્રીએ મંદિરનો વહીવટ ભારે કુશળતા અને મહિમાપૂર્વક કરી મંદિરની આવક અને બચતમાં ઘણો સારો વધારો કર્યો. ઘણા સમયથી તેઓના મનમાં રાધારમણ દેવની સમીપમાં અભૂતપૂર્વ મહોત્સવ ઉજવવાનો શ્રીજી પ્રેરિત શુભ સંકલ્પ થયા કરતો હતો. તેમણે જુનાગઢ દેશના આગેવાન અને સત્સંગના સેવાભાવી ઉના નિવાસી અને મુંબઈમાં વસેલા પ. ભ. શ્રીમાન ગાંધી બંધુઓને આ શુભ સંકલ્પની વાત કરી અને સત્સંગના સત્કાર્યો કરવાને માટે સદા તત્પર એવા ગાંધીબંધુઓએ આ પ્રસ્તાવ સહર્ષ વધાવી લીધો, મહોત્સવના મુખ્ય યજમાન તરીકે સેવા કરવાની તક તેમણે ઉદાર દિલે ઝડપી લીધી.

આ વખતે અનાજ, ખાંડ, કેરોસીન, વગેરેની ઘણી તંગી હતી. કડક રેશનીંગનો સમય હતો અને ઉત્સવના દિવસો દૂર નહોતા તેથી હજારો યાત્રિકોને જમાડવાની વ્યવસ્થા કરવી એ ઘણું જ કપરૂં અને લગભગ અશકય જેવું કામ હતું. પરંતુ પૂ. શાસ્ત્રીજીએ નામદાર નવાબ સરકાર પાસેથી પરવાનગી મેળવી હિંમતપૂર્વક રસોડા માટેની સામગ્રી ટુંક સમયમાંજ ભેગી કરી દીધી. વેગનો ભરીને ફળાહાર માટે બટેટા અને સાથે પાગરણના વેગનો આવી ગયા. અને એકવીશ દિવસ સુધી હજારો ભાવિકજનો શ્રીજીનો મહાપ્રસાદ જમ્યા

બીજી તરફ મંદિરના મુખ્ય દરવાજા પાસે ઉત્તરાદે રોડના મકાનોના સ્થળે નવા મકાન કરવાનું જે ઘણા વખતથી શકય બન્યું નહોતું. તે કાર્ય શાસ્ત્રીજીએ હિંમતથી ઉપાડી લીધુ અને બે માસમાંતો બત્રીશખંડનું બે માળવાળું ધોળા પથ્થરનું મકાન ઉભુ થઇ ગયું. જે ઉત્સવમાં ઉતારામાટે કામ આવ્યું અને પછીથી મંદિરને આવકનું સાધન બની ગયું.

સં. **૨૦૦૧**ના ફાગણ સુદ **બીજને** ગુરૂવારે આ મંગળ મહોત્સવો પુનિત **પ્રારંભ** થયો અને **એકવીશ દિવસના** આ **કાર્યક્રમની**

પૂર્ણાહુતિ ફાગણ વદ આઠમને બુધવારના રોજ થઈ. તે દરમ્યાન હજારો હરિભકતો આ મહોત્સવનાં દર્શન કરવા જુનાગઢને આંગણે આવી પહોંચ્યા. અને આ પ્રસંગે જુનાગઢ દેશના સમસ્ત ત્યાગી સમાજ ઉપરાંત વડતાલ, ગઢડા, અમદાવાદ, વગેરે સ્થળોએથી પણ અનેક સંતો આ મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરવા પધાર્યા હતા.

આ પ્રસંગે એક વીશ દિવસનો એકસો આઠ સત્સંગી જીવનના પારાયણ સાથે શ્રીજી માન્ય મુખ્ય આઠ સત્સ્ત્રો ઉપરાંત શ્રી હરિવાકય સુધાસિંધુ શિક્ષાપત્રીભાષ્ય, હરિલીલાકલ્પતરૂ, ભકતચિંતામણિ, વચનામૃત વગેરે સાંપ્રદાયિક સત્શાસ્ત્રોના પારાયણનું **સત્સંગમાં પ્રથમવાર** જ ભવ્ય આયોજન થયું હતું.

સાથે સાથે વેદોકત વિધિથી ઉમરેઠના વિદ્વાન બ્રાહ્મણો દ્વારા **મહાવિષ્ણુયાગ મહોત્સવ** પણ વિધિપૂર્વક ઉજવાયો હતો. જુનાગઢ મંદિરની બહાર પાસે ખુલ્લી જગ્યામાં મજબૂત સ્તંભો રોપી મંદિરની પ્રદિક્ષણાની કિનારીથી મોટા સભામંડપની પાળી સુધી એક સળંગ માળ બાંધી વિશાળ મંચને મંડપ તૈયાર કરાવાયેલો તે જોતા પૂ. શાસ્ત્રીજીની આયોજન શકિતનો ખ્યાલ આવતો હતો.

તારીખ ૩-૩-૧૯૪૫ના રોજ બોટાદથી નવાબ સાહેબના સુંદર સલુન સહિતની એક સ્પેશિયલ ટ્રેઈનમાં ધ, ધુ. આચાર્ય મહારાજ શ્રી આનંદપ્રસાદજી મહારાજ પોતાના રસાલા સાથે જુનાગઢ પધાર્યા ત્યારે વાજતે ગાજતે તેમનું સામૈયું થયું. બેન્ડ પાર્ટી અને અનેક ભજન મંડળીઓ સાથે નીકળેલી આ ભવ્ય સવારી આખા શહેરમાં ફરી ત્રણ ચાર કલાકે મંદિરમાં પહોંચી હતી. ભગવાનની પ્રતિમાને હાથીની અંબાડીપર પધરાવવામાં આવી હતી. દર્શન માટે ચારે તરફ માનવમેદની ઉમટી પડી હતી. અને અકડાઠઠ ભીડ જામી પડી હતી. છતાંય વ્યવસ્થામાં જરાય ખામી ન હતી. પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો ઉતારો રાજ્યના અતિથિગૃહ મહોમદ મંજિલ (હાલના મનોરંજન)માં રાખવામાં આવ્યો હતો. અમદાવાદ દેશની ગાદીના ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી **દેવેન્દ્રપ્રસાદજી મહારાજ** પણ આ પ્રસંગે પધારવાના હતા. પરંતુ તે સમયે તેઓશ્રી છપૈયા બિરાજતા હોવાથી આવી શકેલા નહિ. પરંતુ મહોત્સવ અંગે શુભેચ્છાપૂર્વકનો આશીર્વાદ પત્ર પાઠવ્યો હતો.

રાત્રિએ મંદિરમાં કાંગરા, ઘુમ્મટો, અને શિખરો રોશનીથી ઝળહળી ઉઠયા હતા. જાણે સત્સંગનો સાચો પ્રકાશ સોરઠની ભૂમિ પર પાથરી રહ્યા હતા. આ મહોત્સવ પ્રસંગે કામચલાઉ રેલ્વે બુકિંગ ઓફિસ ઈમરજન્સી દવાખાનું અને એમ્બ્યુલન્સકાર વગેરેની વ્યવસ્થા નામદાર નવાબ સાહેબ તરફથી મંદિરના દરવાજા પાસે જ રાખવામાં આવી હતી. અનેક સ્પેશ્યલ ટ્રેનો અને સ્પેશ્યલ બસોની પણ વ્યવસ્થા હતી. અને હજારો માણસો આ ભવ્ય મહોત્સવ નિહાળવા જુનાગઢમાં ઉતરી પડતા હતા. શાળા,

કૉલેજો અને વાડીઓ, ધર્મશાળાઓ ઉતારા માટે સદ્‌ભાવ પૂર્વક મળી ગયા હતા. અને સવારીને દિવસે જુનાગઢમાં **સરકારી ઑફિસોમાં પણ રજા પાડવામાં આવી હતી.** આ ઉપરથી મહોત્સવની ભવ્યતાનું અને રાજ્ય તરફથી મળેલ સહકારનો સહેજે જ ખ્યાલ આવશે.

વિશેષમાં સ્ટેટ તરફથી નામદાર નવાબ સાહેબે ખાસ પોશાક તૈયાર કરાવી ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીને બહુમાન પૂર્વક અર્પણ કર્યો હતો. અને જુનાગઢને આંગણે આવા ઐતિહાસિક મહોત્સવના મુખ્ય યજમાન પ. ભ. શ્રી ગાંધી બંધુઓને પણ સ્ટેટ તરફથી શિરપાવ આપવામાં આવ્યો હતો.

આ મહોત્સવ દરમ્યાન એક અલૌકિક પ્રસંગ બન્યો. મહોત્સવના દિવસોમાં જ ફાગણ સુદ-૧૪ ને દિવસે જુનાગઢના પ્રણામી મંદિરના સરવરિયા જ્ઞાતિના બ્રાહ્મણ પૂજારીએ પ્રથમ તો તેજ જોયું અને તેમાં ભગવાનની દિવ્ય મુર્તિ જોઇ. તેતો આશ્ચર્ય ચકિત થઇ ગયા. સ્વરૂપ ઓળખાયું નહિ તેથી તેમણે પૂછયું તમે કોણ છો ? ત્યારે શ્રીજીએ ધીરગંભીર અવાજે જણાવ્યું કે હું સ્વામિનારાયણ છું. અને મારા મંદિરમાં જઇને કોઠારીને આટલો સંદેશો આપી આવજો કે હિંમત અને ધીરજ રાખજો. મંદિરનો મહોત્સવ સુંદર રીતે પાર પડશે. તેની ચિંતા કરશો નહિ. પરંતુ કામમાં જે માણસોને રોકો તે વિચારીને રોકજો અને જેને રોકો તેની સાથે બીજા બબ્બે જોગા રાખજો. કદી અડચણ નહિ આવે તેમ સ્વામિનારાયણ કહી ગયા છે. "આ પુજારી કેન્સરની બિમારીને લીધે માંદા હતા. એટલે બીજે દિવસે માંડ માંડ તે મંદિરમાં આવી પૂજ્ય શાસ્ત્રીજીને શોધી તેમને બાનગીમાં આ બધી વાત કરી ત્યારે શાસ્ત્રીજી પણ ભગવાનની આ અપાર દયા જોઇ ગદ્‌ગદિત થઇ ગયા અને શ્રીજીના આવા કરુણામય સંદેશાથી શુભનિષ્કામ કાર્યમાં અગમ્ય રીતે કેવી સહાય મળી તેનો વિચાર આવતાં હૃદયમાં શ્રીજી પ્રત્યેનો શ્રદ્ધાપૂર્ણ ઉત્સાહનો ઉભરો આવી ગયો અને ખરેખર શ્રીજીની કૃપાથી આ મહોત્સવ સફળતાથી સુંદર રીતે પાર પડયો.

આ મહોત્સવથી અતિ પ્રસન્ન થયેલા ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીએ પૂજ્ય શાસ્ત્રીજીને શ્રીજીની **મહાપ્રસાદની ચાખડીની** જોડ આશીર્વાદ પૂર્વક આપી છે.

આ મહોત્સવ પ્રસંગે ગાંધી બંધુઓએ રાધારમણ દેવની પણ સારી સેવા કરી હતી. દેવને નવા પોશાક તથા સુવર્ણ અલંકારો ભાવપૂર્વક અર્પણ કર્યા હતા આ ઉપરાંત આ મહોત્સવથી મંદિરની અન્ય રીતે પણ સારી એવી આર્થિક સેવા થઇ હતી.

આ મહોત્સવ, બીજા મહાન વિશ્વયુદ્ધ સમયમાં વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણના શુભ હેતુથી યોજાયો હતો. અને ખરેખર આ મહોત્સવ પછી થોડાજ સમયમાં લડાઇ બંધ થઇ ને વિશ્વમાં શાંતિ ફેલાઇ ગઇ હતી.

સંપ્રદાયની દૃષ્ટિએ જોઇએ તો કથા-વાર્તા, ધૂન-કિર્તન અને ઉત્સવના પૂ. શાસ્ત્રીજીના અપુર્વ

આયેાજનથી સંપ્રદાયની શુદ્ધિ ને વૃદ્ધિ થઇ હતી. સંપ્રદાયની મહત્તાનેા અને તેની વિશેષતાનેા ભાવિક જનેાને ખ્યાલ આવ્યેા હતેા. આ તેની નાની સૂની ફલશ્રુતિ નહેાતી. આ સાથે પ. શાસ્ત્રીજીની અનેાખી આયેાજન શકિત અને સત્સંગની અભિવૃદ્ધિ માટે સેવા કરવાની ધગશ માટે તેમના પ્રત્યે સમજુ વર્ગનેા સદ્‌ભાવ વૃદ્ધિ પામ્યેા હતેા.

આજે પણ જેણે મહેાત્સવ નજરે નિહાળેલેા કે તેની ભવ્યતાની વાત સાંભળેલી તેઓ કહે છે કે એ મહેાત્સવ સંપ્રદાયના અદ્‌ભૂત ગૌરવરૂપ અને દિવ્ય સંભારણારૂપ ઉજવાઇ ગયેા.

પૂ. શાસ્ત્રીશ્રીએ પેાતાના મહંતપદ દરમ્યાન અનેક રીતે મંદિરને સમૃદ્ધ બનાવવા સફળતા પૂર્વકના પ્રયાસેા કરેલા છે. અને ગુરુકુલેાની સ્થાપના પછી પણ તેઓ રાધારમણદેવની સેવા કરતા-કરાવતા આવ્યા છે.

સં. ૨૦૦૧માં ઉપર મુજબ ઉજવાઇ ગયેલા ભવ્ય મહેાત્સવ પછી શ્રી રાધારમણદેવના દેાઢસેા વર્ષના પાટેાત્સવનેા પ્રસંગ જુનાગઢ મંદિરને આંગણે ઉજવાઇ રહ્યો છે. તે પણ સહુ સત્સંગ સમાજ માટે આનંદનેા અપુર્વ પ્રસંગ છે. ત્યારે જુનાગઢ મંદિરમાં ઉજવાય ગયેલા અત્યાર સુધીના મહેાત્સવેાની પરંપરાની ઉપરની સંક્ષિપ્ત વિગતેા પણ સહુને પ્રેરણાદાયી થઈ પડશે.

હાથના એક જ થાપે

જુનાગઢ નવાબ સરકારશ્રીના ભાવભર્યા આમંત્રણથી શ્રી હરિ સંત-પાર્ષદેાએ સહિત જુનાગઢ આવી પહેાંચ્યા. મજેવડી દરવાજેથી સામૈયું ચડ્યું. ચારે કેાર પ્રગટપ્રભુને નિહાળવા માનવમેદની ઉમટી એ વખતે નાગર દિવાનના કહેવાથી ચાર હજુરિયાઓ તેાફાનીવાળી ઘેાડાને પકડીને બ્રહ્માનંદ સ્વામી પાસે લાવ્યા. ને આ ઘેાડાપર બ્રહ્મમુનિએ સવારી કરવી એવું નવાબ સાહેબનું ફરમાન સંભળાવ્યું. ચકેાર આર્ષ દૃષ્ટા બ્રહ્મમુનિએ ઘેાડાને જેાતાં જ મુત્સદ્દીઓનું કાવતરું પારખી લીધું. તુરત જ ઘેાડાના કાનમાં સ્વામિનારાયણનેા મંત્ર બેાલી જેારથી ફુંક મારી. તેની જમણી કાંધરેાટી થાબડી અને ઘેાડાની દૃષ્ટિમાં પેાતાની દૃષ્ટિ પરેાવી હજૂરિયાઓને આઘા ખસી જવા કહ્યું. ત્યાં તેઓ બેાલ્યા સ્વામીજી જો આને છુટેા મુકીશું તેા આખી સવારીમાં ઘેાડેા તેાફાન કરી હાહાકાર મચાવી મુકશે. આપ માથે બિરાજો અમે બંને બાજુએ તેને પકડીને કહેા તેા સાથે ચાલીશું. બ્રહ્મમુનિએ કહ્યું, ચિંતા કરેામાં હવે એ તેાફાન નહિ કરે. તમે એને સાવ છૂટેા મુકી દીઓ.

શ્રીજીને સંભારી બ્રહ્મમુનિ ઘેાડા ઉપર સ્વાર થયા. સામૈયામાં કાઠીયાવાડી જાતવંત ઘેાડિયું વચ્ચે આ ઘેાડેા યેાગીન્દ્રની પેઠે નીચે દૃષ્ટિ રાખીને ઠેઠ સુધી ચાલ્યેા આવ્યેા. સામૈયામાં ભંગાણ પડવાની રાહ જેાઇ રહેલા તરકટિયાઓના હાથ હેઠા પડ્યા.

જેના હાથના એક જ થાપે વાળી ઘેાડાની કામવાસના બળી જાય ને આજીવન નિષ્કામી થઇ રહે એ સંત પેાતે કેવા મહાનિષ્કામી હશે !! જેના ભજનને પ્રતાપે પેાતાને આવી સ્થિતિ પ્રાપ્ત થઈ એ પ્રગટ પ્રભુના પ્રતાપનું તેા પૂછવું જ શું !! —વિદ્યાર્થી સેાલંકી હંસરાજ એમ.

જેમ જ્ઞાન થાતું જાય, તેમ તેમ ભગવાનનેા મહિમા જણાતેા જાય.

દોઢસો વર્ષનો પાટોત્સવ

—લક્ષ્મીનારાયણપ્રસાદ નાથજીભાઈ શુક્લ

શત વાર્ષિક અને સાર્ધ શતાબ્દિ મહોત્સવો ઉજવવાની એક પ્રથા પડી ગઇ છે. જુનાગઢમાં પણ રાધારમણદેવની પ્રતિષ્ઠાનો સાર્ધ શતાબ્દિ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. ત્યારે સ. ગુણાતીતાનંદ સ્વામી કે જેઓ જુનાગઢમાં ઘણું રહ્યા છે; તેમનો એક પ્રસંગ યાદ આવે છે.

જ્યારે જુનાગઢ મંદિરના મહંત તરીકે ગુણાતીતાનંદ સ્વામીને જવાની આજ્ઞા કરતી વખતે ભગવાન શ્રી હરિએ હાર પહેરાવવા માંડયો ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ મહંતાઇ માટે અનીચ્છા દર્શાવી પરંતુ શ્રીજીએ જ્યારે આગ્રહ કર્યો ત્યારે સ્વામીએ કહ્યું કે જો ગોપાળાનંદ સ્વામી દર વર્ષે એક માસ આવી મને ભગવાનની વાતો કરે તો હું જુનાગઢ જાવ. પછી શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને એ પ્રમાણે દર વર્ષે જુનાગઢ જવાની આજ્ઞા કરી ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામીએ જુનાગઢ મંદિરની મહંતાઇ સ્વીકારી.

આ વાત સહુને સમજવા જેવી છે. સત્સંગનું બળ સંતસમાગમથી મળે છે. આજે મહોત્સવમાં મોટા ભાગના ઉપર ઉપરથી દર્શન કરી પાછા આવે છે. પરંતુ સાચા સંતનો સમાગમ કરી સત્સંગનું બળ મેળવવું જોઇએ.

ભગવાન સ્વામિનારાયણની શિક્ષાપત્રીની નાની મોટી આજ્ઞાઓનું અનુસંધાન રાખવું જોઇએ. દેવદર્શન કરવા જતાં પણ આજ્ઞાનો લોપ ન થાય તેનું ધ્યાન રાખવું જોઇએ. શ્રીજીએ સ્ત્રી-પુરુષોની દર્શન માટે પણ જે મર્યાદા બાંધી છે, તે સાચવવી જોઇએ. કારણ કે ભગવાન શ્રી હરિએ કહ્યું છે કે, "જે જે થાય નિયમથી બારું,

તેતો ગમતું નથી અમારું."

"વચન પ્રમાણે વર્તે, તે ઉપરે પ્રસન્ન અતિ."

માટે ભગવાનને પ્રસન્ન કરવા આજ્ઞાનું બરોબર અનુસંધાન રાખવું. અને ભગવાન કેમ રાજી થાય તે માટેનું તાન રાખવું. આવા મોટા મહોત્સવમાં ભેગા થઈ ભગવાનની શુદ્ધ ઉપાસનાની દૃઢતા થાય તે માટેની પ્રેરણા લેવી જોઇએ.

સાથે સાથે ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે, "અમેજે મોટા મોટા ઉત્સવ સમૈયા મહોત્સવ કરીએ છીએ તેનું એટલું જ કારણ છે જે અંતકાળે તેની સ્મૃતિ થઈ આવે તો ભગવાનના ધામની પ્રાપ્તિ થાય." (ગ. પ્ર. ૩)

આપણે પણ આ મહોત્સવ પ્રસંગે આવીને ભગવાનનાં જે દર્શન કર્યાં હોય તેને તથા મોટા સંતો ભગવાન ભજવાની જે વાત કરે તેને સંભારી જીવન વિતાવીએ તો આપણું પણ કલ્યાણ થઈ જાય.

દર્શનીય સ્થાન

—પા. કનુભગત પ્રિન્સીપાલ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય

જુનાગઢએ યાત્રાનું પુરાતન ધામ છે. ગિરનારના શિખરથી માંડી દત્તાત્રેયના પગલાં, નારાયણ ધરો, દામોદરકુંડ, રેવતીકુંડ, વિગેરે ઐતિહાસિક અને ધાર્મિક સ્થાનો દર્શનીય છે. ગામમાં પણ પુરાતન પવિત્ર સ્થાનો આવેલાં છે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ જુનાગઢમાં ગિરનાર શિખરથી માંડી ગામમાં અનેક સ્થળોએ વિચરી તેને પરમ પાવન કરેલું છે. કાળવા પુલથી આગળ જતાં એક વાવ આવેલી છે. જે સ્થાને ભગવાન શ્રી હરિ અનેકવાર જતાં આવતાં પધારેલા છે અને ત્યાં બેસી જ્ઞાનવાતો પણ ઘણી કરેલી છે. તેનાથી થોડે દૂર જતાં, પુરાતન બ્રહ્મકૂંડ આવે છે. તેમાં ભગવાન સ્વામિનારાયણે પણ કેટલીકવાર સ્નાન કરેલું છે. આવા પ્રસાદીના બે સ્થાનોની વચ્ચે સંપ્રદાયનો પ્રચાર કરતી સદ્‌વિદ્યાના સંસ્કાર સિંચતી ગુરુકુળની એક મોટી સંસ્થા આવેલી છે. જતાં–આવતાં ભગવાન શ્રી હરિ આ માર્ગેથીજ પસાર થતા અને તેથી તે ભૂમિ શ્રીજીની ચરણરજથી પરમ પાવન થયેલી છે.

પહેલાં તો ત્યાં પ્રકાશપુરી નામની જગ્યા હતી. તે જગ્યાના વ્યવસ્થાપકોએ તે જમીન સ્વામિનારાયણ સંપ્રદાયમાં ન જાય તેવો આગ્રહ સેવેલો પરંતુ ભગવાનની ચરણાંકિત આ ભૂમિ કોઈ અનેરા સત્‌કાર્ય માટે વપરાવાની હશે. તેથી ૧૯૪૭–૪૮ના અરસામાં આ પ્રકાશપુરીની લગભગ તેર હજાર ચોરસવાર જમીન ગુરુકુલ કરવા માટે પ. પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજીએ ખરીદ કરાવી. પરંતુ ત્યારબાદ ગુરુકુલની સેવા પ્રવૃત્તિઓનો પ્રારંભ રાજકોટમાં થયો ને તેથી જુનાગઢમાં આ સેવા પ્રવૃત્તિ કરવાનો પૂ. શાસ્ત્રીજીને સમય મળતો નહોતો નિસ્વાર્થ સેવા પ્રવૃત્તિમાં રસ ધરાવતા કોઈ ધગશવાળા ત્યાગી કે ગૃહિ આ કાર્ય ઉપાડી લેતો સારું એ માટે પૂ. શાસ્ત્રીજી પ્રયત્ન કરતા હતા. પરંતુ તેમાં સફળતા ન મળી અને છેવટમાં સરકાર તરફથી ફરમાણ આવ્યું કે આ જમીન ગુરુકુલ માટે લીધેલી છે ત્યાં તે પ્રવૃત્તિ શરૂ કરો ને પ્રવૃત્તિ શરૂ નહી કરો તો અન્ય લોકોપયોગી કામ માટે તે જમીન પાછી સોંપી દેવી આથી ઓગષ્ટ ૧૯૬૨ના સદ્‌વિદ્યામાં ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી સુજ્ઞ ત્યાગી વર્ગ અને શકિત સંપન્ન સત્સંગીઓને વિનંતિ કરવામાં આવેલી કે કોઇપણ, આ નિષ્કામ સેવા પ્રવૃત્તિને હાથ ધરવા તૈયાર થાય તો ત્યાં અમૂલ્ય જમીન સ્વતંત્રપણે સદુપયોગ કરવા માટે વિના મૂલ્યે આપી દેવામાં

આવશે. પરંતુ આટલા મોટા સંપ્રદાયમાંથી સંપ્રદાયના આ સેવાકાર્ય માટે કોઇએ તત્પરતા ન બતાવી. એતો ઠીક પણ પ્રાથમિક પૂછપરછ કરવા જેટલો પણ કોઈએ રસ દર્શાવ્યો નહિ. તેથી સપ્ટેમ્બર, ૧૯૬૨માં સદ્‌વિદ્યામાં પુનઃ જાહેરાત કરવામાં આવી પરંતુ કંઈજ પ્રત્યાઘાત ન સાંપડતા અને બીજી બાજુ સરકાર તરફથી દબાણ વધતાં પૂ. શાસ્ત્રીએજ રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની શાખારૂપે જુનાગઢમાં ગુરુકુલ સ્થાપવાનો શુભ સંકલ્પ કરી દીધો અને સંવત ૨૦૧૮ના આસો શુદ્ધ ત્રીજને સોમવાર તા. ૧-૧૦-૬૧ના રોજ શિલારોપણ વિધિ કરવામાં આવ્યો. ૨૦૧૯માં જુન ૧૯૬૩થી તો નાના પાયા ઉપર છાત્રાલય પણ શરુ થઈ ગયું ફાગણ વદ બીજને તા. ૨૭-૩-૬૭ના રોજ શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવના પૂણ્ય દિને છાત્રાલયમાં શ્રીજીની ચિત્ર પ્રતિમાનિ પ્રતિષ્ઠા થઇ.સને ૧૯૭૧-૭૨માં શાળાની શુભ શરૂઆત થઈ અને આજે ગુરુકુલના વિદ્યાલયમાં એસ. એસ. સી. સુધીના વિદ્યાભ્યાસનો લાભ વિદ્યાર્થીઓ લઇ રહ્યા છે.

પ્રાતઃ કાળે પ્રભાતિયાંના મંગળ સૂરોથી ગુરુકુળનું પ્રાંગણ ગાજી ઉઠે છે. વહેલી સવારે આરતી-પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ પ્રવૃત્ત થાય છે. કોઇ ધૂન બોલતા કે જનમંગલના પાઠ કરતા કરતા સ્નાન વિધિથી પરવારી ભગવાનની પૂજા કરવા ધોળી ધોતી અને પીળો ખેસ ઓઢી બેસી જાય છે. તે દૃશ્ય કોઇ પ્રાચીન આશ્રમમાં ઋષિકુમારો પૂજનકરવા બેઠા હોય તેવું અનેરું લાગે છે. ત્યાર પછી સમુહમાં બોલાતાં કીર્તનો વાતાવરણમાં પવિત્રતા રેલાવે છે. સવારે બે કલાક અને સાંજે પણ સંધ્યા આરતીથી માંડીને ધૂન-ભજન, કિર્તન, કથાવાર્તા અને સ્વભાવિક ચેષ્ટાને ધ્યાનમાં પદ્દોનો કાર્યક્રમ લગભગ બે કલાક સુધી ચાલે આમ, આ ભૂમિ ઉપર ભગવાનનું ભજન-સ્મરણ થયા જ કરે છે. અને રવિવારે પણ સાંજના બહારના સત્સંગીઓને લાભ મળે તે દૃષ્ટિએ વિશેષ સત્સંગસભા યોજવામાં આવે છે.

કોલેજ રોડ ઉપર આવેલી આ સંસ્થા જુનાગઢનું એક ધાર્મિક અને શૈક્ષણિક દૃષ્ટિએ દર્શનીય સ્થાન બની ગયેલ છે. તેનો ભવ્ય અને આકર્ષક દરવાજો સહુનું ધ્યાન ખેંચે છે. અંદર જતાં બેઠા ઘાટનું પ્રાર્થના મંદિર તેની રળિયામણિ રચના, દર્શનાર્થીને મુગ્ધ કરે તેવી છે. તેને અડીનેજ બંધાયેલ છાત્રાલયમાં હાલ લગભગ ત્રણસો વિદ્યાર્થીઓ ધાર્મિક સંસ્કારો સાથે વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે જમવાની રહેવાની તથા ભણવાની વગેરે વ્યવસ્થા આ ગુરુકુલમાં જ કરેલી છે. તેનું સંચાલન પૂ. શાસ્ત્રીજીની આજ્ઞાથી તેમના શિષ્ય પ.ભ.નિરન્નમુક્તદાસજી (મુગટ સ્વામી) ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે. અને પાર્ષદ પુરુષોત્તમ ભગત તેમાં ધગશપૂર્વક સાથ આપી રહ્યા છે.

રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ધોરણે જ માત્ર એક સત્રના રૂા. ૧૮૦ના લવાજમમાં વિદ્યાર્થીઓને રહેવા, જમવા વગેરેની સુવિધા મળી રહે છે. તેમાંય જેઓ ભગવાન

શ્રી સ્વામિનારાયના સવાલક્ષ નામ જાતે લખીને આપે તેમનું અડધું લવાજમ માફ કરવામાં આવે છે. આ રીતે ૯૦ રૂા. માં એટલે કે માસિક રૂા. ૧૫ માં જ વિદ્યાર્થીને સગવડ આપવા પાછળ વિદ્યાર્થીઓને સત્સંગના સારા સંસ્કારો સાથે શિક્ષણ આપી ભગવાનના ભજનમાં પ્રવૃત્ત કરવાનો અને સત્સંગનો પ્રચાર કરવાનો શુભ હેતુ છે.

ગુરુકુળમાં પ્રાર્થના મંદિર, છાત્રાલય, વિદ્યાલય, સાધુ આશ્રમ, અતિથિ માટે ઉતારા એ બધું સંતો અને વિદ્યાર્થીઓના શ્રમયજ્ઞથી પૂ. શાસ્ત્રીજીની સતત જાત દેખરેખ ને માર્ગદર્શન નીચે ઉભાં થયાં છે. બાકીની ખુલ્લી જમીનમાં બાગ-બગીચા કરેલા છે. અને તેમાં થતાં પુષ્પના હાર દરરોજ મંદિરમાં ભગવાનને ધરાવવા માટે મોકલવાની સેવા કરવામાં આવે છે. આ ઉપરાંત મંદિરના ઉત્સવ-સમૈયા પ્રસંગે જુનાગઢ ગુરુકુલનું બેન્ડ સેવામાં સામેલ થાય છે. વાર્ષિક પાટોત્સવ પ્રસંગે જળ ભરવા માટે વાજતે ગાજતે સહુ ગુરુકુલમાં જાય છે. આમ, ગિરિરાજ ગિરનારની સમીપમાં રાધારમણદેવની છત્રછાંયામાં રાજકોટ ગુરુકુલની શાખા જુનાગઢમાં પણ સેવા બજાવી રહી છે. તેની મુલાકાત લેવાનું આ સાર્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે આપ ચૂકશો નહિ. અથવા જ્યારે રાધારમણદેવના દર્શને પધારો ત્યારે અવશ્ય આ સંસ્થાની મુલાકાત લેશો.

'નાગર ગૃહસ્થમાંથી ત્યાગી સંન્યાસી'

"મહારાજ, મને તમારો આશ્રિત બનાવો." એક નાગર સદ્. ગૃહસ્થે શ્રીજી મહારાજને વિનંતી કરી, મહારાજ કહે "અમારા પંચ વર્તમાન પાળજો એટલે તમે અમારા આશ્રિત જ છો." "ના મહારાજ એમ નહિ મારે તો ત્યાગીની દીક્ષા જોઈએ છીએ નાગર ગ્રહસ્થ હરિરામે જ્યારે આ વાત કરી ત્યારે ત્યાં બેઠેલા સૌ નાગર ગૃહસ્થો અને સૌ સભાજનો આશ્ચર્ય પામી ગયા.

સંવત ૧૮૮૪માં બિમાર હોવાથી શ્રીજી મહારાજ બે માસ પંચાળામાં રોકાઇ જૂનાગઢમાં પધાર્યા હતા. અને કાળવા નદીમાં નાહી આસોપાલવના વૃક્ષ નીચે સભા ભરી મુમુક્ષુજનોને જ્ઞાન ઉપદેશ આપી રહ્યા હતા. મહારાજે કહ્યું "હરિરામભાઇ ત્યાગનો માર્ગ કઠણ છે." ત્યારે હરિરામભાઇએ તીવ્ર ઇચ્છા દર્શાવી તેથી શ્રીજી મહારાજે તેમને દંડી સંન્યાસી થવાનું કહ્યું અને તે થયા માધવાનંદ, જેમણે શ્રીજી મહારાજનું ભજન કરી અંતે અક્ષરધામની પ્રાપ્તિ કરી.

આ વખતે રામજી મહેતા નામે નાગર ગૃહસ્થે પણ ત્યાગી થવા માટેની ઇચ્છા દર્શાવી પરંતુ શ્રીજીએ કહ્યું કે "તમે સંસારમાં રહી ભજન કરો અને સેવા કરો તે મુજબ તેમણે પણ સેવા અને ભજન કર્યું અને અંતે ભગવાન શ્રીહરિ તેમને તેડવા આવ્યા.

—સાધુ માધવજીવનદાસ

સાધુ થાવું ને સાધુતા શીખવીને સ્વભાવ મૂકવા એ કરવાનું છે.

જૂનાગઢમાં દર્શનીય શ્રીજીનાં પ્રસાદી–સ્થાનો

ભગવાન શ્રી સ્વામિનારાયણ જૂનાગઢમાં કુલ ૨૩(ત્રેવીશ) વખત પધાર્યા છે. અને અનેક સ્થળોએ વિચરી આ પુરાતન નગરીને પરમ પાવન કરી છે. તેમાનાં મુખ્ય સ્થાનો નીચે મુજબ છે.

"મંદિરની અંદરના પ્રસાદીના સ્થાનો"

(૧) અત્યારે જ્યાં મંદિર છે ત્યાં દાદા-ભાઇની વાડી હતી અને તેમાં શ્રીજી સભા ભરતાં. વચલા શિખરના દક્ષિણ તરફના ગોખમાં શ્રીહરિ એકવાર બિરાજેલા. પ્રદક્ષિણામાં દેરી છે ત્યાં શ્રીજી બિરાજ્યા હતા અને સદ્‌ ગુણાતીતાનંદ સ્વામીનું કાંડુ ઝાલી મંદિરની પ્રદક્ષિણા ફરેલા.

(૨) મંદિરની સામે ઝીણાભાઇનું દિવાન ખાનું તેમાં શ્રીજી સંત પાર્ષદ સાથે ઘણીવાર ઉતરેલા.

(૩) ઝીણાભાઈની મેડીના સામે ભાગે મંદિરના પગથીયા પાસે હાલ જ્યાં દેરી છે ત્યાં આસોપાલવના વૃક્ષ નીચે સભા કરી શ્રીજી જ્ઞાન વાર્તા કરતાં. દેવાનંદ સ્વામીને દીક્ષા આપેલી. ચૈત્રી પૂર્ણિમાએ રાસ રમેલા. પાસેની વાવમાં સ્નાન કરેલું. (વધુ વિગત માટે પાના નં.–૩ ઉપરના ફકરાઓ જુઓ.)

(૪) બાઇઓનું મંદિર છે તે ઝીણાભાઈની મેડી કહેવાતી. શ્રીજી ત્યાં રહેતા તેથી તે અક્ષર-ઓરડી તરીકે જાણીતી છે.

(૫) બ્રહ્મચારીની ધર્મશાળાના ખૂણેથી પૂર્વ તરફ સાધુના ભંડારના ખૂણે ઓટો છે ત્યાં સુધી શ્રીજીએ પોતાની પગની મોજડીથી મંદિર અને ધર્મશાળા કરવા માટે લાંબો લીટો તાણેલો. (વિગત ૨૩ પાને)

(૬) સાધુના ભંડારમાં છત્રી પાસે શ્રીજી થાળ જમેલા અને સ્નાન કરી ત્યાંના કુવામાં પ્રસાદીનું જળ નાખેલું.

"કાળવા તરફનાં પ્રસાદીનાં સ્થાનો"

(૧) કાળવા પુલ પાસે રાજકોટ શ્રી સ્વા-મિનારાયણ ગુરુકુલના પરમ પૂજ્ય સ. શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજી સ્થાપિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના ઈશાન ખુણે અવેડાવાળી શ્રીજીપ્રસાદીની વાવ છે. ત્યાં સ્નાન, ભોજન કરેલું અને જ્ઞાનો-પદેશ આપેલો. (વિગત પ૯ પાને)

(૨) ગુરુકુળથી થોડેક જ નજીકમાં આવેલા બ્રહ્મકુંડમાં નિલકંઠવર્ણીએ સ્નાન કરેલું.

(૩) કાળવામાં રાયણવાળે ધૂને અને બળબળીએ શ્રીજીએ સ્નાન કરેલું અને યોગ ક્રિયા શીખવેલી.

(૪) ગુરુકુળ પાસે આવેલા ભૂતનાથ મહા-દેવની જગ્યામાં વર્ણી વેશે રાત્રી રહેલા.

(૫) દક્ષિણ બાજુ ધર્મ અવેડાની વાવનું જળપાન કરેલું.

"શહેરમાં પ્રસાદીના સ્થાનો"

(૧) હાટકેશ્વર મહાદેવના મંદિરમાં પધારી

પુજારીને કન્યાદાન માટે ૫૦૦ કોરી ઉદારતાથી આપેલી.

(૨) રાજ્ય મહેલમાં શ્રીજી પધારેલા તે હાલ રંગ મહેલ તરીકે ઓળખાય છે. અને ત્યાં હાલ શાળા ચાલે છે.

(૩) નરસિંહ મહેતાના ચોરે શ્રીજી પધારેલા. (વિગત પાને-૪૦)

(૪) રાજ્યના દિવાન લક્ષ્મીશંકરે માંગનાથ રોડ ઉપર આવેલા ભુટેશ્વર મહાદેવમાં શ્રીજીને પધરાવી પૂજન કરેલું.

"ગિરનાર તરફના પ્રસાદીના સ્થળો"

(૧) ગોધાવાવની જગ્યાએ વર્ણિવેશે લીમડા નીચે શ્રીજી બિરાજેલા. (વિગત ૬૭ પાને)

(૨) ગિરનારની સડકનાં કાંઠે ડાબી બાજુ રાયણના મોટા ઝાડની ડાબી બાજુ રાયણના મોટા ઝાડની ડાળી પકડી વિશ્રાંતિ લીધેલી.

(૩) સોનરખ નદીમાં સ્નાન કરેલું.

(૪) અશોક સ્તંભ શ્રીજીની પ્રસાદીનો છે.

(૫) સોનરખ નદી પાસે આવેલી રાધા દેરી પ્રસાદીની છે. (વિગત પાને-૪૭)

(૬) દામોદરકૂંડ તથા રેવતીકૂંડમાં સ્નાન કરેલું છે. પૂજારીને દામોદર રૂપે દર્શન આપ્યા અને બ્રહ્મણોને દક્ષિણા આપી રાજી કર્યા.

(૭) દામોદરથી સડકપાસે બ્રહ્મેશ્વર મહાદેવના શ્રીજીએ દર્શન કર્યા છે. અને મંદિરના દહેરા કરતી વખતે તેના દહેરા પ્રમાણે કરવા બ્રહ્માનંદ સ્વામીને સૂચન કરેલું.

(૮) સોનરખ નદીમાં નારાયણ ધરો છે ત્યાં શ્રીજી અને સંતોએ સ્નાન કરેલું છે ત્યાં આંબલી નીચે સભા ભરેલી પાસેની વાવમાં સ્નાન કરેલું. (વિગત માટે જુઓ પાન ૪૯)

(૯) ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવનું વર્ણિવેશે શ્રીજીએ પૂજન કરેલું ત્યાં મૃગીકૂંડમાં શ્રીજીએ સ્નાન કરેલું. આંબલીઓના વૃક્ષ નીચે સભા કરેલી. દૂધેશ્વર મહાદેવનાં દર્શન કરી સોનરખમાં સ્નાન કરેલું.

(૧૦) ગિરનારનાં પગથીયાં પાસે ચડાની વાવ પ્રસાદીની છે.

"ગિરનાર ઉપરના પ્રસાદીનાં સ્થાનો"

(૧) ગૌમુખી ગંગામાં સ્નાન કરી બાવાજીને વામન રૂપે દર્શન આપેલાં (વિગત માટે જુઓ પાનું ૪૭) (૨) સંતદાસજીની જગ્યા. (૩) કમળ કુંડમાં સ્નાન (૪) અંબાજીનાં દર્શન (૫) ગોરખ નાથના પગલાં (૬) દત્તાત્રયના પગલાં પાસે તપસ્વીને આપેલ દત્તાત્રેયરૂપે દર્શન (વિગત માટે જુઓ પાનું ૬૭) (૭) **પથ્થર ચટ્ટી** જ્યાં રામાનંદ સ્વામી રહેલા અને તેમના તરફથી સદાવ્રત અપાતું.

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણના જૂનાગઢનાં પ્રસાદીના સ્થાનોનું ઉપર વર્ણન કર્યું તે તે સ્થાનોએ જઈ તેનાં લીલાચરિત્રોને સંભારી તેનાં દર્શન કરવાથી ત્રિવિધ તાપ ટળી અંતઃકરણ પવિત્ર થાય છે. અને ભગવદ્ ચરણમાં પ્રીતિ થાય છે.

જુનાગઢ મંદિરમાં શ્રીહરિપ્રસાદીભૂત વસ્તુઓ

(૧) શ્રી હરિકૃષ્ણ મહારાજની થાળની બેઠેલા નાની મૂર્તિ :- સ. નિત્યાનંદ સ્વામી આ મૂર્તિની રોજ પૂજા કરતાં અને તે સંવત ૧૯૦૬માં છેલ્લીવાર જૂનાગઢ પધારેલા ત્યારે સ. ગુણાતીતાનંદ સ્વામીના આગ્રહથી જૂનાગઢ મંદિરમાં અર્પણ કરી છે અને તે વચલા ખંડમાં રણછોડજી પાસે પધરાવવામાં આવી છે.

(૨) પીપલાણાવાળી થાળી :- આ પ્રસાદીની પીત્તળની મોટી થાળીમાં સંવત ૧૮૫૬માં પીપલાણામાં નીલકંઠ વર્ણિ જુવારનું ધાન દૂધમાં ચોળી જમેલા.

(૩) ધોરાજીવાળો સુરતી મુગટ : ધોરાજીમાં સવંત ૧૮૬૩માં ફૂલદોલનો સમૈયો શ્રીજીએ લાલવડ નીચે કર્યો ત્યારે સુરતના સંઘે સૌ પ્રથમ શ્રીજીને મુગટ ધરાવેલો "ભાવને શીર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો, પહેલો વહેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર"

(હરિલીલામૃત ૬-૧૫-૬૯)

તે મુગટ શ્રીજીએ જીવુભાને આપ્યો અને જૂનાગઢ મંદિર થયાના છ માસ પછી સ. ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર ગયા ત્યારે શ્રીજીએ દેવના વાઘા થયા કે કેમ તે પૂછેલું ત્યારે સ્વામી એ કહ્યું કે 'સિદ્ધેશ્વર મહાદેવને મુગટ નથી તેથી શ્રીજીએ જીવુભા પાસેથી ધોરાજીનો મુગટ લઇને સ્વામીને આપ્યો તે પ્રારંભમાં સિદ્ધેશ્વર મહાદેવને પહેરાવવામાં આવતો.

(૪) નામાનો ચોપડો : સંવત ૧૮૮૨ના માગસર વદ તેરસના રોજ જૂનાગઢ મંદિરનું ખાત મૂહૂર્ત થયું અને ત્યારથી જેમાં નામુ લખવું શરૂ થયેલું તે ચોપડો શ્રીજીની પ્રસાદીનો છે.

(૫) ઉત્સવના કીર્તનનો ચોપડો : શુકાનંદ સ્વામીએ ઘોલેરા મંદિર માટે ઉત્સવના કીર્તનનો ચોપડો લખીને તૈયાર કરી શ્રીજીને આપ્યો તે જ સમયે સ. ગુણાતીતાનંદ સ્વામી દર્શને પધારેલા. તેમણે શ્રીજીને વિનંતિ કરી તેથી શ્રીજીએ તે જૂનાગઢ મંદિર માટે આપ્યો.

(૬) પ્રેમાનંદ સ્વામીનો ચોપડો : સ. પ્રેમાનંદ સ્વામી પણ જૂનાગઢમાં અમુક સમય રોકાયેલા અને નાગર ભાવિક જનોમાંથી એક ઉત્સવીયા મંડળ તૈયાર કરેલું તેમાં સત્સંગમાં જાણીતા ચકુભાઈ (જયશંકર અમરજી) પ્રેમાનંદ સ્વામી પાસે શાસ્ત્રીય સંગીત શીખેલા, ઉત્સવ વખતે ગાવા માટે પ્રેમાનંદ સ્વામીએ જે કીર્તનનો ચોપડો આપેલો તે હજુ સંગ્રહસ્થાનમાં છે.

(૭) પંચાળાના રાસનો જમો : ઝીણાભાઇના આગ્રહથી શ્રીજીએ સંવત ૧૮૭૯ની સાલમાં પંચાળામાં હુતાસનીનો ઉત્સવ કરેલો ત્યારે પંદર હાથના ઘેરવાળો લાંબી બાંયોનો જમો પહેરી શ્રીજી પણ રાસ રમેલા. તે જમો ઝીણાભાઈની બહેન અદીબાઇએ સાચવી રાખેલો તે મંદિરમાં તેમણે અર્પણ કરેલો છે.

(૮) પ્રસાદીની આરતી : જૂનાગઢમાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે શ્રીજીએ દેવોની આરતી ઉતારેલી તે આરતી સચવાયેલી છે.

(૯) ધ્યાન પાવડી : (અ) માંગરોળમાં શ્રીજીએ સંતોને યોગાભ્યાસ કરાવેલો તે વખતે ૧૮૫૬-૫૭માં આણંદજી સંઘેડીયાને ધ્યાન પાવડી આપી હતી તે હાલ જૂનાગઢ મંદિરમાં છે.

(બ) સંવત ૧૮૮૬માં બિમારી વખતે શ્રીજીને માટે દાદાખાચરે સોનાની ઘુઘરીઓવાળી ધ્યાન પાવડી કરાવેલી તે છેલે બાવા બાચર પાસેથી મેળવી શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં પધરાવી છે.

(૧૦) ડોળીની વળી : શ્રીજી બીમારીમાંથી સાજા થઇ જળીયામાંથી ઉપલેટા આપવા ગાડામાં બેઠા પણ ન ફાવતાં ડોળીમાં બેઠેલા તે પ્રસાદીની ડોળી છે.

(૧૧) 'ઝીણાભાઇના દિવાનખાનામાં પ્રસાદીની વસ્તુઓ' : શ્રીજી મહારાજ અગત્રાઇની ભકતરાજ પર્વતભાઈને ત્યાં અનેકવાર પધારેલા ત્યારે શ્રીજીને અને સંતોને આ ગાડામાં બેસાડી બેતર વાડીએ કે બીજે ગામ મુકવા લઇ જતા એવું મહા પ્રસાદીનું ગાડું છે.

(૧૨) જાળવાવાળું ગાડું : જળીયામાં શ્રીજીએ મંદવાડ ગ્રહણ કરેલો પછી સાજા થઈ ગાડામાંજ બેસી ચાલ્યા ત્યારે ગાડાનો ખખડવાનો અવાજ સાંભળી મનુષ્ય ચરિત્ર કરતાં કહ્યું કે આ ગાડામાં કંઇક દગો છે. એમ કહી નીચે ઉતરી પડયા. વળી ભગુજીને કહ્યું કે આ ગાડું તો ઘણું સાંકડું છે. તેથી તેનો ઉંટડો ઝાલીને બેંચો પછી ભગુજીએ અને બધાએ મળી ગાડું બેંચ્યું અને પછી શ્રીજીએ કહ્યું કે હવે બરાબર છે. આ ગાડું ઝીણાભાઈના દિવાનખાનામાં છે.

ઉપરની પ્રસાદીની વસ્તુઓ તે પ્રસંગોને યાદ કરી તેનાં દર્શન કરીએ અને ભગવાનનો વધારે ને વધારે મહિમાં સમજવા પ્રયત્ન કરીએ. આ પ્રસાદીની વસ્તુના દર્શનથી હૃદયમાં શાંતિ થાય છે. અને ભક્તિ ભાવના જાગે છે.

ઉપરની પ્રસાદીના સ્થાનોની અને પ્રસાદીની ચીજ વસ્તુઓની માહિતી અ. નિ. શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજીએ સંપાદિત કરેલી, સોરઠની પંચતીર્થી પુસ્તિકાના આધારે સાભાર લીધી છે. પ. ભ. શાસ્ત્રી ધર્મવલ્લભદાસજીએ રાજકોટ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળના પ્રારંભમાં વિદ્યાર્થીઓના સંસ્કાર સિંચનની સેવા બજાવેલી અને ખુબજ સંશોધન કરી સદ્‌વિદ્યા માસિકમાં સંતો અને ભક્તોની આદર્શ ગાથાઓ આલેખી છે તેમની સાહિત્ય સેવાની નોંધ લઇ શ્રદ્ધાંજલિ અર્પીએ.

ધર્મ મંદિર

'ધર્મનું અને ધર્મ મંદિરનું પરમ રહસ્ય એ છે કે :-સંસારના અગ્નિ જ્યાં હોલવાય, એ ધર્મ મંદિર. દલપતરામ સંસારને સાપ નોળિયાનો સંગ્રામ કહેતા. ધર્મમંદિરને નોળિયાની નોળવેલ કહેતા. સંસાર સંગ્રામે સર્પદંશોના ઝેર જેને ચડયાં હોય તે ધર્મ મંદિર સુધી આવે, એના સંસારનાં ઝેર ઉતરી જાય"

—મહાકવિ ન્હાનાલાલ

સમાગમ વિના જ્ઞાન ન આવે, ને દેશકાળાદિક આઠમાં સંગ અધિક કહ્યો છે.

ત્રિવેણી

–મહેન્દ્ર નંદલાલ શેલત

આદર્શ આચાર્ય

'મહારાજ શ્રી પોતાના મોટા રસાલા સાથે સમાગમ કરવા પધાર્યા છે. પરંતુ અહીં જુનાગઢ મંદિરમાં તો પાણીની ઘણી મુશ્કેલી છે તેનું શું કરશું?' જુનાગઢ મંદિરના મહંત સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મનમાં વિચારી રહ્યા છે. વડતાલથી પધારેલા ધ. ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને પાણીની મુશ્કેલ પરિસ્થતિનો ખ્યાલ આવતાં તરત જ જરાય અભિમાન કે મોટપ વગર પોતાના રસાલા સાથે વડતાલ પાછા પધાર્યા.

થોડા સમય પછી ફકત એક સેવકને સાથે લઈ સ્વામીની વાતો સાંભળવા તે મહિમા પૂર્વક જુનાગઢ પધાર્યા. વહેલી સવારે પૂજાપાઠ પરવારી સભામાં સ્વામી પાસે બેસી જાય. કથાવાર્તા સાંભળે અને ઠાકોર જમાડવાનો સમય થાય તેનો પણ ખ્યાલ રહે નહી. સ્વામી કહે, એટલે ઉતારે પધારે અને જાતે ખીચડી કે એવું કંઇ રાંધીને ભગવાન જમાડી લે.

રોજ આચાર્ય મહારાજ બપોરે જલદી પરવારી સભામાં આવી જાય. તેથી એક દિવસ મહારાજ જમતા હતા તે વખતે અચાનક ગુણાતીતાનંદ સ્વામી મહારાજને ઉતારે પધાર્યા. અને કહ્યું 'મહારાજ આજે તો પ્રસાદી લેવી છે' મહારાજે ઘણી આનાકાની કરી પણ સ્વામીનો આગ્રહ જોઇ થોડી ખીચડી આપી. ત્યારે સ્વામીએ કહ્યું, મહારાજ આપ આવું કાચું અન્ન શા માટે જમો છો? મહારાજે કહ્યું, સ્વામી જમવાનું તો દેહ નિર્ધાર માટે જોઈએ. પણ એતો ગૌણ બાબત છે. હું તો ખાસ આપના મુખની વાતો સાંભળવા આવ્યો છું. તેમાં જરાય વખત ન બગડે તેથી આ જેમતેમ જમી લઉં છું.' પ્રસન્ન થયેલા સ્વામીએ કહ્યું; આપ નિરાંતે રસોઇ બનાવજો. વાતોનો સમય ન બગડે તે માટે હું આપ રાંધતા કે જમતા હશો. ત્યારે પણ આપની સામે બેસી ભગવાનની વાતો કરીશ.'

ધન્ય છે, આવા ખરા અપવાળાને મહિમાવાળા ધર્મ ધુરંધરને અને ભગવાનની વાતોથી સત્સંગનું બળ પ્રેરનાર મહાન સંતને !

નિસ્પૃહી સંત

'સ્વામીજી આ મંદિરના મહંત સ્વામી કયાં મળશે?' કોયલી ગામના એક મંદિરના મંહતે જુનાગઢ મંદિરમાં આવતાં તપાસ કરી ત્યારે ગાયોનું ગોબર એકઠું કરી વાસીદું વાળવાની તૈયારી કરતા એક તેજસ્વી સંતે કહ્યું, 'આપ મંદિરમાં દર્શન કરી આવો અને પછી સભામંડપમાં જશો ત્યાં મહંત મળી રહેશે.'

થોડીવાર પછી કોયલીના મહંત સભામંડપમાં જઈ પહોંચ્યા ત્યારે પેલા વાસીદું વાળતા સંતને જ મંહતના સ્થાને બેસી ભગવાનની વાતો

કરતા જોઈ ખુબ આશ્ચર્ય પામ્યા; સ્વામીએ તેમના મનનું સમાધાન કરતાં કહ્યું. 'મહંતજી આપ વિચારમાં પડી ગયા હશો તે હું સમજી ગયો પરંતુ નાનામાં નાની સેવા કરવી. એ પણ ભગવાનની ભક્તિ છે એમ અમે માનીએ છીએ. **મહંતાઇ ગાદી-તકિયામાં નથી** પણ **વર્તનમાં** અને સેવામાં છે.' કોયલીના મહંત આ વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયા. સ્વામીએ આગળ ચાલતાં ત્યાગ વૈરાગ્યની મહત્તાની વાતો કરી અને પછી પોતાની પાસેની કંકુ માટેની વાંસની ભુંગળી અને લોખંડનું તિલકીયું કાઢીને કહ્યું, જે ગણો તે આ તથા ભગવાનની પૂજા એ અમારી સમૃદ્ધિ ' મહંતે કહ્યું, 'સ્વામી આ મંદિરના આપ મોટેરા અને આવી સાદાઇ કેમ રાખો ? સ્વામીએ કહ્યું: '**ત્યાગમાં રાગ ભળે તો પતન થાય.** અમારે ત્યાગી એ તો નિયમમાં જ રહેવું જ જોઇએ. પૈસાનો અને અધિકારનો લોભ છે, તે વિખવાદો ઉભા કરે છે. કોયલીના મહંતને આ રહસ્યની વાત સમજાઇ ગઈ. સ્વામીના શબ્દો તેમના હૃદયને સ્પર્શી ગયા. તરત તેમણે જે સોનાના દાગીના પહેર્યા હતા તે ઉતારી દઇ સ્વામી સમક્ષ પ્રતિજ્ઞા લીધી કે 'હવે હું પણ આપે કહ્યું તે રીતે સાદાઇથી સેવા કરવા પ્રયત્ન કરીશ.' આ પ્રમાણે સાચા નિસ્પૃહી, વૈરાગ્યશીલ સંતોની નિસ્પૃહતા અને વૈરાગ્યવૃત્તિ અન્યને પણ સ્પર્શી જતી હતી.

હરિજન સત્સંગી

જૂનાગઢ મંદિરની વાડીએ સંતો નાવા ધોવા પધારેલા કોઇક ત્યાં સેવા કરતા હતા. કોઈ માળા ફેરવતા હતા તો કોઈ ધ્યાન મગ્ન થઇ કીર્તન બોલતા હતા. ત્યાં વૃક્ષ નીચે બેઠેલા નારાયણ ચરણદાસ સ્વામીએ સાદ પાડયો, 'એલ્યા ગોવા આમ આવતો.' સંકોચ પામતો અને સ્વામીએ બોલાવ્યો તેથી મનમાં હરખાતો હરખાતો ગોવો ઝાડથી દૂર ઉભો રહી સ્વામીને પગે લાગ્યો. મહારાજ મારું શું કામ પડયું ? સ્વામીએ કહ્યું, 'ગોવા તું કંઇ ભણ્યો છે કયોં છે ખરો ? ના સ્વામી અમે તો આ શેરીઓ વાળીએ, સફાઇ કરીએ બીજું કશું અમને આવડે નહીં.' સ્વામીએ પૂછ્યું, તારે વાંચતા શીખવું છે ? ગોવો તો આનંદમાં આવી ગયો. સ્વામી એવાં મારાં ભાગ્ય કયાંથી ? આ પ્રસંગે પૂ. સ. શા. ધર્મજીવનદાસજી સ્વામી પણ ત્યાં બેઠા હતા. પછી તો ગોવો રોજ વાડીએ આવે, સામે બેસી સ્વામી તેને કક્કો બારાખડી શીખવાડે. અને ધીમે ધીમે તો તેને કીર્તનો પણ શીખવાડયાં. ભગવાનના મહિમાની વાતો કરી અને આમ સંતના સમાગમે સમાજના નીચલા સ્તરના માનવીનું મન ભક્તિના રંગે રંગાયું. પછી તો તે રોજ હજી મંગળા આરતીને વાર હોય તે પહેલાં મંદિરમાં પ્રભાતિયાના સુર રેલાતા હોય તેવા મંગળ વાતાવરણમાં નાગરવાડાથી માંડી ગોળ ચારે તરફ મંદિરની બહારથી પ્રદક્ષિણા ફરે, ઢોલ વગાડે અને કીર્તન બોલતો જાય, આ તેનો પ્રભાતફેરીનો નિત્યક્રમ થઈ પડયો. રોજ સવારના આ રીતે ગોવો સમયસર મંદિરને પ્રદિક્ષણા ફરે અને જુનાગઢની જનતામાં ભક્તિનું વાતાવરણ પ્રસારે. તેણે અભક્ષ્ય વસ્તુઓ ખાવાની છોડી દીધી. કોઇની પડી વસ્તુ લે નહિ

નિર્વ્યસની પવિત્ર જીવન વીતાવવા લાગ્યો અને મંદિરમાં ઉત્સવ સમૈયા હોય ત્યારે પણ ઢોલ લઈ મહિમાપૂર્વક મંદિરના દરવાજા સામે વગાડે અને મનમાં ગાય કે ' **જનમ સુધાર્યો રે હો મારો.**' આ નારાયણચરણદાસજી સ્વામીના શિષ્ય પાર્ષદવર્ય અ. નિ. નાનજીભગતે તપસ્વી ભક્તિમય જીવન વીતાવી ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજની વર્ષો સુધી સેવા કરી છે તે વાત પણ દોઢસો વર્ષના પાટોત્સવ પ્રસંગે નોંધ લેવા જેવી છે. સમાજના નીચલા સ્તરમાં અનેરું પરિવર્તન લાવી હરિજનોના ઉદ્ધારની પણ સહજાનંદ સ્વામીએ જે પ્રથા અપનાવી છે તે અનુપમ છે. આજથી દોઢસો વર્ષ પહેલાંના જમાનામાં પણ સહજાનંદ સ્વામી અને તેમના સંતોએ હરિજનોને પણ કલ્યાણના અધિકારી બનાવ્યા છે, તે હકીકત સંપ્રદાયના ગૌરવ રૂપ છે તે સંપ્રદાયની સર્વ જીવહિતાવહ ભાવના દર્શાવે છે.

મંદિરની સેવા

બ્રહ્માનંદ સ્વામી જુનાગઢનું મંદિર કરાવતા હતા. તેમાં મોટા પથ્થરા ઉપાડવાના હોય તે કોઈથી ઉપડે નહિં. પરંતુ ગુણાતીતાનંદ સ્વામી ભગવાનનું નામ લઈ હાકલ કરીને પથ્થર ઉપાડે અને રેંકડી કે ગાડા ઉપર ચડાવી સડસડાટ ચલાવે. એ રીતે મંદિરના બાંધકામમાં સ્વામીએ જાતે ઘણી સેવા બજાવી હતી. તે રીતે સેવાનો સંદેશો આપ્યો છે. તેને આજે સાર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે યાદ કરીએ.

જુની પ્રસાદીની ધર્મશાળા'

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સ. ૧૯૨૦ના ભાદરવા સુદ બીજથી સં. ૧૯૨૧ના પોષ સુદ પુનમ સુધીનાં સાડાચાર માસના ગાળામાંજ ત્રણ બંડની બે માળવાળી ચોખંડી, વિશાળ ધર્મશાળા બંધાવી દીધી અને ત્યાં વહેલી સવારથી માંડી મોડી રાત્રી સુધી ધુન-ભજનને કથાવાર્તાનો અખંડ પ્રવાહ વહેતો હતો. અનેક મુમુક્ષુજનો એ નૈમિષારણ્ય ક્ષેત્રમાં બ્રહ્મરૂપ થઈ જતા હતા. એ પ્રસાદીની ધર્મશાળામાં જવાથી પણ મનને શાંતિ થતી હતી, ભક્તિભાવના જાગતી હતી.

ન જાણ્યું કોઈએ રાતે, મધરાતે શું થવાનું છે.

રવિવાર તા. ૨૨ નવેમ્બર કારતક વદ નવમીની મોડી રાત્રીએ આ જુની સાધુની ધર્મશાળામાં અચાનક ભયાનક આગ લાગી. અને જોતજોતામાંતો ચારે તરફ ફેલાઇ ગઇ. અને પ્રસાદીની આ આખીએ ધર્મશાળા અને સભામંડપ, ઓફિસ બધું ભસ્મસાત થઇ ગયું. પ્રસાદીની ચીજ-વસ્તુઓ અને જુનું સાહિત્ય તેમાં બળી ગયું. આ સમાચાર જાણી સોમવારની વહેલી સવારે રાજકોટ ગુરુકુલથી પૂ. સ. શાસ્ત્રી સ્વામી જુનાગઢ પહોંચી ગયા અને ગુરુકુલમાં જમવા વગેરેની સગવડ કરી આપી. બંને દેશના આચાર્ય મહારાજ શ્રી પણ રૂબરૂ મુલાકાતે પધારી ગયા. હવે નવેસરથી સભામંડપ અને સંતોના ઉતારા તૈયાર થયા છે અને આ નવા સભામંડપનું મંગલ ઉદ્‌ઘાટન આ સાર્ધશતાબ્દિ મહોત્સવ પ્રસંગે રાખવામાં આવેલું છે.

કથા વાર્તા ધ્યાન ને મોટા સંતનો સમાગમ એજ કરવાનું છે.

'જેના નિર્માની ભગવાન...

ગરવા ગિરનારને પાવન કરી વિર્ણવેશે શ્રીહરિ જુનાગઢ શહેર તરફ આવી રહ્યા હતા. રસ્તે આવેલ ગોધાવાવની જગ્યામાં જઇ જળપાન કરીને ઠાકોરજીના દર્શન કરી પોતે લીમડા નીચે બેઠા. ત્યાં બ્રહ્મભોજન થઇ રહ્યું હતું. કોઇકના કહેવાથી પંક્તિમાં જમવા બેઠા ત્યાં તો કોઇ કે આવીને ઉઠાડીયાને બીજે બેસવા કહ્યું ત્યાંથી વળી ત્રીજે ઠેકાણે એમ સાત વખત બેસાર્યાને ઉઠાડ્યા. છેવટે ત્યાંથી ભૂખ્યા હાટકેશ્વરમાં ગયા અને ત્યાંના પુજારીએ જમાડ્યા.

ભક્તજનોની શિક્ષાને અર્થે શ્રી હરિએ દેખાડેલ આ નિર્માનીપણાના ચરિત્રને જાણી 'જેના નિરમાની ભગવાન તેના જનને કેમ જોઈએ માન' એ પંક્તિનું સ્મરણ થઇ આવે છે.

—રણછોડ આર. અકબરી

અહિંસા પરમો ધર્મ:

નવાબ સાહેબ, ખુદાઉપર પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું તે સાચી કુરબાની છે." કુરાને શરીફના ગુઢ અર્થો સમજાવતા બ્રહ્મચારી મહારાજ કહી રહ્યા હતા. નવાબ સાહેબે કહ્યું, "આ બાબત કંઇ સમજાય નહિ." બ્રહ્મચારીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, "ખુદા કોઇ પ્રાણીની કુરબાની આપ્યે રાજી થતા નથી." પશુઓ માનવીને કામમાં ઉપયોગમાં લેવા માટે છે. તેની હિંસા કરવા માટે ખુદા એ તેને સર્જ્યા નથી. ખુદાતો રહેમવાળા પરવર દિગાર છે. તે કોઇને હલાલ કરવાનું ફરમાન કરે નહિ. બ્રહ્મચારીએ અહિંસાધર્મની કુરાન ઉપરથી એવી સુંદર વાત કરી કે, નવાબ અને ત્યાં બેઠેલા મુસલમાન મોલવીઓ અને ફકીરો પ્રભાવિત થઇ ગયા. અને બ્રહ્મચારીની વિદ્વતા ઉપર વારી ગયા. એ બ્રહ્મચારી હતા તે સમયના જુનાગઢના મહંત વિદ્વાન વર્ણિ અચિંત્યાનંદજી.

—સાધુ ધર્મપ્રસાદદાસજી

જુનાગઢનું સદ્‌ભાગ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણ જુનાગઢમાં ત્રેવીસ વખત પધાર્યા છે. અને ઠેરઠેર વિચરી જુનાગઢને પાવન કર્યુ છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જુનાગઢમાં ચાલીશ વર્ષ, ચાર માસ અને ચાર દિવસ રહી મંદિરના બાંધકામથી માંડી સત્સંગની પુષ્ટીનુ જે મહાન કાર્ય કર્યુ છે, તે તો અદ્‌ભુત છે. આ ઉપરાંત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોનો પણ જુનાગઢને લાભ મળ્યો છે. તે પછી પણ બાલમુકુંદદાસ સ્વામી આદિ સંતોથી પણ સત્સંગનો લાભ મળતો રહ્યો. તે જુનાગઢનું સદ્‌ભાગ્ય છે. આજે એ જુના સંતોની સ્મૃતિ તાજિ થાય અને કાંઇક પ્રેરણા પામી સદ્‌ભાગી બનીએ.

—કાંતિભગત

દત્તાત્રયરૂપે દર્શન

ગિરનાર ઉપર ગોરખમઢી થઇ ત્યાંથી નિલકંઠવર્ણિએ કમંડળ કુંડમાં સ્નાન કર્યું અને ત્યાંથી દત્તાત્રયના પગલાં પાસે આવ્યા. ત્યાં આગળ એક તપસ્વી ભગવાનનાં દર્શનની ઇચ્છાથી તપ કરી રહ્યો હતો. શ્રીજીએ તેને દત્તાત્રયના પગલાં પાસે દત્તાત્રય રૂપે દિવ્ય દર્શન આપ્યાં ત્યારે પોતાના તપની સિદ્ધિ થયાનો અનેરો આનંદ તે તપસ્વીના મુખ ઉપર છવાઇ ગયો. આમ સાધકો અને તપસ્વીઓને દર્શન આપી શ્રીજી તેમનું કલ્યાણ કરતા.

—પારેખ ઉપેન્દ્રકુમાર

સત્પુરુષબળ પ્રધાન દેશ

જુનાગઢ સત્સંગ સમાજની શુદ્ધિ ને વૃદ્ધિ માટે ભગવાન શ્રીહરિ એક પછી એક સમર્થ સંતોને મોકલતા રહ્યા છે. એમ સદ્‌. ગુણાતીતાનંદ સ્વામીની શિષ્ય પરંપરાના સંતોના જીવન અને કાર્ય જોતા જણાય છે આવા સમર્થ સત્પુરુષોની પરંપરા સર્જાણી હોવાથી જુનાગઢ દેશ સત્પુરુષબળ પ્રધાન દેશ કહેવાય છે.

જૂનાગઢ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ

(પૂર્વછાયો)

વાર્ણ કહે વસુધેશને, સુણો જીરણગઢ મહિમાય;
રાધારમણ દેવ સ્થાપિયા, હવે કહું છું તેહ કથાય.

(ચોપાઇ)

ગુણાતીત મૂર્તિ બ્રહ્મ હાથ, ઝાલિ મંદિરમાં ગયા નાથ;
રચના જોઈ મંદિર તણી, રિજ્યા કોટિ બ્રહ્માંડનો ધણી;
બેય સદ્‌ગુરુ ને તેહવાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર,
પછી મંદિર માંહિથી જૈને, જોયો યજ્ઞ મંડપ રાજી થૈને,
વિપ્ર આવ્યા હતા વિદ્વાન, તેણે જેજે બતાવ્યું વિધાન
શોભે ધામ શિખર ત્રણવાળું, ઉત્તરાભિમુખે તે રૂપાળું.
રણછોડજી ત્રિકમરાય, સ્થાપ્યા તે વચલા ખંડમાય.
પૂર્વ ખંડમાં રાધારમણ, ભાગે દર્શને ભવનુ ભ્રમણ.
ખંડ પશ્ચિમમાં સિધ્ધેશ્વર તેતો મૂર્તિ દ્વિશે મનોહર.
શોભે પાર્વતિ તે સ્થળમાંય, નંદીકેશ્વર પણ દીસે ત્યાંય.
સંત સાંગનું રક્ષણ કરવા, આને તેહનું સંકટ હરવા.
વળી પૂર્વમૂખે કોળીમાંય, સ્થાપ્યા હનુમાનજી પણ ત્યાંય.
વળી મંદિર મંડપ બહાર, હરિ છે એક પાશ્ચિમ ઠાર.
શિવનું આણ થાપ્યું તે ઠામ, તેનું કાશી વિશ્વેશ્વર નામ.
સાલ ચોરાશિયાતણિ જાણો, વદી ગૌશાખી બીજ પ્રમાણો.
પ્રતિષ્ઠા તે કરી ગુરૂવારે, સવા પોર ચડ્યો દિન જ્યારે.
થયો ઉત્સવ સરસ તે ટાણે, જોઇ સુર નર સર્વ વખાણે.
સ્વામી ગુણાતીતાનંદ પાસ બોલ્યા આવિ રીતે અવિનાશ.
તમે આંહી થઈને મહંત રહો, જ્યાં સુધી થાય દેહાંત.

—હરિલીલામૃત ક. ૮ વિ. ૫૮

રાધારમણદેવના દેશમાં સત્સંગ પ્રચાર

ભગવાન સ્વામિનારાયણે અને મોટા સંતોએ ભારે જહેમત ઉઠાવીને જનતાના ભલા માટે સમાજ સુધારણાનું ઉપયોગી કાર્ય શરૂ કર્યું અને અનેક અવરોધો વચ્ચે પણ એ કાર્ય ચાલુ રાખ્યું હતું. સદાચાર પ્રવર્તનનું આ જનહિતનું કાર્ય આજે સાવ વિસરાય ગયું હોય એવું લાગે છે. લોક જાગૃતિના આ કાર્યનું મહત્વ સમજી કેવળ નિષ્કામ ભાવે શ્રીજીની પ્રસન્નતાર્થે પૂજ્યપાદ સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક સ. શાસ્ત્રીજી મહારાજે આ દિશામાં સમાજ ઉપયોગી સેવાકાર્ય ઉપાડી લીધું છે. વ્યસન મુકિત અને સદાચાર પ્રવર્તનના આ કાર્ય માટે રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુલનું એક સંત મંડળ સતત ફર્યા કરે છે. હમણાં શ્રીહરિ જયંતી ઉપર ખોડી-રૂગનાથપુર ગામે યોજાયેલ ભાગવત પારાયણની પૂર્ણાહુતિ પછી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી પુરાણી શ્રી અક્ષરજીવનદાસજી, સા. નારાયણસેવાદાસજી, સા. રામાનુજદાસજી તથા સા. ધર્મપ્રકાશદાસજી અને પાર્ષદ રવજીભગત સ્વા. ગુરુકુલનું આ મંડળ ચૈત્ર-વૈશાખના ધોમ ધખતા તાપમાં અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગામડે ગામડે ફરી રહ્યું છે.

ટાઢે છાંયે બેઠેલાઓને બરોબર આ પરમાર્થભરી પ્રવૃત્તિના પરિશ્રમનો ખ્યાલ ન આવે. ગુરુકુલના આ સંતો ભાડ, પરબડી, સાજીયાવદર, હૂડલી, છતડિયા, વાઘવડી, લાખાપાદર, કરેણ, નાગધરા, મુંજાણિયા, દુધાળા-ગીર અને ખડાધાર વગેરે ગામોમાં ફરીને વ્યસન મુકિત અને સદાચાર પ્રવર્તનની ઝૂંબેશ ચલાવી છે. સંતોના આ કેવળ પરોપકારી કાર્યની લોકોમાં પણ ભારે છાપ પડે છે. સંતોની વાતો સાંભળી અનેક દૈવી આત્માઓને પોતાના વ્યસનો પ્રત્યે નફરત થાય છે. વ્યસનોને તિલાંજલી આપી કંઠી બાંધીને શ્રીજીના શરણે આવે છે.

જનસમાજ ઉપયોગી આ કાર્યને ઠેરઠેરથી ભારે આવકાર મળે છે. જૂના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમજુ કરિભકતો આ કાર્યમાં પોતાનો સાથ અને સહકાર આપી સક્રિય સહાયરૂપ થઇ રહ્યા છે.

વ્યસનમુકિત અને સદાચાર પ્રવર્તનના વિશાળ કાર્યની સમીક્ષા કરીએ તો ૮૦ ઉપરાંત ગામોમાં આ જનહિતની પ્રવૃત્તિ પ્રસરી છે ને આશરે ત્રણેક હજાર જેટલા મુમુક્ષુઓએ સત્સંગના વર્તમાન ધારણ કર્યા છે. પૂજ્યપાદ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજે આગામી શ્રી હરિ દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપક્રમે સાવ નવાજ ૨૦૦ ગામોમાં ભગવાન સ્વામિનારાયણનો સર્વજીવહિતાવહ સંદેશ પહોંચાડવાનો લક્ષ્યાંક સેવ્યો છે. આજે દોઢ વર્ષનાગાળામાં આ મંગળ પ્રવૃત્તિને સારી સફળતા મળી રહી છે. હજુ દ્વિશતાબ્દિ મહોત્સવને ત્રણેક વર્ષની વાર છે. ત્યાં સુધીમાંતો ૨૦૦ ગામડાના આ લક્ષ્યાંકને વળોટી જવાની ધારણા છે.

સં. ૨૦૦૧ની સાલના જુનાગઢના મહોત્સવમાં અ. નિ. રતિલાલભાઈ જાદવજીભાઇ ધીવાળાની સેવાની સાભાર નોંધ લઇએ છીએ.

ભકતરાજ બાપાલાલભાઈ

જૂનાગઢ મંદિરમાં કોઠારી તરીકે પાંચેક વર્ષ સેવા કરનાર આદર્શ ભકતરાજ અ. નિ. મુકતરાજ બાપાલાલભાઇને મહોત્સવ પ્રસંગે યાદ કરી તેમના ભજન પરાયણ જીવનમાંથી પ્રેરણા મેળવીએ.

વર્તનમાં પરિવર્તન

** —મહેન્દ્ર નંદલાલ શેલત

જૂનાગઢમાં વ્યાપેલી દારૂ જુગારની બદીની સામે એક સંગઠિત આંદોલન શરૂ થયું છે. તેવા સમાચાર તા. છઠ્ઠીના છાપામાં વાંચતાં લાગે કે સરકારનાં પગલાં હજી અસરકારક નીવડતાં નથી....સાથે સાથે સદ્‌. ગુણાતીતાનંદ સ્વામીનો એક પ્રસંગ યાદ આવી જાય છે.

સાંજના સમયે ભાદર નદીનાં નિર્મળનીર ખળખળ કરતાં વહી જતાં હતાં. મંદશીતળ પવનની લહરી સાથે આવતો, જૂનાગઢથી પગપાળા નીકળેલા સંતોના, ભજનના સાદ કર્ણ-પ્રિય લાગતા હતા. સંતો નદીમાં સ્નાન કરી પૂજા કરવા બેસી ગયા. આ બાજુ આવું પવિત્ર વાતાવરણ સર્જાયું હતું તો બીજી બાજુ લીલાપર ગામના દરબાર મુંજાસુરુ શિકાર બેલી મરેલાં પ્રાણીઓ સાથે પાછા ફરી રહ્યા હતા. તેમને માંસાહાર વગર બીજું ભાવતું નહિ. તે દારૂમાં ચકચૂર રહેતા અફીણ વગર ચાલતું નહિ. આવા વ્યસનોમાં બંધાણીને, પવિત્ર વાતાવરણમાં આવતાં ને ધ્યાનમાં બેઠેલા સંતોના દર્શનથી પ્રકાશનું કિરણ ફૂટ્યું. મરેલાં પ્રાણીઓને એક બાજુ મૂકી હાથ ધોઈને સંતોની સામે જઇ બેઠા. સ. ગુણાતીતાનંદ સ્વામી ધ્યાનમાંથી જાગ્યા. દરબારને જોતાં જ તેમના વ્યસની પાપી જીવનનો સ્વામીને ખ્યાલ આવી ગયો ને ધીમે ધીમે, બળવાન માનવી પણ વ્યસનોનો કેવો ગુલામ થઇ જાય છે. તે સમજાવી, પાપના ફળની–નરક ચોરાશી વગેરેની જોરદાર એવી વાતો કરી કે મુંજાસુરુના હૃદયમાં ઊંડે ઊંડે તે સ્પર્શી ગઈ. પોતે વ્યસનોમાં બંધાઈ પાપ ને પાયમાલીના પંથે ધકેલાઇ રહ્યો છે તે ખ્યાલ આવ્યો અને કોઇનીય વાત નહિ માનનાર એ વ્યસની દરબારે ભાદરનું જળ લઇ વ્યસન માત્ર ત્યાગી, સત્સંગના પંચ વર્તમાનના નિયમ લઈ પવિત્રપણે નવજીવન શરૂ કર્યું. આવા અનેક જીવોનાં હૃદય પરિવર્તન કરાવી તેમને મોટા સંતો પ્રભુ સન્મુખ કરતા.

કાયદો પ્રવચનો કે મોટા કાર્યક્રમો જે પરિણામ ન લાવી શકે તે વર્તનશીલ સંતના વચને શક્ય બને અને તેદિ તો દારૂ જુગાર આદિ સામાજિક બદી સામે પ્રતિબંધ ન હતો તેવા આજથી દોઢસો વર્ષ પૂર્વના સમાજમાં પણ સહજાનંદ સ્વામી અને તેમના સંતોએ જે અજબ પરિવર્તન આણ્યું છે, તેની ઈતિહાસ સાક્ષી પૂરે છે.

શ્રીજી અને જૂનાગઢ દેશના મોટા સંતોના પગલે પગલે રાજકોટ ગુરૂકુલના પ. પૂ. શાસ્ત્રીજી મહારાજ અને તેમની આજ્ઞાથી તેમનું સંત મંડળ, વિદ્યાર્થીઓમાં સત્સંગ સંસ્કાર સીંચન ઉપરાંત સોરઠ પ્રદેશના ગામડે ગામડે ફરી, ગીરના ઝાડી પ્રદેશમાં ઘૂમી, કૂકડા, મરઘા ઉછેરી હત્યા થતી તે સમજણથી અટકાવી; દારૂ તમાકુ અફીણ જુગાર આદિ વ્યસનોની **ગંદી ગર્તામાંથી ઉગારી સત્સંગના ગંગોદકથી પવિત્ર કરી સંસ્કારની સુવાસથી સોહાવી કલ્યાણના પંથે વાળી રહ્યા છે, મંદિરના પગથિયાં** ચઢતા કર્યા છે એ હકીકત જૂનાગઢ મંદિરના **સાર્ધશતાબ્દિ પ્રસંગે** સત્સંગ સમાજે ગૌરવ લેવા જેવી છે.